www.zalawadi.com

RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 3, Year : 65, June, 2018, Pages : 64, Price Rs. 7.00



www.zalawadi.com



આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

Digitalised By ITDESK SOLUTIONS LLP

# સમૃદ્ધ સમાજના નિર્માણ કાજે શૈક્ષણિક ઉત્કર્ષ યોજના



**Education is the most powerful weapon to change the society**

સંપન્ન સમાજની રચના માટે શિક્ષણ સહુથી અસરકારક અને મહત્ત્વનું પરિબળ છે એ સત્ય સહુને સમજાઈ ગયું છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટીઓ, હોદ્દેદારો, કમિટીના સભ્યો સાથે પ્રોજેક્ટ કન્વીનર તરીકે હિમાંશુભાઈ વોરા કાર્યરત થયા અને ઊંચી ઉડાન માટે આપણે પાંખો પ્રસારી... સમૃદ્ધ સમાજના સ્વપ્નને મૂર્તિમંત કરવા માટે ત્રણ મહત્ત્વની યોજનાઓ આકાર પામી –

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા અંતર્ગત...**

**(૧) International Education Fund (૨) Post Graduation Fund (૩) Post Graduation Fund for Girls**

આ યોજના અન્વયે દાતાએ ૧.૫૦ કરોડનું અનુદાન આપવાનું રહેશે. આ અનુદાન પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૩૦ લાખ આપીને) પરિપૂર્ણ કરવાનું રહેશે.

**(૪) Star Donor :** આ યોજના અંતર્ગત ૫૦ લાખ રૂા.નું અનુદાન આપનાર દાતા – Star Donor – બનશે. ૫૦ લાખ રૂા.નું આ અનુદાન દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૧૦ લાખ આપીને) પૂર્ણ કરવાનું રહેશે.

**(૫) Platinum Donor :** આ યોજના અનુસાર ૨૫ લાખ રૂા.નું અનુદાન આપનાર દાતા – Platinum Donor – બનશે. ૨૫ લાખ રૂા.ની રકમ દાતાએ પાંચ વર્ષના સમયગાળામાં (પ્રતિવર્ષ રૂા. ૫ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૬) Diamond Donor :** આ યોજના મુજબ ૧૧ લાખ રૂા.નું અનુદાન આપનાર દાતા – Diamond Donor – બનશે. દાતાએ ૧૧ લાખની રકમ દાતાએ પાંચ વર્ષમાં (પ્રતિવર્ષ રૂા. ૨.૨૦ લાખ આપીને) પૂર્ણ કરવાની રહેશે.

**(૭) Golden Donor :** પ્રસ્તુત યોજનામાં પાંચ લાખ આપનાર દાતા – Golden Donor – બની શકશે. પાંચ લાખની રકમ ત્રણ વર્ષમાં પૂર્ણ કરવાની રહેશે.

**(૮) Silver Donor :** આ યોજના અનુસાર ત્રણ લાખ રૂા. આપનાર દાતા ઝાલાવાડી સભાના – Silver Donor – બની શકશે. દાતાએ ત્રણ લાખ રૂા.ની રકમ ત્રણ વર્ષમાં (પ્રતિ વર્ષ એક લાખ રૂા.) પૂર્ણ કરવાની રહેશે.

મને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે મિટિંગમાં આ યોજનાની જાહેરાત થતાં જ International Education Fund માટે ટ્રસ્ટી શ્રી પ્રવીણભાઈએ ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવારના ૧.૫૦ કરોડ, Post Graduation Fund માટે ટ્રસ્ટી શ્રી મહેશભાઈ પોપટલાલ વોરાએ ૧.૫૦ કરોડ તથા Post Graduation Fund for Girls માટે શ્રી મહેન્દ્રભાઈ તુરખિયાએ રૂા. ૧.૫૦ કરોડ જાહેર કર્યા. સહુએ આ ઉજળા પ્રતિસાદને તાળીઓથી વધાવી લીધો.

**Star Donor – ૫૦ લાખના દાતાઓમાં સર્વશ્રી ગુણવંતભાઈ દીપચંદ શાહ, ટ્રસ્ટી શ્રી આશકરણભાઈ શાંતિલાલ શાહ, ટ્રસ્ટી શ્રી પરાગભાઈ કે. શાહ તથા ટ્રસ્ટી શ્રી મનિષભાઈ રમેશચંદ્ર શાહે** ઉમળકાભેર પોતાનું અનુદાન જાહેર કર્યું.

**Platinum Donor – તરીકે ૨૫ લાખના દાતાઓમાં પળવારમાં શ્રી પંકજભાઈએ શ્રી વસંતભાઈ નાનાલાલ સંઘવી અને શ્રી જશવંતલાલ નાનાલાલ સંઘવીનું તથા મનિષાબેન મિનેષભાઈ શાહે અને કિરીટભાઈ વૃજલાલ શેઠે** પોતાનું અનુદાન જાહેર કર્યું.

સમાજના સંતાનોના ઉજળા ભાવિની જેમના હૈયે ખેવના છે તે સહુને આ યોજનામાં સહભાગી બનવાનું ઈજન છે.

આ યોજનાનું વિસ્તરણ પણ એટલે જ એવી રીતે કર્યું છે કે સહુ સભ્યો આ સમૃદ્ધ સમાજના નિર્માણમાં જોડાઈ શકે. આપના સંતાનોના સ્વપ્નાઓ પૂર્ણ થઈ શકે. એક ગૌરવાન્વિત સમૃદ્ધ સમાજની સંરચના થાય.

૧૧૫ વર્ષ જૂની આપણી માતબર સંસ્થા સમૃદ્ધિની રાહે આગેકૂચ કરી રહી છે. પાંચ અને ત્રણ વર્ષમાં વહેંચાયેલા અનુદાનને સમાજ પ્રત્યેની જવાબદારી તરીકે સ્વીકારીને આપ આ યોજનામાં જોડાઓ તેવી હૃદયપૂર્વકની પ્રાર્થના.

**–સંધ્યા શાહ**
**તંત્રી**





www.zalawadi.com

Digitalised By ITDESK SOLUTIONS LLP

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં
# શ્રીમતી કોકિલાબેન ગુણવંતરાય શાહ
# ૫૦ લાખ રૂ.નું અનુદાન



શ્રીમતી કોકિલાબેન ગુણવંતરાય શાહ

શિક્ષિત સમાજ, સમૃદ્ધ સમાજની ધરોહર બની શકે એ વિચારાધારાએ ઘડાયેલી ઝા. સભાની આ યોજનામાં ઝાલાવાડી સભાના પ્રમુખ ટ્રસ્ટી શ્રી ગુણવંતરાય દીપચંદ શાહે દિવંગત પત્નીની સ્મૃતિમાં ૫૦ લાખ રૂા.નું અનુદાન જાહેર કર્યું છે.

કેસન્ટ કેમિકલ્સ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રણેતા, કેમિકલ્સના વ્યવસાયના મહારથી, ઉદ્યોગપતિ શ્રી ગુણવંતભાઈ અત્યંત પ્રતિભાશાળી, સૌમ્ય અને મિતભાષી પ્રમુખ છે. ઝાલાવાડી સભાના તમામ પ્રકલ્પોમાં લોનાવલા ગોલ્ડન વીંગ માટે ૧ લાખ અગિયાર હજાર રૂા., સિલ્વર વીંગ માટે ૧૧ લાખ રૂા., ડાયમંડ વીંગ માટે ૨.૫ લાખ રૂા., પંચગીની સેનેટોરિયમના સહયોગી દાતા તરીકે ૧૫ લાખ રૂા. માથેરાન સેનેટોરિયમ માટે ૨૦ લાખ રૂા. તથા નાલાસોપારા નવિનીકરણ માટે ૧૧ લાખ રૂા.નું અનુદાન આપ્યું છે.

શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તેમનું ૫૦ લાખ રૂા.નું અનુદાન વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે ચોક્કસ ઉપયોગી થશે.



Digitalised By ITDESK SOLUTIONS LLP

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં
## શ્રીમતી દિપીકાબેન મનીષભાઈ શાહ તરફથી
# ૫૦ લાખ રૂા.નું અનુદાન



## દિપીકાબેન મનીષભાઈ શાહ

બાળકોના ઉચ્ચ શિક્ષણનાં સ્વપ્નોને સાકાર કરવા માટે ઝાલાવાડી સભાએ શૈક્ષણિક ઉત્કર્ષ યોજના અમલમાં મૂકી છે. દિપીકાબેન મનીષભાઈ શાહે ૫૦ લાખ રૂા. નું અનુદાન જાહેર કરી આ યોજનાને સહયોગ આપ્યો છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટી, વ્યવસાયે બીલ્ડર, શ્રી મનીષભાઈ શાહ તથા તેમના જીવનસંગિની દિપીકાબેને લોનાવલા સેનેટોરિયમની ગોલ્ડન વીંગમાં ૧૧ લાખ, ડાયમંડ વીંગમાં ૨.૫ લાખ, પંચગીનીમાં ભારતીબેન રમેશચંદ્ર શાહ સ્વાધ્યાય હોલ માટે ૯,૫૧,૦૦૦/- પંચગીની જીમ્નેશિયમ  માટે સાત લાખ, નાલાસોપારા ઉપાશ્રયમાં પાંચ લાખ અને દેવલાલી સેનેટોરિયમમાં ૩૧ લાખ રૂા.નું અનુદાન જાહેર કરી સભા પ્રત્યેનો પ્રેમ દર્શાવ્યો છે. શિક્ષણના ફંડ માટેની વધતી જરૂરિયાતને પૂરી કરવા માટે તેમણે આપેલો સહકાર યુવાનોની ઊજળી કારકિર્દી ઘડશે...



Digitalised By ITDESK SOLUTIONS LLP

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં
# શ્રીમતી માનસીબેન પરાગભાઈ શાહ તરફથી
# ૫૦ લાખ રૂા.નું અનુદાન



## શ્રીમતી માનસીબેન પરાગભાઈ શાહ

સમાજના તેજસ્વી સંતાનોની પ્રગતિ આર્થિક કારણોસર અટકી ન જાય તે માટે ઝાલાવાડી સભાએ અમલમાં મૂકેલી શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં શ્રીમતી માનસીબેન પરાગભાઈ શાહ તરફથી ૫૦ લાખ રૂા.નું અનુદાન જાહેર કરવામાં આવ્યું છે.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટી, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન-ઘાટકોપરના નગરસેવક, અનેક ધર્મકાર્યોમાં અગ્રેસર, મહાસંઘના પ્રમુખશ્રી પરાગભાઈ શાહ તથા તેમના જીવનસંગિની માનસીબેન પૂજ્યશ્રી આરાધ્યાજીની પૂણ્ય સ્મૃતિમાં આપેલા આ અનુદાન થકી ઝા. સભાના સંતાનો માટે તેઓ સહાયક બન્યા છે.

ઝાલાવાડી સભાના દેવલાલી સેનેટોરિયમમાં આરાધ્યાજી માર્ગ માટે રૂા. ૨૧ લાખ અને અન્ય ૯ લાખ દેવલાલી તથા પંચગીની સેનેટોરિયમ માટે– કુલ ૩૦ લાખ રૂા.નું દાન તેઓની પાસેથી મળ્યું છે.



Digitalised By ITDESK SOLUTIONS LLP

# કુમારી તૃપ્તિ તથા કુમારી પ્રીતિ સ્વધર્મી સહાય ફંડ માટે માતુશ્રી મંગળાબેન જશવંતલાલ શાહ પરિવારનું

# ૫૦ લાખ રૂ.નું અનુદાન



માતુશ્રી મંગળાબેન જશવંતલાલ શાહ



શ્રી જશવંતલાલ શાંતિલાલ શાહ

'બસ એટલી સમજ પરવરદિગાર દે
સુખ જ્યારે જ્યાં મળે ત્યાં બધાના વિચાર દે.'

અપાર જાહોજલાલી વચ્ચે પણ જૈન ધર્મના શ્રાવકાચારનું પળેપળ પાલન કરતા આ પરિવારે સાધર્મિકો પ્રત્યેની અપાર કરુણા દર્શાવતા ૫૦ લાખ રૂા.નું અનુદાન જાહેર કર્યું છે.

સભાનો કોઈ સભ્ય દુ:ખી ન હોય, કોઈ સાધર્મિકની આંખમાં આંસુ ન હોય, કોઈ બાંધવ ક્યારેય લાચારી ન અનુભવે તેવું આજીવન ઝંખતા શ્રી જશવંતલાલ શાહ (બાયોકેમ ઈન્ડસ્ટ્રીઝ) પરિવારે જ્ઞાનગચ્છના સંપ્રદાયમાં દીક્ષિત થયેલી બન્ને દીકરીઓ કુમારી તૃપ્તિ તથા કુમારી પ્રીતિના નામથી વર્ષો પહેલાં આ યોજના શરૂ કરી હતી.

માતાપિતાના પંથે એટલા જ ધર્માનુરાગી સંતાનો તથા પુત્રવધૂઓ મયંકભાઈ તથા શ્રુતિબહેન અને શ્રેયાંસભાઈ તથા રુચિરાબેને આ કાર્યને સુપેરે આગળ ધપાવવા આટલી માતબર રકમનું અનુદાન જાહેર કર્યું છે.

ઝાલાવાડની વેબસાઈટ માટે અગિયાર લાખ રૂપિયાનું અનુદાન તેમની પાસેથી મળ્યું છે.



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com







શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા (મુંબઈ)

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન–૨૦૧૮

વર્ષ : ૬૫ : : અંક : ૪

: તંત્રી :

સંધ્યાબેન બિપિનભાઈ શાહ

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

: મુદ્રક અને પ્રકાશક :

પ્રવીણચંદ્ર જી. શાહ

: પ્રકાશન સ્થાન :

૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન), પહેલે માળે,
ચીરાબજાર, મુંબઈ–૪૦૦ ૦૦૨.
ટેલિફોન :૨૨૦૧૨૮૭૦, ૨૨૦૦૦૦૯૭
Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૪૦૦૩૨૪૯૬

: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણ વર્ષના રૂપિયા ૪૦૦/–
છૂટક નકલ રૂા. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા**
**ઑફિસના કામકાજનો સમય**
**બપોરના ૧૨–૦૦ થી સાંજના ૫–૦૦**

*શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી સંમત છે તેમ માની લેવું નહિ.*






# વરસાદ ભીંજવે

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે
ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઊગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે
નહીં, છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે
દરિયા ઊભા ફાટ્યા રે વરસાદ ભીંજવે
ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે
ધૂળ લકવતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે
પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે
નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે
બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોધમ્મર નાગ જીવને અનરાધારે કરડે રે વરસાદ ભીંજવે
અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે
થરથર ભીંજે આંખકાન, વરસાદ ભીંજવે
કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે.

**–રમેશ પારેખ**



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



# આપણો શબ્દવૈભવ

**ચહેરો :**
મુખ, વદન, શકલ, મુખારવિંદ, દીદાર, સૂરત, ચાંડુ, સ્વરૂપ, આનંદ, વકત્ર, સિકલ, આનન, મોઢું, તુંડ.

**મસ્તક :**
મસ્તિક, મસ્તિષ્ક, માથું, શિર, શીર્ષ, સિર, મગજ, ભેજું, દિમાગ, દિમાક.

**કપાળ :**
લલાટ, ભાલ, નિલવટ, લિલવટ.

**વાળ :**
બાલ, કેશ, રોમ, નિમાળો, તનુરુહ, નાકઃનાસિકા, ઘ્રાણિન્દ્રિય, નાસા, નાખોરું.

**જીભ :**
જિહ્વા, રસના, રસવતી, જીભલડી, જીભડી, લૂલી, લોલા, બોબડી, બોલતી, વાચા, વાણી.

**નસીબદાર :**
નસીબવંત, ભાગ્યવાન, ભાગ્યશાળી, નસીબવાન, સુભાગી, ખુશનસીબ.

**હોંશિયાર :**
ચાલાક, ચતુરાઈ, પટુતા, કાબેલિયત, કુશળતા, નિપુણતા, બાહોશ, ચપળતા.

**બુદ્ધિમાન :**
ધીસ, ધીમંત, ધીમાન, પ્રાજ્ઞ, દક્ષ, ચતુર, મતિમાન.

**ગુસ્સો :**
ક્રોધ, ચીડ, ખોપ, રોષ, ખીજ, ખિજવાટ.

**નસીબ :**
ભાગ્ય, દૈવ, દૈવ્ય, પ્રારબ્ધ, તકદીર, નિયતિ, નિર્માણ, કરમ.

**શક્તિ :**
તાકાત, સામર્થ્ય, જોર, જોમ, મગદૂર, હિંમત, દેન, કૌવત, બળ.

**બળવાન :**
તાકાતવાન, શક્તિમાન, સબળ, સમર્થ, બળકટ, જોરાવર, ધરખમ, ભડ.

**બહાદુર :**
જવાંમર્દ, શૂરવીર, હિંમતવાન, ભડવીર, સાહસિક.

**સુંદર :**
મજેદાર, મનોરમ, મોહક, રૂપાળું, રૂપવાન, રમ્ય, સુરમ્ય, સુહાગી, કાન્ત, ખૂબસૂરત, જમાલ, પેશલ, મનોહર, હસીન, લલિત, સુભગ, ચારુ.

**આનંદ :**
હર્ષ, ખુશી, વિનોદ, હરખ, મજા, મઝા, લહેર, પ્રમદ, પ્રમોદ, ખુશાલી, મોજ.

**ઉદ્વેગ :**
ચિંતા, વિષાદ, દુઃખ, અજંપો, ઉચાટ, મૂંઝવણ, ખેદ, ક્ષોભ.

**નિર્બલ :**
દુર્બલ, કમજોર, નબળું, પાંગળું, નમાલું, લાચાર, પોપલું, કાયર.

**પરમાત્મા :**
પરમેશ, હરિ, અંતર્યામી, ખુદા, બ્રહ્મ, કર્તાહર્તા, ખુદાતાલા, પરેશ, જગદાત્મા, કિરતાર, માલેક, ઈશ્વર, પરવરદિગાર, સર્જનહાર.

**ભગવાન :**
ઈશ, જગદીશ, જગનિયંતા, દેવેશ, દરિદ્રનારાયણ, દીનાનાથ, કર્તાર, જગદેશ્વર, અચ્યુતાનંદ, આનંદઘન, નિયંતા, અલ્લા, ખુદાતઆલા, માલિક, ખાવિંદ, ઈશુ, અરિહંત, અશરણચરણ, સવિતા.

**અખબાર :**
છાપું, વર્તમાનપત્ર, વૃત્તપત્ર, સમાચારપત્ર, સમાચારપત્રિકા, ન્યૂઝપેપર, વાવડ, સંદેશો.

**નક્ષત્ર :**
તારા, તારક, તારકા, તારલિયા, તારલો, સતારો, સિતારો, ઉડું, ગ્રહ,ઋક્ષ.

**નદી :**
આપગા, સરિતા, તટિની, તરંગિણી, નિર્ઝરિણી, વાહિની, શૈવલિની, લોકમાતા, દ્વીપવતી, સલિતા, નિમ્નગા, આનગા, શૈવાલિની, સ્રોતસ્વિની.

**કોકિલ :**
કોકિલા, કોયલ, પરભૃતા, પરભૃતિકા, કાદંબરી, અન્યભૃતા.

**પવન :**
હવા, વાયુ, વા, વાયરો, સમીર, સમીરણ, અનિલ, પવમાન.

**ચંદ્ર :**
શશાંક, સુધારક, મયંક, શશિ, ચાંદો, હિમાંશુ, સોમ, રજનીશ, ચંદિર, અત્રીજ, સિતાંશુ, રાકેશ, કલાધર, મૃગાંક, જૈવાતૃક, ઈન્દુ.

**નોકર :**
દાસ, ચાકર, અનુચર, ચેટક, સેવક, ચપરાસી, પટાવાળો, પાસવાન, હજુરિયો, અભિચર, ગુલામ, પરિજન, પરિચારિક, ફીદવી, ખાદિમ, કિંકર.

**ગીચ :**
ભરચક, અજાજુડ, અડાબીડ, ઘનઘોર, ગાઢ, જમાવ, ભરાવો, ગિર્દી, જમાવડો.

**અભિમાન :**
ગર્વિષ્ઠ, ઘમંડ, મગરૂર, તુમાખી, અહંકાર, ગુમાન, ગર્વ, મદ.

**ખેસ :**
પામરિયું, ઉપરણું, પછેડી, ઉત્તરીય, અંગવસ્ત્ર, દુપટ્ટો, ચલોઠો.

**સવાર :**
પ્રભાત, પરોઢ, પ્હોર, મળસકું, પ્રાગટ, ઉષા, ઉષઃકાળ, અરુણોદય, ભળભાખરું, પ્રાતઃકાળ.

**હોડી :**
નાવ, વહાણ, હોડકું, નૌકા, મછવો, વારણ, બેડલી, પનાઈ, નૈયા, તરાપો, કિશ્તી, નાવડું, તરણી.

**અફવા :**
ગપ, કિંવદંતી, લોકવાયકા, ગતકડું, જુઠાણું, તૂત, તડાકો, ગપગોળા, કાતળ.

**પંક્તિ :**
કતાર, હાર, હરોળ, લાઈન, લીટી, પંગત, ઓળ, ધારા, લકીર, લેખા, અલગાર, શ્રેણી, લંગાર.

**સ્ત્રી :**
મહિલા, વનિતા, અબળા, નારી, વામા, લલના, અંગના, ભામા, ઓરત, ભામિની, રમણી, માનિની, કામિની, પ્રમદા.

**કામદેવ :**
મદન, મંથન, કંદર્પ, અનંગ, રતિપીત, મનોજ, કંજન, મનસિજ, મયણ, પુષ્પધન્વા, મકરધ્વજ.

**દાનવ :**
રાક્ષસ, દૈત્ય, અસુર, શયતાન, નિશાચર, ગીર્વાણ, સુર, દેવ, ત્રિદશ, દશાનન, શૈતાન, લંકેશ, નરપિશાચ, રાવણ, જાતુધાન.

**(વધુ હવે પછી)**



Digitalised By ITDESK SOLUTIONS LLP

# નોમિની

□ કેશુભાઈ દેસાઈ



રોહિત ભટ્ટ મીઠી વિમાસણમાં મુકાઈ ગયા.

'કાકા !' એમને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનાનું ફૉર્મ લઈ અધવચ્ચે ઊભા રહેલા જોઈ ગાર્ડે ટોક્યા. 'આમ રસ્તો રોકીને ઊભા ના રહો. તો સારું. તમારે જે કાઉન્ટર પર જવાનું હોય ત્યાં જઈને લાઈનમાં બેસી જાવ.'

પોતે ક્યારેક સુપર ક્લાસ વન ઑફિસર હતા. સમયની બલિહારી છે. 'સાહેબ' સંબોધન સાંભળવા ટેવાયેલા કાન 'કાકા' જેવું સાવ ગામડિયું સંબોધન સાંભળીને દુઃખી થયા. પણ ઉંમરલાયક માણસ માટે દેશી લોકોમાં એ જ શબ્દ ચલણી બની ગયો હોય ત્યાં બિચારા ગાર્ડનો શો વાંક ? વધુ ભણેલાઓ 'અંકલ' કહીને બોલાવતા હોય છે, સિવાય કે સામા માણસના પદ-પ્રભાવથી સુપરિચિત હોય. એવા સંજોગોમાં એ જરૂર 'સર' જેવું માનવાચક સંબોધન વાપરશે. રોહિત ભટ્ટને 'સર' સંબોધન સાંભળવું ગમે છે. એ શબ્દ કાને પડતાંની સાથે એમના ચીમળાઈ ગયેલા અસ્તિત્વમાં મીઠો સળવળાટ જાગી ઊઠે છે ; અસ્મિતાનો અહેસાસ થાય છે. પણ હવે બહુ ઓછા લોકો આવો વિવેક દર્શાવતા હોય છે. જાણે 'સર' કહેવામાં કશું કીમતી ઘરેણું ન આપી દેતા હોય એમ ગુજરાતીઓ એ સંબોધન વાપરવામાં જબરી કંજૂસાઈ કરે છે. કેટલાક તો જાણી જોઈને 'અંકલ' કહેતા હોય છે : તમને એ બધા 'આઉટ ડેટેડ' આઈટમ ગણે છે, એનો અહેસાસ કરાવવાસ્તો !

રોહિત ભટ્ટ ખમચાયા. ફૉર્મમાં કોઈ વિશેષ વિગતો નહોતી ભરવાની. ફક્ત બૅન્કનો ઍકાઉન્ટ નંબર લખી, સહી જ કરી દેવાની હતી. બૅન્કમાં એમનું બચતખાતું છેલ્લાં ત્રીસ વરસથી ચાલે છે. હવે તો સિનિયર સિટીઝન કૅટેગરીમાં આવી ગયા હોઈ અડધો ટકો વ્યાજ પણ વધારે મળે છે. વરસેદહાડે આ બ્રાંચમાં જ મૂકેલી ફિક્સ ડિપોઝિટ રિન્યૂ કરાવવા આવવું પડે છે. ઈન્કમ ટૅક્સ નહીં ભરતા હોવા છતાં રિટર્ન જરૂર ભરતા રહે છે. એનું એક જ કારણ છેઃ પરદેશના વિઝા મેળવવા માટે ઈન્કમ ટૅક્સ રિટર્નની કૉપી બતાવવી ફરજિયાત છે. બાકી રહેલા દિવસોમાં એ 'દુનિયા કી સૈર' કરી લેવા માગે છે. બૅન્કમાં રૂપિયાના ઢગ ખડકીને આખરે એક દિવસ તો મરી જ જશું—એ કરતાં જીવતે જગતિયું કરવું શું ખોટું ! ભટ્ટ સાહેબમાંથી 'કાકા' થઈ ગયા છીએ બલકે ધોળા વાળ જોઈને જુવાનિયાં તો 'દાદા' કહેવા લાગ્યાં છે.

રોહિત ભટ્ટ સાંજે 'પુનિતવન'માં લટાર મારવા જાય છે ત્યારે બાંકડે બાંકડે ગોઠવાઈ ગયેલાં યુગલો જોઈ ભારે થડકો અનુભવે છે. એમની પ્રણયચેષ્ટાઓ જોઈને ભટજીને પોતાનો ભૂતકાળ યાદ આવી જાય છે. 'સુરભિ સાથે પોતે પણ ક્યારેક આમ જ...' – એમની નજર સામે એ રંગીન સ્મૃતિઓ સળવળી ઊઠી. આંખમાં આંસુનાં પડળ બાઝ્યાં. જમાના સાથે વેર બાંધીને એમણે સુરભિને ભરપૂર પ્રેમ કર્યો હતો. એટલો પ્રેમ કદાચ વિજાણંદે શેણીને કે રાંઝાએ હીરને પણ નહીં કર્યો હોય. જોકે જરા ગંભીરતાપૂર્વક વિચારતા ત્યારે એમને પોતે પોતાના પ્રેમ વિશે

*એમને ક્યારેક દોડી જઈને સુરભિની માફી માગવાનું મન થઈ આવતું. પરંતુ હિંમત નહોતી ચાલતી. આમ જુઓ તો બેવફાઈ સામા પક્ષે આચરાઈ હતી. પોતે ઉપરી અધિકારીનાં ખોટાં કામમાં સાથ ન આપ્યો એની સજા લેખે કચ્છના અંતરિયાળ પંથકમાં સજા ભોગવી રહ્યા હતા.*



અતિશયોક્તિ કરતા હોવાનું સમજાવા લાગતું. સુરભિ પ્રત્યે એટલો ઊંડો પ્રેમ હતો તો એને છોડી કેમ દીધી ? એની એકાદ ભૂલનેય માફ ન કરી શક્યા હોય તો પોતાને સૃષ્ટિના એ અમર પ્રેમીજનોની પંગતમાં પાટો માંડવાનો શો હક ?

એમને ક્યારેક દોડી જઈને સુરભિની માફી માગવાનું મન થઈ આવતું. પરંતુ હિંમત નહોતી ચાલતી. આમ જુઓ તો બેવફાઈ સામા પક્ષે આચરાઈ હતી. પોતે ઉપરી અધિકારીનાં ખોટાં કામમાં સાથ ન આપ્યો એની સજા લેખે કચ્છના અંતરિયાળ પંથકમાં સજા ભોગવી રહ્યા હતા. આદર્શઘેલો જીવ, વળી બળબળતા વૈશાખ જેવી જુવાનીનું જોર, એટલે કચ્છ શું લેહ-લડાખ કે મિઝોરમમાં કેમ નથી ફેંકતો ! બૉસ છે, એટલે એનો હુકમ તો માનવો જ પડે. પણ લાંચ ઉઘરાવીને હપ્તા પહોંચાડે તે બીજા. રોહિત ભટ્ટ એવાં કૂડાં કર્મ ન કરી શકે. એ સિંહનું બચ્ચું છે. મરી જવું પડે તે બહેતર, પણ ઘાસ નહીં ખાય તે નહીં જ ખાય ! સુરભિએ બૉસ સાથે સુલેહ કરી લેવા વિનવણી કરી પણ રોહિત ભટ્ટે એની કાકલૂદીને કાને નહોતી ધરી. ના છૂટકે એણે 'બે વર્ષની કૃતિકાને લઈને હું કચ્છમાં નહીં આવું'- એવી હઠ લીધી હતી. બેઉ વચ્ચે ખાસ્સી બોલાચાલી થઈ હતી. સુરભિએ કહ્યું હતું : આ નાનકડી છોકરીની તો દયા ખાવ ! તમને તમારા સિદ્ધાંતો પેટની જણી કરતાં પણ વધારે વહાલાં છે ? તમે રોહિત ભટ્ટ છો, ગાંધીજી નહીં – એટલું તો સ્વીકારો !

પણ રોહિત ભટ્ટ મા-દીકરીને રોતાં કકળતાં મૂકી બદલીનાં સ્થળે હાજર થઈ ગયા હતા. મહિને દહાડે એકાદ વાર આવી જતા અને એકાદ રાતવાસો કરી પાછા વળી જતા. જાણે પોતાના

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



ઘરમાં પોતે જ મહેમાન !

રોહિત ભટ્ટને પોતાની લીલીછમ્મ વાડી સગા હાથે વીંખી નાખ્યાનો વસવસો ડંખી રહ્યો. તે રાતે એમણે ફ્લેટનો ડોરબેલ વગાડ્યો ત્યારે બારણું ખોલવા આવેલ પુરુષને જોઈ કેવો ઊંડો આઘાત અનુભવેલો ! ઓચિંતા જ આવી ચડ્યા હતા, એટલે સુરભિ તો નિશ્ચિંત હતી ! પેલા પુરુષ સાથે જીભાજોડીનો પણ અર્થ નહોતો. આમ જુઓ તો સુરભિએ કોઈ મોટો ગુનો પણ નહોતો કરી દીધો. પણ ભટ્ટજીનું જૂનવાણી સંસ્કારોવાળું મન માનવા તૈયાર નહોતું.

'મારા ધરમના ભાઈ છે' – કહી થોથવાતી જીભે બચાવ કરવા મથતી સુરભિ રોહિત ભટ્ટની આંખમાં ઊગેલી શંકાનું સમાધાન નહોતી કરાવી શકી.

બસ, તે પછી એમણે ઘરમાં પગ નથી મૂક્યો.

'ફોર્મમાં શી વિગત ભરવાની છે, મૅડમ ?'

સામે બેઠેલી છોકરી તરફ એ ટગર ટગર તાકી રહ્યા. કોણ જાણે એને જોઈને એમને સુરભિનું ઓસાણ કેમ આવ્યા કરતું હતું ! એવો જ ગૌર વર્ણ, એવું જ નાક, એવી જ આંખો... કદાચ નવી નવી ભરતી થયેલી છે...

'અંકલ, તમારે ફક્ત તમારું નામ અને એકાઉન્ટ નંબર લખવાનાં છે. વડા પ્રધાને દેશના નાગરિકો માટે બે યોજનાઓ શરૂ કરી છે. આ પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં તો ફક્ત બાર જ રૂપિયાનું વાર્ષિક પ્રીમિયમ – મહિને એક રૂપિયો થયો, તે પણ પાછો તમારા ખાતામાંથી ઑટોમેટિક કપાઈ જાય, એટલે એક વાર ફોર્મ ભરીને આપી દીધું, પછી કશી ચિંતા જ નહીં કરવાની.'

રોહિત ભટ્ટને હસવું આવી ગયું : 'વડા પ્રધાન પણ ભારે ચાલાક માણસ છે. દરેક ખાતેદાર પાસેથી મહિને રૂપિયો સેરવી લેવાનો કીમિયો તો એમના જેવા વિચક્ષણ નેતાને જ સૂઝે ! ટીપે ટીપે સરોવર ભરાય – એ કહેવત મુજબ વરસે દિવસે અબજો રૂપિયાનું ભંડોળ ભેગું થઈ જાય. ચાણક્ય નીતિમાં કહ્યું છે એમ મધમાખી ફૂલને નુકસાન પહોંચાડ્યા વગર જ મધ ભેગું કરી લે છે એમ રાજાએ પ્રજાને એનો અણસાર સરખો

**મનમાં જડી રાખજો...**

(૧) પોતાને માટે નહીં તો
એ લોકોને માટે 'સફળ થાય'
જે લોકો તમને નિષ્ફળ જોવા માગે છે...!!
(૨) હંમેશાં યાદ રાખજો...
ભૂતકાળમાં આંટો મરાય રહેવાય નહીં...
(૩) કેટલાક લોકો કમાલ હોય છે,
આંખોમાં ચમક અને ચહેરા ખુશખુશાલ હોય છે.
એવા લોકોને જરા ધ્યાનથી જોજો,
એમના ખિસ્સામાં જ ભીના રૂમાલ હોય છે.

ન આવે એ રીતે કર વસૂલવો જોઈએ.'

કાઉન્ટર પર બેઠેલી છોકરીએ મોઢું મચકોડીને કહ્યું : 'અંકલ બહુ વાંચતા લાગે છે !' – પાસેના ટેબલવાળી છોકરીએ કટાક્ષ કર્યો : 'અંકલ તમે ટ્યૂશન ક્લાસ ખોલો ચાલે, હોં કે ! ઘડપણમાં ઍડિશનલ ઈન્કમ થાય એ નફામાં...'

## અભિનંદન



**ડૉ. શ્યામ શાહ**

M. D. Medicine (Physician)

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશનની ફાઈનલ પરીક્ષામાં સુરેન્દ્રનગરની સી. યુ. શાહ મેડિકલ કૉલેજના ડૉ. શ્યામ નિષેધકુમાર શાહે ડિસ્ટીંક્શન માર્ક્સ સાથે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

વિકટ પરિસ્થિતિમાં પણ સખત મહેનત કરીને ખૂબ જ ખંતપૂર્વક અભ્યાસ કરીને ગોલ્ડ મેડાલીસ્ટ એમ. ડી. બનવા માટે ડૉ. શ્યામ શાહને ખૂબ ખૂબ અભિનંદન

–બેઉ યુવતીઓને પોતાની ઢળતી વયની મજાક કરતી નિહાળી રોહિત ભટ્ટ મીઠો રોમાંચ અનુભવી રહ્યા. બોલ્યા : મારે તમને કૉફી પીવડાવવી છે–અહીં કૅન્ટીન ખરી કે ?

'અરે અંકલ, યુ આર અવર ઑનરેબલ કસ્ટમર ! કૉફી અમે પીવડાવીશું તમને ! એમના પ્રતિભાવની રાહ જોયા વગર જ પેલી રૂપાળી છોકરીએ પ્યૂનને હાક મારી : 'કરસનજી, જરા અંકલ માટે સરસ મજાની કૉફી લઈ આવો.'

'તમને મૂકીને હું એકલો એકલો કૉફી પીઉં તો કેવો લાગું ?' એમણે પ્યૂનને સો રૂપિયાની નોટ આપીને કહ્યું : 'કરસનજીભાઈ, દોસ્ત, તમે ચાર કપ કૉફી લઈ આવો. તમે પણ અમારી સાથે જ પીઓ – ભલા માણસ, અહીંથી નીચે ઊતરીને રોડ પર કોઈ વાહનની હડફેટે ચડી જાઉં તો નરેન્દ્રભાઈ સીધા જ બે લાખનો ચેક આપવાના છે ! બાર રૂપિયામાં બે લાખ ! બોલો, આવી કલ્યાણ યોજના બીજા કોઈ નેતાને સૂઝી'તી અત્યાર લગી ?'

બેઉ છોકરીઓ એમની દલીલ પર આફરીન થઈ ગઈ.

'અંકલ બહુ જ ઉદાર છે હોં !' પાસેના ટેબલવાળી છોકરીને ટીખળ સૂઝ્યું : 'પણ અંકલ, ન કરે નારાયણ ને એવી દુર્ઘટના બની જાય અને આપ આ ફાની દુનિયા–' હજી એ વાક્ય પૂરું કરી રહે એ પહેલાં ફોર્મ ઉપર સહી સિક્કા કરી રહેલી છોકરી બોલી ઊઠી : 'અંકલ, તમે નૉમિનીનું નામ તો લખ્યું જ નથી !'

રોહિત ભટ્ટની આંખો સામે વર્ષો પૂર્વે ત્યજી દીધેલાં મા-દીકરી તરવરી રહ્યાં. એ ગળગળાં થઈ ગયા.

'મે આઈ નો યોર ગુડ નેમ મૅડમ ?' એમણે ઉતાવળે પૂછી લીધું.

'કૃતિકા ભટ્ટ'... એટલા શબ્દો કાને પડતાંની સાથે જ રોહિત ભટ્ટે ધ્રૂજતા હાથે ગડબડિયા અક્ષરોમાં નૉમિનીના ખાનામાં લખી નાખ્યું : કૃતિકા રોહિતકુમાર ભટ્ટ...

'સર !' – પેલી છોકરી તો સ્તબ્ધ થઈને એમની સામે અનિમેષ નજરે જોતી જ રહી.

✷ ✷ ✷



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



# પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# 'આધારસ્તંભ યોજના'

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૧૫ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશાં સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **પાણી પરબ, નોટબુક, સ્વધર્મી સહાય તથા મેડિકલ રાહત યોજના** (પ્રત્યેકના રૂા. ૩૦૦૦/-) એટલે **કુલ ૧૨,૦૦૦/- રૂપિયાના બદલે ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત ચારેય યોજનાનો સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, તૃષાતુરને તૃપ્તિ આપી શકીએ અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો `Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા ઉપર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશુંય સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૬૨૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા. નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક `Zalawadi Sabha Charitable Foundation'ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

## આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦

- શ્રી નવીન નાગરદાસ શાહ– હાલ માટુંગા
- શારદાબેન કાંતિલાલ ડી. દોશી ચેરિટેબલ ટ્રસ્ટ
- બોટાદ નિવાસી હાલ માટુંગા, સ્વ. શાન્તાબેન શાંતિલાલ છોટાલાલ શાહના સ્મરણાર્થે (કાનીયાડવાળા) હસ્તે શ્રીમતી આશાબેન હિરેન્દ્રભાઈ તથા શ્રીમતી જ્યોતિબેન રાજેશભાઈ
- સુરેશભાઈ પ્રેમચંદ શાહ – સાયન
- વઢવાણ શહેર નિવાસી હાલ અંધેરી સ્વ. મૂળજીભાઈ નરોત્તમદાસ વોરાના સ્મરણાર્થે, હસ્તે સ્વ. લલિતાબેન મૂળજીભાઈ વોરાના પરિવાર તરફથી



Digitalised By ITDESK SOLUTIONS LLP

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION



Dipchand Turakhia

## Smt. Champaben Dipchand Dungarshi Turakhia Group Mediclaim & Term Life Insurance Policy Scheme



Champaben Turakhia

## ANNOUNCEMENT

We are pleased to inform all the Members of **Zalawadi Sthanakwasi Jain Sabha/ Zalawad Sthanakwasi Jain Foundation** that **Shri CA Mahendra Turakhia**, Trustee of the Sabha has **DONATED** a sum of **Rs.1,00,00,000/-** (**Rupees One Crore**) only to **Zalawadi Sabha Charitable Foundation** in the memory of his parents towards the **Insurance Policy Corpus Fund**, the income of which is to be utilized for the payment of **Family Floater Medi-Claim Insurance Policy Premium**&**Term Life Insurance Policy Premium.** The Scheme shall be known as "**Smt. Champaben Dipachand Dungarshi Turakhia Group Medi-claim & Term Life Insurance Policy Schemes**".

The benefits of the Schemes shall be available to any **Zalawadi Sthanakwasi Jain Family.** The sum to be insured towards **Family Floater Medi-Claim Insurance Policy** shall vary from a sum of Rs.1,00,000/- to Rs.5,00,000/- and sum to be assured towards **Term Life Insurance Policy** shall vary from a sum of Rs.2,00,000/- to Rs.10,00,000/- depending upon the Income that may be earned and received by the Sabha from the investment of the said **Insurance Policy Corpus Fund** and the **Aggregate Gross Total Annual Income** of **Zalawadi Sthanakwasi Jain Family**. The Beneficiary of the **Family Floater Medi-Claim Insurance Policy** shall also be entitled to the Benefits of **Term Life Insurance Policy**. The Preference shall be given to those **Zalawadi Sthanakwasi Jain Families** who are having the lowest income as compared to other **Zalawadi Sthanakwasi Jain Family/ies**.

The Beneficiary **Zalawadi Sthanakwasi Jain Family** need not be the member of the **Sabha.** However, he / she has to become the member of the **Sabha** on or before the payment of premium.

The Scheme shall become effective from the Next Financial year i.e. 2019-20 commencing from 1 April 2019. The Applications shall be invited every year in January and shall be kept open till 28 February. The selection shall be made on or before 21 March, The premium shall be paid by the Sabha on or before 30 April.

The Application Form and the Eligibility Criteria shall be made available in the month of January every year.

(G. D. SHAH)
President

(P. G. SHAH)
Vice President

(PANKAJ SANGHVI)
Secretary

107, Panchvati, S. V. Road, Opp. Tata power Show Room, Near Anand Ashram, Kandivali West, Mumbai-400067.
Phones: +91 22 2802 0924 / 2805 7651 / Email ID: zalawadisabha@gmail.com

ADVT



www.zalawadi.com

Digitalised By ITDESK SOLUTIONS LLP

**પ્રેરણાત્મક પ્રસંગો રજૂ કરતી નવતર લેખમાળા**



# વિધિનાં વહેણ

**☐ શ્રી ચંદ્રહાસ ત્રિવેદી**

સાગરની સફરે એક જહાજ નીકળ્યું હતું. થોડાક દિવસ તેની યાત્રા સારી રહી. જહાજમાં જઈ રહેલાં સ્ત્રી-પુરુષો આનંદમાં હરતાં ફરતાં હતાં અને ભયનો ક્યાંય અણસાર વર્તાતો ન હતો. ત્યાં અચાનક એક દિવસ સાગર ઉપર વાદળો ઘેરાઈ આવ્યાં, વીજળીના કડાકા થવા લાગ્યા. થોડી વારમાં તો મુશળધાર વરસાદ પડવા લાગ્યો. જહાજના કૅપ્ટનને આવતી આંધીનો અંદાજ આવી ગયો, એટલે તે આંધીથી બચવા જહાજની ગતિ અને દિશા યથા-તથા બદલતો રહ્યો. ત્યાં તો આંધી શમવાને બદલે વધવા લાગી અને જહાજ આંધીની વચ્ચે ફસાઈ ગયું. સાગરમાં ઊંચાંઊંચાં મોજાં ઊછળવા લાગ્યાં અને જહાજ આંધીની વચ્ચે આમથી તેમ ફંગોળાતું રહ્યું. વધતા તોફાનને જોઈને જહાજ ઉપર મુસાફરી કરી રહેલ ઉતારુઓ ભયભીત બની ગયા.

કૅપ્ટનને પણ લાગ્યું કે જો આ રીતે તોફાન લાંબો સમય ચાલુ રહે તો જહાજ માટે ખતરો છે તેથી તે કર્મચારીઓને ઉપરા-ઉપરી સૂચનાઓ આપીને સલામતીની વ્યવસ્થા કરવા લાગ્યો. એટલામાં એક મોટું મોજું આવ્યું અને તેમાં આખું જહાજ ઊછળીને સાગરમાં ફંગોળાયું. ત્યાર પછી તો કૅપ્ટનનો વિશ્વાસ પણ ડગી ગયો. તેણે કટોકટીની પળે જહાજ ઉપરની હોડીઓ નીચે ઉતારવાની સૂચના આપીને સૌ યાત્રિકોને ગમે તે પળે જહાજ છોડવાની તૈયારી રાખવા જણાવ્યું. પરિસ્થિતિની ગંભીરતા જોઈને યાત્રિકો ગભરાઈ ગયા અને કેટલાક તો રડવા લાગ્યા. સૌ સહાય માટે પોતાનાં દેવ-દેવીઓને પ્રાર્થના કરવા લાગ્યા. આમ જહાજ ઉપર એક બાજુ રોકકળ થતી હતી તે સમયે જહાજ ઉપર સફર કરી રહેલો એક સાધુ શાંતિથી તૂતક ઉપર ફરવા નીકળ્યો હતો અને સાગરમાં ઊઠેલા તોફાનને નિરાંતે જોતો હતો.

સંન્યાસીને આમ નિશ્ચિંત થઈને ફરતો જોઈને કૅપ્ટનથી ન રહેવાયું. તેણે સાધુને પૂછ્યું, 'અત્યારે બધાંના જાન જોખમમાં છે ત્યારે તમને કંઈ થતું નથી? તમે તો બગીચામાં ટહેલવા નીકળ્યા હો તેમ મહાલી રહ્યા છો. જો આ તોફાન થોડી વારમાં નહિ શમે તો પરિસ્થિતિ વિકટ બની જશે, તેની તમને કંઈ ચિંતા થતી નથી? જો આ તોફાન ઝાઝું ચાલે તો મને નથી લાગતું કે જહાજ તેની સામે લાંબો સમય ટકી શકે. તમને આટલા સ્વસ્થ અને બેફિકર જોઈને મને નવાઈ લાગે છે.'

પેલા સાધુએ કહ્યું, 'આવાં તો કેટલાય તોફાનો મેં જિંદગીમાં જોઈ નાખ્યાં છે. હવે મને તેની કંઈ નવાઈ નથી લાગતી. આ ભીષણ તાંડવની પણ એક મજા છે. જો તું તટસ્થ રહીને ઝોલે ચઢેલા સાગરને શાંતિથી જુએ તો તને આનંદ આવશે. આવાં દૃશ્યો જિંદગીમાં વારેવારે જોવા મળતા નથી.'

કૅપ્ટનને સાધુની વાત તો ન જચી પણ તેને એ જાણવાની ઇચ્છા થઈ કે આટલા તોફાન અને ભયની વચ્ચે આ માણસ કેવી રીતે આટલો સ્વસ્થ રહી શકતો હશે.

> ***હું મારું કામ કરતો રહું છું અને ભાગ્ય જે આપે તે માણતો રહું છું, વિધિના વહેણને રોકવાની કે બદલવાની માનવીની તાકાત કેટલી? તેમ છતાંય હું તણાતો નથી. જીવનના પ્રવાહમાં હું તરતો રહું છું. વિધિના સંકેતને સમજીને દિશા બદલતો રહું છું. પછી તો વિધિ જ્યાં લઈ જાય તે મારો મુકામ!***

કૅપ્ટને સાધુને કહ્યું, 'મને લાગે છે કે કાં તો તમે સિદ્ધ પુરુષ છો અથવા તો તમને ખતરાનો ખરો અંદાજ નથી.'

સાગરની પાર જોઈ રહ્યા હોય તેમ સાધુ ક્ષિતિજ તરફ જોતાં બોલ્યાં, 'મને ખતરાનો અંદાજ છે અને હું સિદ્ધ પુરુષ પણ નથી. આમ તો જિંદગીએ મને ઘણો ડરાવ્યો છે – બિવડાવ્યો છે પણ હવે મને જિંદગીનું એક રહસ્ય મળી ગયું છે જેને કારણે હું ગમે તેવા તોફાનો વચ્ચે પણ શાંત અને સ્વસ્થ રહી શકું છું.'

સાધુની વાત સાંભળીને કૅપ્ટને તેમને પગે પડતાં કહ્યું, 'હવે આ આંધી વધે તે પહેલાં તમે મને તમારી સ્વસ્થતાનું એ રહસ્ય બતાવી દો. જેથી કટોકટીની પળે પણ હું સ્વસ્થ રહીને જહાજ બચાવી શકું અને લોકોને હિંમત આપી શકું.'

સાધુએ કહ્યું, 'વાત સાવ સરળ છે તું જહાજને બચાવવા માટે પ્રયાસ કરતો રહે પણ જહાજ બચશે કે નહિ તેની ચિંતા છોડી દે. તું તારી મર્યાદા સમજી લે. પરિણામ કોઈ અદૃષ્ટને આધીન છે. તેની સામે તારું કંઈ ચાલે તેમ નથી. જેનું તોફાન છે, જેનો સાગર છે તે સ્વયં બધું સંભાળી લેશે.તેને જે કરવું હોય તે તે કરશે. જેણે જાન આપ્યો છે તે લઈ લે તેમાં તારું કે મારું કંઈ ચાલવાનું નથી. જહાજ બચે તો તેનું અને ન બચે તો પણ તેનું. તું તારા માથેથી કર્તવ્યનો ભાર ઉતારીને બધું અદૃષ્ટ ઉપર છોડી દે. પછી તું સ્વસ્થ બની જઈશ.'

કૅપ્ટને કહ્યું, 'એમ કંઈ મારાથી જવાબ-દારીમાંથી છટકી શકાય? મારે ફરજ તો બજાવવી જ પડે ને?'

સાધુએ કહ્યું, 'એમાં જવાબદારીમાંથી છટકવાની વાત નથી પણ તેનો ભાર રાખ્યા વગર કર્મ કરવાની વાત છે. હું મારું કામ કરતો રહું છું અને ભાગ્ય જે આપે તે માણતો રહું છું, વિધિના વહેણને રોકવાની કે બદલવાની માનવીની તાકાત કેટલી? તેમ છતાંય હું તણાતો નથી. જીવનના પ્રવાહમાં હું તરતો રહું છું. વિધિના સંકેતને સમજીને દિશા બદલતો રહું છું.



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



પછી તો વિધિ જ્યાં લઈ જાય તે મારો મુકામ. લક્ષ્યનો મારો કોઈ આગ્રહ નથી અને ક્યાંય પહોંચવાની મને ઉતાવળ નથી. તેથી તો આ ભીષણ તાંડવ વચ્ચે હું શાંતિથી ફરી શકું છું અને સ્વસ્થ રહી શકું છું. વિધિના વહેણની સાથે વહેવાની પણ એક મજા છે જે હું માણું છું.'

આટલું બોલીને સાધુએ દૂર ક્ષિતિજ તરફ આંગળી ચીંધતાં કૅપ્ટનને કહ્યું, 'જો પવન પડી ગયો છે. વાદળાં ખસી ગયાં છે. સૂર્ય આકાશમાં ઊંચે આવી ગયો છે અને હૂંફાળો તડકો નીકળ્યો છે. બોલ, આ તેં કર્યું કે મેં કર્યું?' અને સાધુ સૂર્ય, સાગર અને આકાશ સાથે તન્મય થઈ ગયા ત્યારે તેમના મુખ પર દિવ્ય આભા વરતાતી હતી.

✷ ✷ ✷

*ખુશી અનહદ આપી,*
*છતાંય એક હદ આપી.*
*જિંદગીમા પૂનમની સાથે,*
*એક વદ આપી...*
*અશ્રુઓના ધોધને,*
*આંખોની સરહદ આપી.*
*પણ ઇશ્વરે લાગણીઓ,*
*હૃદયસ્પર્શી અને બેહદ આપી...!*

✷ ✷ ✷

**જગ્યા ભાડેથી આપવાની છે**

બોરીવલી ઈસ્ટમાં દૌલત નગરમાં દેરાસરની બાજુમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં ૧ રૂમનો ફ્લેટ ભાડેથી આપવાનો છે

**સંપર્ક :**

8454948563
9867179394

**અતુલભાઈ ગોપાણી**

(Advt.)

# ગરીબના દિલની 'અમીરી'



એક પતિ-પત્ની ઘઉં તથા મસાલાની ખરીદી કરવા બજારમાં ગયા.

બધો સામાન ખરીદી લીધા પછી એક લાચાર મજૂરને બોલાવ્યો.

એની આધેડ ઉંમર, ઊંડી ઊતરી ગયેલી આંખો, વધી ગયેલી દાઢી, મેલાં દાટ કપડાં અને દૂરથી ગંધાતો એનો પરસેવો એની સંઘર્ષમય જિંદગીને બેનકાબ કરતા હતા.

આવા મજબૂર મજદૂર પાસેથી મજૂરીની રકઝક કરી પતિ-પત્નીએ એના કરતાં પણ નીચી માનસિકતા પ્રગટ કરી!

કચવાતા મને ચાલીસ રૂપિયાનું કામ ત્રીસ રૂપિયામાં સ્વીકારી, એ આધેડ સામાન અને સરનામું લઈને પરસેવે રેબઝેબ રવાના થયો.

એક ગરીબને મજૂરીમાં દસ રૂપિયા ઓછા કરાવીને રાજી થયેલા પતિ-પત્ની ત્રીસ રૂપિયા એડવાન્સ આપવાની દાતારી કરી બેઠા.

દંપતી ઘરે પહોંચ્યું...અડધી કલાક થઈ, એક કલાક થઈ, દોઢ કલાક થઈ... પછી શ્રીમતીએ ધીરે ધીરે પતિને ધમકાવવાનું શરૂ કર્યું :

'હું તમને કાયમ કહું છું કે અજાણ્યા માણસનો વિશ્વાસ ન કરવો. મેં તમારું હજાર વાર નાક વાઢ્યું છતાં તમારામાં અક્કલનો છાંટો નથી! જે માણસ રોજ ટંકનું લાવીને ટંકનું ખાતો હોય, એને બાર મહિનાનું અનાજ મળી જાય તો મૂકે? નક્કી એ નાલાયક આપણો સામાન લઈને ઘરભેગો થઈ ગયો હશે... ચાલો, અત્યારે જ બજારમાં જઈને તપાસ કરીએ... અને ન મળે તો પોલીસ સ્ટેશન જઈને ફરિયાદ કરીએ!'

***છેલ્લા એક મહિનાથી બીમાર હતા... ભૂખ, બીમારી અને ગરમી એમ ત્રણગણા તાપને સહન ન કરી શક્યા... લૂ લાગવાથી એ રસ્તા પર પડીને મરી ગયા! મરતાં પહેલાં મને કહેતા ગયા કે, મેં આ ફેરાના રૂપિયા લઈ લીધા છે... એટલે તું સામાન પહોંચાડી દેજે... હું તો મરતાં માણસનું વેણ પાળવા આવ્યો છું!!'***

રસ્તામાં પતિ-પત્નીની નજર એક યુવાન મજૂર ઉપર પડી...

તેમણે યુવાન મજૂરને પેલા આધેડ મજૂર વિશે પૂછવા ઊભો રાખ્યો. એની લારીમાં જોયું તો એમનો જ સામાન હતો!

પત્ની ગુસ્સામાં બોલી, 'પેલો ડોસો ક્યાં?'

જવાબમાં યુવાન મજૂર બોલ્યો, 'બહેન એ છેલ્લા એક મહિનાથી બીમાર હતા... ભૂખ, બીમારી અને ગરમી એમ ત્રણગણા તાપને સહન ન કરી શક્યા... લૂ લાગવાથી એ રસ્તા પર પડીને મરી ગયા! મરતાં પહેલાં મને કહેતા ગયા કે, મેં આ ફેરાના રૂપિયા લઈ લીધા છે... એટલે તું સામાન પહોંચાડી દેજે... હું તો મરતાં માણસનું વેણ પાળવા આવ્યો છું!!'

ગરીબના દિલની અમીરી જોઈને પતિની આંખમાં આંસુ હતાં....

પરંતુ, શરમથી ઝૂકી ગયેલી શ્રીમતીની આંખમાં તો પતિની આંખ સામે જોવાની પણ હિંમત નહોતી!!

જરૂરી નથી કે મજબૂર વ્યક્તિ 'ઈમાનદાર' ન હોય...

✷ ✷ ✷

સ્મિત અને સ્મરણને ક્યાં કોઈ ભાષા છે?
એ તો ઉરમાં ઊભરતી ઊર્મિઓની પરિભાષા છે...

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

# 'ગામડાની મજા'

ગામડામાં વસ્તી નાની હોય.
ઘરે-ઘરે જ્ઞાની હોય.
આંગણિયે આવકારો હોય.
મહેમાનોનો મારો હોય..!
ગામમાં ચા પાવાનો ધારો હોય.
વહેવાર એમનો સારો હોય.
રામ-રામનો રણકારો હોય.
જમાડવાનો પડકારો હોય...!
સત્સંગ મંડળી જામી હોય...
બેસો તો!
સવાર સામી હોય..!
જ્ઞાનની વાતો બહુ નાની હોય.
જાણે સ્વર્ગની ખામી હોય...!
વહુને સાસુ ગમતાં હોય...
ભેળાં બેસી જમતાં હોય...
બોલવામાં સમતા હોય...
ભૂલ થાય તો નમતાં હોય...!
છોકરાં ખોળામાં રમતા હોય...
આવી માની મમતા હોય...
'ગઈઢ્યા' છોકરાવને સંભાળતાં હોય...
ચોરે બેસી રમાડતાં હોય!
સાચી દિશાએ વાળતાં હોય...
બાપાના બોલ સૌ પાળતા હોય...
ભલે! આંખે ઓછું ભાળતાં હોય...
આવા 'ગઈડાં' ગાડાં વાળતાં હોય!
નીતિ નિયમનાં શુદ્ધ હોય...
આવા ઘરડાં ઘરમાં વૃદ્ધ હોય...
માગે પાણી તો હાજર દૂધ હોય...
માનો તો ભગવાન બુદ્ધ હોય...
ભજન-કીર્તન થાતાં હોય...
પરબે પાણી પાતાં હોય...
મહેનત કરીને ખાતાં હોય...
પાંચમાં પુછાતાં હોય...!
દેવ જેવા દાતા હોય...
પરબે પાણી પાતાં હોય...
ભક્તિ રંગમાં રંગાતા હોય...
પ્રભુનાં ગુણ ગાતાં હોય..!
ઘી-દૂધ બારે માસ હોય..
મીઠી-મધુર છાસ હોય...
વાણીમાં મીઠાશ હોય...
રમઝટ બોલતા રાસ હોય...!
પુણ્ય તણો પ્રકાશ હોય...
ત્યાં નક્કી...
બ્રહ્માનીનો...વાસ હોય...
કાચાં-પાકાં મકાન હોય...
એમાંય નાની દુકાન હોય..
ગ્રાહકોનાં એવા માન હોય...
જાણે મળ્યા ભગવાન હોય...!
સંસ્કૃતિની શાન હોય...
ત્યાં સુખી એના સંતાન હોય...
એક ઓશરીએ રૂમ ચાર હોય..
સૌનું ભેળું જમણવાર હોય...
અતિથિને આવકાર હોય...
ખુલ્લા ઘરના દ્વાર હોય...!
કૂવા કાંઠે આરો હોય...
નદી કાંઠે કિનારો હોય.
વહુ-દીકરીનો વર્તારો હોય...
ધણી પ્યારથી પ્યારો હોય!
કાનો ભલે કાળો હોય...
એની રાધાને મન રૂપાળો હોય...
વાણી સાથે વર્તન હોય...
મોટા સૌના મન હોય..
હરિયાળાં વન હોય...
સુગંધી પવન હોય...
ગામડું નાનું વતન હોય,
ત્યાં જોગમાયાનાં જતન હોય...
માનવી મોતીનાં રતન હોય...
પાપનું ત્યાં પતન હોય...!
શીતળ વાયુ વાતો હોય,
ઝાડવે જઈ...અથડાતો હોય...
મોર તે દી' મલકાતો હોય,
ગામડાંનો મહિમા ગાતો હોય,
પછી તેની...કલમે લખાતો હોય...
ભાઈ....ભાઈ... એક દી
આવો મારે ગામ...!!

* * *

## ૯૦મા જન્મદિને અંતરતમ શુભેચ્છા...

સુરેન્દ્રનગરના શિક્ષણજગતનું એક અત્યંત ઊજળું નામ એટલે વિનોદિનીબહેન. છ દાયકાથી સુરેન્દ્રનગરની દીકરીઓને શિક્ષિત કરવાનું શ્રેય આર. પી. પી. ગર્લ્સ હાઈસ્કૂલના આ શિક્ષિકા-આચાર્યાને મળ્યું છે.

સાતત્યપૂર્ણ શિક્ષણ સાધના અને સંચાલનની સુચારુ કારકિર્દી ધરાવતા વિનોદિનીબહેન સદાય અમારે માટે આદર્શરૂપ રહ્યા છે. સુરેન્દ્રનગર એજ્યુકેશન સોસાયટીના મંત્રી તથા પ્રમુખ તરીકે તેમનું યોગદાન પ્રશંસનીય રહ્યું છે.

૨૦૦૧ના કારમા ધરતીકંપ વખતે શ્રીમતી રંભાબેન પુરુષોત્તમદાસ પાટડિયા ગર્લ્સ હાઈસ્કૂલના મકાનને ભારે નુકસાન થયું. જૂનું મકાન પાડી નાખી નવા મકાનનું બાંધકામ કરવું એ પડકારજનક કાર્ય હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થિનીઓ



**શ્રીમતી વિનોદિનીબેન શાહ**

તથા દિલેર દાતાનો સહયોગ તો મેળવ્યો પણ એક સાચા શિક્ષિકા તરીકે વિનોદિનીબહેને તેઓ તથા તેમના પરિવારજનો તરફથી ૨૫ લાખ રૂા.નું અનુદાન આપ્યું. બે કરોડના ખર્ચે બંધાયેલું નવનિર્મિત મકાન ફરી એક વાર સુરેન્દ્રનગરની બાલિકાઓ માટે તૈયાર કરી લીધું.

બાળકોની સાહિત્યમાં અભિરુચિ કેળવવા તેમણે બાળ પુસ્તકાલયો શરૂ કર્યાં. તેમના ભાઈ ડૉ. પ્રફુલ્લભાઈના સોનલ ફાઉન્ડેશનના સહયોગથી ૮૦૦ જેટલી શાળાઓને બાળપુસ્તકાલય અર્પણ કર્યાં.

શ્રેષ્ઠ શિક્ષક તરીકેના અનેક માન અકરામોથી વિભૂષિત વિનુબહેન આજે પણ એટલા જ સ્ફૂર્તિવાન છે. ૯૦મા જન્મદિને ઇશ્વરને પ્રાર્થીએ કે તેઓ શતાબ્દીના દૃષ્ટા બને અને શિક્ષણની ઉજ્જવળ પરંપરાને આગળ ધપાવે. તેમના નિરામય ચિરંતન આયુષ્ય માટેની અંતરતમ અભિલાષા.

**–સંધ્યા શાહ**

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com





# પુષ્પો સાથે વાત

□ રમણ સોની

ઘરના પાછળના ભાગમાં વાવેલી રાતરાણી એક રાતે એકાએક જ બારીમાંથી પ્રવેશીને સુગંધના એક આછા હડદોલાથી 'શું ચાલે છે ?' કહી જાય છે.' કોઈ અજાણ્યા રસ્તે પસાર થતાં, કોઈ એક શ્વાસમાં કદંબની માદક સુવાસ પ્રવેશી જાય છે ને અધવચ્ચે રોકાઈ જવાય છે-આંખો આશ્ચર્યથી આમતેમ કદંબ વૃક્ષને શોધે છે. વહેલી સવારે કૂંડા ને ક્યારામાંનાં પુષ્પો ચૂપચાપ 'હેલો' કહી બેસે છે. સુગંધ આપી શકતાં નથી એ રંગોથી આકર્ષી જાય છે. પણ બધાં જ પ્રથમ દૃષ્ટિએ પ્રેમ કરી બેસે છે-ને પહેલા શ્વાસે જ વીંટળાઈ વળે છે.

કોઈ કહેશે : લો, આ વરણાગિયાવેડા ! અમે કામમાં ગળાબૂડ, આવો તેવો સમય નથી અમારી પાસે. એ બધા કવિઓના ધંધા ! તો, ત્યારે ભૂલો છો તમે. કવિઓનેય સમય નથી. પુષ્પોની જ કવિતા લખવામાંથી ઊંચે જોવાનો કે આસપાસ જોવાનો સમય હોય તો જુએને એ પુષ્પો તરફ ! પુષ્પો જોયાં-ઓળખ્યાં વિનાય ક્યારેક પુષ્પોની કવિતા લખી શકાય છે. કાલિદાસે ને રવીન્દ્રનાથે ભરપૂર જોઈ લીધું છે એ આ લોકોને કામ આવી જાય છે. કવિતાનો એ અમર વારસો છે, વારસો.

આ મજાકની પાછળ, ક્યારેક એક કમનસીબ વિડંબના પણ હોય છે. ઉમાશંકર જોશીએ એક મરમાળું કાવ્ય લખ્યું છે : 'કરજે પ્રિય માફ આટલું, કદી બોલાવી ન લાડથી તને. બહુ મગ્ન હું આજ આપણાં લખવામાં મિલનો તણી કથા.' પ્રેમકાવ્ય લખવામાં જ પ્રેમ કરવાનો વખત રહેતો નથી ! ઓહ ! રોબર્ટ ફ્રોસ્ટની પેલી જાણીતી પંક્તિઓ પણ યાદ આવવાની. કવિ કહે છે : માનવજાતનું એટલું મોટું ઋણ છે કે કામમાં રચ્યાપચ્યા રહેવું પડે છે ને મનગમતાં કામ થતાં નથી. The woods are lovely, dark and deep, but I have promises to keep – આ સઘન લીલી વનરાજી આગળ અટકવું છે પણ મારે તો હજુ આપેલાં વચનો પાળવાનાં છે.

જીવનની કપરી વાસ્તવિકતા સામે હોય ત્યારે પ્રકૃતિપ્રેમ કોઈને બિનજરૂરી વૈભવ જેવો લાગે. ઝવેરચંદ મેઘાણીએ, ગરીબો-શોષિતોની પડખે રહેવાની સક્રિયતાને બદલે પ્રકૃતિ ને પ્રેમની કવિતા લખનાર કવિને ઠપકો આપેલો : 'કવિ, તને કેમ ગમે ?' જે શ્રેય હોય-કર્તવ્ય હોય, એની સામે ; જે પ્રેમ હોય, મનગમતું હોય-એને બાજુએ રાખવું પડતું હોય છે, ઘણી વાર.

પણ સાધારણ સંજોગોમાં, આપણાં કામ આટોપતાં આટોપતાં વચ્ચે સહેજ વખત મળી જતા કે વહેલી સવારે, સૂરજનો પહેલો સ્પર્શ થતો હોય ત્યારે ઘરઆંગણાનાં પુષ્પો સાથે કે ક્યાંક થોડેક દૂર દેખાતા એકાદ પુષ્પ સાથે વાતો કરી છે તમે, ક્યારેક ? આંખની સામે એક નાનકડું ફૂલ રેશમી સ્મિત કરતું હોય ત્યારે એકાદ ક્ષણ વહાલ કર્યું છે એને ? જેણે રંગ અને સુગંધ તમને આપ્યાં એને એકાદ પ્રેમાળ સ્પર્શ કર્યો હશેને તમે ? કે એ મિલન-પળ ખાલી ગઈ ?

આપણે જો સંપર્કોના માણસ હોઈએ, જાતજાતના માણસોની જાતજાતની ખાસિયતોમાં આપણને રસ હોય, એ રીતે આપણે સૌ સાથે મળવા, ભળવા માગતા હોઇએ, માણસોને મળીને આપણે આખી મનુષ્યતાને ભેટવા માગતા હોઇએ તો તો આપણને જાતજાતનાં પુષ્પોનો પરિચય કરવાનું પણ ગમે. ઋતુઋતુનાં પુષ્પો, એની જુદી જુદી છટાઓ-આકારની, રંગોની, રંગોની મિલાવટની. આછી ને માદક સુગંધની છટાઓ માણવા જેવી. બહાર, દાખલા તરીકે, ઉનાળો ધગધગતો હોય, નજર ન કરી શકાતી હોય, ત્યારે ગરમાળો ને ગુલમહોર તો પુરબહારમાં આપણને સત્કારવા તૈયાર હોય છે. ઐશ્વર્યનો ખરો અર્થ ત્યારે જાણવા મળે. ઓરડાની અંદરનું ઐશ્વર્ય, ગમે તેટલું વૈભવી હોય તોપણ, પેલા પુષ્પિત ઐશ્વર્ય આગળ તો ઝાંખું.

અરે ભલા માણસ, એવું ક્યાં કહું છું કે તાકી જ રહો આખો વખત ફૂલોને, નવરા માણસની જેમ. દોડતાં-ચાલતાં-કામ કરતાં કરતાં એક જરા નજર કરી લેવાની છે, જરાક ઊંડો શ્વાસ લેવાનો છે. તમારી પરવાનગી વગર પણ, સુગંધ તો તમારા નાકમાં પ્રવેશી જ જવાની. તમે ઓળખો નહીં તો એળે જવાની, ઓળખો તો પ્રસન્ન કરવાની, ક્યારેક એક ઊંડો શ્વાસ તરબતર કરી મૂકે...જો એ શ્વાસ આપણા ચિત્તના કોશેકોશમાં પહોંચે તો.

જેને ત્યાં ફૂલનો છોડ ઉઘાડી શકવાની સગવડ નથી એ બનાવટી ફૂલોનો ગુચ્છો રાખે છે. ઘરમાં. આબેહૂબ પુષ્પો ! મારે એમના પર કટાક્ષ નથી કરવો. ચાલો પુષ્પના આકારમાં ને રંગમાં એટલો તો રસ પડ્યો ને ? દીવાલોના ને ફર્નિચરના રંગોમાં કંઈ ખૂટતું લાગ્યું હશે એટલે આ ગુચ્છ લઈ આવ્યા હશે ને ? અને ખાતરી છે કે એ જ મિત્રોને કદીક પુષ્પની સુગંધની જરૂર પડશે ને એ એમની બારી ખોલશે. ને રાતરાણી એમને પૂછશે, 'કેમ છો, મજામાં ને ?'

* * *

***આપણાં કામ આટોપતાં આટોપતાં વચ્ચે સહેજ વખત મળી જતા કે વહેલી સવારે, સૂરજનો પહેલો સ્પર્શ થતો હોય ત્યારે ઘરઆંગણાનાં પુષ્પો સાથે કે ક્યાંક થોડેક દૂર દેખાતા એકાદ પુષ્પ સાથે વાતો કરી છે તમે, ક્યારેક ? આંખની સામે એક નાનકડું ફૂલ રેશમી સ્મિત કરતું હોય ત્યારે એકાદ ક્ષણ વહાલ કર્યું છે એને ? જેણે રંગ અને સુગંધ તમને આપ્યાં એને એકાદ પ્રેમાળ સ્પર્શ કર્યો હશેને તમે ? કે એ મિલન-પળ ખાલી ગઈ ?***



Digitalised By ITDESK SOLUTIONS LLP

# સંસ્કારપ્રાપ્તિના ચાર સ્થાન

**મોરારિબાપુ**

પશ્ચિમની સંસ્કૃતિ ભલે સંપત્તિ અને સુવિધાને પ્રાધાન્ય આપતી હોય પરંતુ આપણી પૂર્વની સંસ્કૃતિ આજે પણ સભ્યતા અને સંસ્કારની વાતો છે. માતાના ઉદરમાં ગર્ભ તરીકે જીવનું સ્થાપન થાય ત્યાંથી શરૂ કરીને એના મૃત્યુ બાદ થતા અંતિમ સંસ્કાર સુધીના સંસ્કારોનો ઉલ્લેખ છે. આમ આપણે ત્યાં સંસ્કારનું બહુ મોટું માહાત્મ્ય હોવાથી આજે સંસ્કારની ચર્ચા કરવી છે અને મારું એવું માનવું છે કે દરેક માણસને ચાર સ્થળેથી સંસ્કાર પ્રાપ્ત થાય છે અને માણસના નસીબમાં ન હોય તો જે ચાર સ્થાનમાંથી એને સુસંસ્કાર મળવા જોઇએ ત્યાંથી જ એ કુસંસ્કાર પ્રાપ્ત કરે છે એવું પણ જોવા મળ્યું છે.

માણસને સૌથી પહેલા સંસ્કાર એની માતાના ઉદરમાં મળે છે. આપણે ત્યાં પુરાણોમાં સંદર્ભ છે કે કયાધુ નામની માતા જે રાક્ષસી હતી અને હિરણ્યકશિપુ નામનો પિતા જે રાક્ષસ હતો છતાં એમના ઘરે પ્રહલાદ જેવા વીર તથા ભક્ત બાળકનો જન્મ થયો એનું કારણ પ્રહ્લાદને ગર્ભમાં મળેલા સંસ્કાર છે. આ થોર ઉપર પાકેલી કેરીનું ઉદાહરણ છે. મહાભારતમાં અભિમન્યુ પોતાની માતાના ઉદરમાં કોઠાયુદ્ધ શીખ્યો હતો એવી વાતનો ઉલ્લેખ છે.

આપણે ત્યાં સ્ત્રી સગર્ભાવસ્થા પ્રાપ્ત કરે પછી એના આચાર-વિચાર, આહાર-વાંચન અને દિનચર્યા ઉપર ખૂબ જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે, કારણ કે સ્ત્રી સગર્ભા સ્થિતિમાં શું વાંચે, શુભ સાંભળે અને શુભ વિચારે તો એની ગર્ભસ્થ શિશુ ઉપર શુભ અસર થાય છે. આપણા સમાજમાં પ્રહ્લાદથી સાવ વિપરીત ઉદાહરણ પણ જોવા મળે છે, જેમાં મા-બાપ ખૂબ પવિત્ર હોય છતાં એના સંતાન પરિવારના વાતાવરણથી સાવ વિરુદ્ધ જોવા મળે ત્યારે માનવ કે આ ગર્ભમાં મળેલા સંસ્કારનું પરિણામ છે.

બાળકને બીજા સંસ્કાર ગૃહમાંથી પ્રાપ્ત થાય છે, કારણ કે માણસનું બાળપણ કેવું વીતે છે તે એના જીવનના ઘડતરમાં બહુ મોટો ભાગ ભજવે છે. જીસ દેસ કા બચપન ભૂખા હો, ઉસ દેશ કી જવાની ક્યા હોગી એવા સૂત્રો મળે છે, કારણ કે બાળપણ જો ભૂખ્યું અને તરસ્યું હશે તો યુવાની દુર્બળ હશે અને જે દેશના યુવાનો દુર્લભ હશે એ રાષ્ટ્ર ક્યારેય શક્તિશાળી ન થઈ શકે તે હકીકત છે.

હું આપને ગૃહના સંસ્કારનું એક નાનકડું ઉદાહરણ આપું છું. હું એકવાર ભાવનગરથી મહુવા જતો હતો. રસ્તામાં ગુજરાતી ભાષાના વયોવૃદ્ધ કવિ ત્રાપજકરનું ગામ ત્રાપજ આવે છે. એક દિવસ મને થયું કે લાવ કવિને મળતો જાઉં એટલે મેં ત્રાપજના પાદરમાં ગાડી ઊભી રખાવી. ત્યાં એક કોળી પટેલનો પાંચ-સાત વરસનો છોકરો ઊભો હતો અને એના કપડાં ઉપરથી તો દરિદ્ર હતો એનો અણસાર આવી જતો હતો.

મેં એ છોકરાને કહ્યું કે મને ત્રાપજકર કવિનું ઘર બતાવીશ ? એટલે એ હા પાડીને અમારી આગળ દોડવા લાગ્યો અને અમે એની પાછળ પાછળ ગાડી ચલાવીને કવિના ઘરે પહોંચ્યા. ત્યાં પહોંચી મને વિચાર આવ્યો કે આ છોકરો ગરીબ લાગે છે તો લાવ એને થોડો રાજી કરું એટલે મેં વીસ રૂપિયાની નોટ કાઢીને એ છોકરાને આપવા હાથ લંબાવ્યો ત્યારે એ ગરીબ છોકરાએ રૂપિયા લેવાને બદલે મને પ્રશ્ન કર્યો કે તમે મોરારિબાપુ છોને ? મેં માથું હલાવીને હા પાડી એટલે એ છોકરો બોલ્યો કે અમારાથી તમને રૂપિયા દેવાય પણ તમારા રૂપિયા લેવાય નહીં. આ સાંભળીને મારી આંખમાં આંસુ આવ્યાં. મને થયું કે ગૃહના સંસ્કાર છે. એના મા-બાપ ભલે ગરીબ હશે પણ એમના સંસ્કાર ખૂબ અમીર છે. આ છોકરાએ કપડાં ભલે મેલાં પહેર્યાં છે પણ એના સંસ્કાર ખૂબ ઊજળા છે. માટે માણસને બીજા સંસ્કાર પોતાના ઘરમાંથી પ્રાપ્ત થાય છે.

> ***માણસનો જે ધર્મ હશે તે ધર્મમાંથી એને સંસ્કાર પ્રાપ્ત થશે. જો એના નસીબમાં સુસંસ્કાર હશે નહીં તો ગર્ભ, ગૃહ, વર્ગ અને ધર્મ ચારમાંથી કોઇપણ સ્થાન એને કુસંસ્કાર પણ આપી શકે છે. એટલે આ જગતનો દરેક જીવ આ ચારેચાર સ્થાનમાંથી સુસંસ્કાર પ્રાપ્ત કરે અને પરિણામે સાચું-સાચું અને સાદું જીવન જીવે એવી પ્રભુ પ્રાર્થના.***

માણસને ત્રીજા સંસ્કાર એના વર્ગમાંથી પ્રાપ્ત થાય છે. બાળક પાંચ-સાત વરસનું થાય પછી નિશાળે ભણવા બેસે છે. અત્યારે મારે આપણી શિક્ષણપદ્ધતિ કે માતૃભાષા વિશે કહેવાનું નથી છતાં વાત નીકળી છે તો એટલું ચોક્કસ કહીશ કે બાળક ઓછામાં ઓછાં પાંચ વરસ પૂરા ન કરે ત્યાં સુધી એને ભણવા ન બેસાડવું જોઇએ અને બીજી વાત એ કે એને ઉચ્ચશિક્ષણ ભલે ગમે તે ભાષામાં મળે પરંતુ પ્રાથમિક શિક્ષણ હંમેશાં માતૃભાષામા મળવું જોઇએ. શિક્ષણ અને ભાષાની વધુ ચર્ચા ફરી ક્યારેક વિગતથી કરીશું, આજે તો આપણે સંસ્કાર મેળવવાના ચાર સ્થાનની ચર્ચા કરવી છે. માણસને ત્રીજા સંસ્કાર એના વર્ગખંડમાંથી મળે છે. શિક્ષકો બ્લેકબોર્ડ ઉપર સુવિચાર લખે છે કે વર્ગ એ જ સ્વર્ગ છે પરંતુ મારે વિનમ્રતાથી એમને પૂછવું છે કે તમે વર્ગને સ્વર્ગ બનાવી શક્યા છો ? સ્વર્ગ તો એને કહેવાય જ્યાંથી કોઈને જવું ન ગમે, જ્યારે શિક્ષકો પોતે જ વિવિધ પ્રકારની રજાઓ વડે સતત વર્ગમાંથી દૂર રહેવાના પ્રયાસો કરે છે અને વિદ્યાર્થીઓને તો વર્ગ ઘણીવાર સ્વર્ગને બદલે નર્ક જેવો લાગવા માંડે. ત્યાં કહેવાનું મન થાય કે આપણે કશુંક ચૂકી ગયા હોય એવું લાગે છે.

માનવીને ચોથા સંસ્કાર એના ધર્મમાંથી મળે છે. અહીં કોઈ એક ધર્મની વાત નથી. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાજીમાં વચન આપ્યું કે હું ધર્મની સ્થાપના માટે અવતાર ધારણ કરીશ પરંતુ અહીં હિન્દુ ધર્મ કે બીજા કોઈ ધર્મની વાત ન કરતા માત્ર ધર્મ શબ્દ જ બોલ્યા છે. એનો અર્થ જગતનો એકપણ ધર્મ ખરાબ નથી. ધર્મના મૂળભૂત સૂત્રોનો પોતાના સ્વાર્થ માટે વિકૃત અર્થ કરીને સમાજમાં રજૂ કરનાર માણસો ખરાબ હોય છે.

માણસનો જે ધર્મ હશે તે ધર્મમાંથી એને સંસ્કાર પ્રાપ્ત થશે. જો એના નસીબમાં સુસંસ્કાર હશે નહીં તો ગર્ભ, ગૃહ, વર્ગ અને ધર્મ ચારમાંથી કોઈપણ સ્થાન એને કુસંસ્કાર પણ આપી શકે છે. એટલે આ જગતનો દરેક જીવ આ ચારેચાર સ્થાનમાંથી સુસંસ્કાર પ્રાપ્ત કરે અને પરિણામે સાચું-સાચું અને સાદું જીવન જીવે એવી પ્રભુ પ્રાર્થના.

✱ ✱ ✱



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



આંખ બંધ કરીને અંદર જુઓ. શાંત થઈને આંતરમનમાં ડોકિયું કરો. દેખીતાં સુખદુ:ખ અને તેમનાં દેખીતાં કારણોને બાજુમાં મૂકી દો. જુઓ તમારી જાતને ! તપાસો તમારા મનને !

પ્રથમ અનુભવ શાનો થાય છે ? સુખનો કે દુ:ખનો ? સાર્થકતાનો કે વ્યર્થતાનો ? થોડા અપવાદ સિવાય સામાન્ય ઉત્તર આવો જ હોય છે : દુ:ખનો અનુભવ ? વ્યર્થતાનો અનુભવ !

કશાયે દેખીતા કારણ વિના માનવચિત્તમાં એક પ્રકારનો વિષાદ હોય છે, વ્યર્થતાનો એક અનુભવ હોય છે. વ્યર્થતાનો આ અનુભવ માનવીના ચિત્તને કોરી ખાય છે. વિષાદ કે દુ:ખના અનુભવની પાછળ પણ, તેના પાયામાં માનવચિત્તને કોરી ખાતો આ વ્યર્થતાનો અનુભવ હોય છે.

શું છે આ વ્યર્થતાનો અનુભવ ? બાહ્ય દૃષ્ટિએ બધું જ બરાબર છે અને છતાં કશું જ બરાબર નથી-આવો આ વ્યર્થતાનો અનુભવ છે. કોઈ દેખીતા કારણ વિના સતત એક પ્રકારનો અજંપો રહ્યા કરે છે-આ વ્યર્થતાનો અનુભવ છે.

બાહ્ય દૃષ્ટિથી જીવન માટે આવશ્યક તેવું બધું–ધન, પરિવાર, પદ, પ્રતિષ્ઠા, નિવાસસ્થાન આદિ ભરપૂર મળ્યું હોય તોપણ જીવનમાં કાંઈક મૂળભૂત તત્ત્વ ખૂટે છે. આવો અનુભવ થાય છે- આ વ્યર્થતાનો અનુભવ છે. જાગ્રત માનવી અવધાનપૂર્વક પોતાની જાતને તપાસે તો તુરંત સમજી શકશે કે તેના જીવનની અનેક વિટંબણાઓનું પાયાનું કારણ છે-આ વ્યર્થતાનો અનુભવ.

વ્યર્થતાનો આ અનુભવ દુ:ખદ છે અને દુ:ખદ અનુભવ કોઈને ગમતો નથી. તેથી માનવી આ વ્યર્થતાના દુ:ખ અનુભવમાંથી છટકવા માટે નશો, ભોગ, વ્યર્થ દોડાદોડી આદિ ઉપાયોનો આશરો લે છે., પરંતુ આવા ઉપાયોથી વ્યર્થતાની આ દુ:ખદ લાગણીમાંથી યથાર્થત: મુક્તિ મળતી નથી. ક્ષણભર આ લાગણી ઢંકાઈ જાય છે, પરંતુ પછી તુરત આ કાળી નાગણ લબકારા મારતી ફેણ ઊંચી કરે જ છે !

હવે લાખ રૂપિયાનો કે કરોડ રૂપિયાનો પ્રશ્ન એ છે કે આ વ્યર્થતાના અનુભવનું કારણ શું છે ? કારણ સમજાય તો ઉપાય હાથ લાગે,



# વ્યર્થતાનો અનુભવ

**□ ભાણદેવ**

નિદાન બરાબર થાય તો ચિકિત્સા કારગત નીવડે.

વ્યર્થતાના અનુભવનું કારણ શું છે ? વ્યર્થતાના અનુભવનું કારણ છે-વિકાસનો અભાવ ! અસ્તિત્વ વિકાસશીલ છે, તેથી જીવન વિકાસશીલ છે અને તદનુસાર માનવજીવન પણ વિકાસશીલ અર્થાત્ વિકાસધર્મી છે. જો કોઈ માનવજીવનના આ ધર્મનું, વિકાસધર્મનું પાલન ન કરે તો ? કોઈ માનવનું જીવન આ વિકાસધર્મ ચૂકી જાય તો ?

વિકાસ અસ્તિત્વનો અને તદનુસાર જીવનનો ધર્મ છે. માનવ અસ્તિત્વમાં ટોચ પર છે અર્થાત્ માનવી પૃથ્વી પરની જીવસૃષ્ટિમાં ટોચ પર છે. તેથી વિકાસનો નિયમ, વિકાસનો ધર્મ માનવજીવનમાં વધુ સ્પષ્ટ રીતે, વધુ સક્રિય રૂપે કાર્યરત હોય તે સ્વાભાવિક છે. સર્વશ્રેષ્ઠ જીવ હોવાને નાતે માનવ સર્વશ્રેષ્ઠ વિકાસોન્મુખ જીવ પણ છે જ !

***જ્યાં જવાનું છે, તે દિશામાં ગતિ કરવી એટલે વિકસવું. તે દિશાની વિરુદ્ધ દિશામાં ગતિ કરવી તે અવનતિ છે. ગતિહીન અવસ્થામાં પડ્યા રહેવું, તે જડતા છે, પથ્થરપણું છે. ગતિહીનતા કે વિરુદ્ધ ગતિ વ્યક્તિનો સાચો આનંદ, સાચી શાંતિ અને યથાર્થ કૃતાર્થતા આપી શકે નહિ.***

સમગ્ર જીવસૃષ્ટિમાં માનવ જ એક એવો જીવ છે, જે પોતાની જાત વિશે સભાન છે, જાગ્રત છે, પોતાના વિકાસ વિશે સભાન છે. જાગૃતિ જેમ વિશેષ યોગ્યતા છે, તેમ તે વિશેષ જવાબદારી પણ છે જ. પોતાની જાત વિશે, પોતાના જીવનવિકાસ વિશે જાગ્રત માનવ પર વિકાસધર્મની જવાબદારી, વિકાસધર્મનું કર્તવ્ય પણ અધિક છે. અળસિયું પોતાના વિકાસ માટે સભાન નથી, તેથી તેના પર વિકાસનું કર્તવ્ય લાદી શકાય નહિ, પરંતુ માનવી પોતાના જીવનવિકાસ માટે સભાન હોવાથી જીવનવિકાસરૂપી ધર્મનું પાલન તેનું કર્તવ્ય બની જાય છે.

જીવનનો મૂળભૂત નિયમ છે-વિકાસ. જીવવું એટલે વિકસવું. સારી રીતે ભણવું, સારું કામ મેળવવું, લગ્ન કરવા, બાળકો હોવા, ખાવુંપીવું અને દિવસો પસાર કરવા-આટલામાં જ જીવનની ઇતશ્રી નથી.

જીવન એક યાત્રા છે. આ યાત્રા વિકાસયાત્રા છે અને આ યાત્રા પૂર્ણત્વની યાત્રા છે. જે યાત્રી રસ્તામાં બેસી જાય છે, જે વિકાસનો ધર્મ ચૂકી જાય છે, તે ગંતવ્ય સુધી પહોંચવાની કૃતાર્થતા પામી શકે નહિ. આ જીવનની મૂળભૂત અકૃતાર્થતા છે, અને આ જ આપણા અજંપાનું, આપણી વ્યાકુળતાનું કારણ છે. જેઓ વિકસે છે, તેઓ જીવે છે. જેઓ વિકસતા નથી અને માત્ર જૈવિકપ્રક્રિયા (vagitation) માં જ રોકાઈ ગયા છે, તેઓ જીવનશાસ્ત્રની દૃષ્ટિએ જીવે છે, પરંતુ તેઓ યથાર્થ માનવજીવન જીવે છે, તેમ કહી ન શકાય.

જે માનવો વિકાસશીલ જીવન જીવતા નથી, તેઓ જીવનના કેન્દ્રસ્થ નિયમનો અને જીવનના સનાતન સત્યનો ભંગ કરે છે. જેઓ વિકસતા નથી, તેઓ જીવનદેવતાના અપરાધી છે. કાયદાની દૃષ્ટિએ તેઓ અપરાધી નથી. સામાજિક કે નૈતિક દૃષ્ટિએ તેઓ ગુનેગાર નથી. ધર્મશાસ્ત્રનો કોઈ નિયમ તેમને પાપી કરાવી શકે તેમ નથી, પરંતુ ઉચ્ચતર જીવનનું એક રહસ્ય છે-વિકાસ ! જીવનના આ નિયમ પ્રમાણે જેઓ વિકાસશીલ ન હોય, તેઓ જીવનદેવતાનો અપરાધ કરી રહ્યા છે. જીવનના સ્વરૂપને દૃષ્ટિ



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



સમક્ષ રાખીને વિચારીએ તો વિકાસશીલ ન હોવું તે એક મોટો અપરાધ છે. જેઓ વિકસતા નથી, તેઓ જીવનના આ કેન્દ્રસ્થ સત્યના વિરોધમાં છે. જેઓ જીવનના આ વિકાસરૂપી સનાતન નિયમનું પાલન નથી કરતા, તેમને જીવનદેવતા સજા કરશે જ, તેમને સજા થવી જ જોઇએ. તે સજા છે-વ્યર્થતાનો અનુભવ !

જે વિકસે છે, તે સ્વસ્થ છે ; જે વિકસે છે તે વિધાયક છે ; જે વિકસે છે તે પ્રસન્ન છે ; જે વિકસે છે તે પ્રેમાળ છે ; જે વિકસે છે તે નિરુપદ્રવી છે ; જે વિકસે છે તે મત્સરમુક્ત છે ; જે વિકસે છે તે કૃતાર્થ છે અને તેથી જે વિકસે છે, તેને વ્યર્થતાનો અનુભવ ન જ હોય ! વિકાસના અભાવમાં જ માનવીને વ્યર્થતાનો અનુભવ થાય છે !

આપણા જીવનની અગણિત સમસ્યાઓનું કારણ છે-વિકાસનો અભાવ. આપણા જીવનની અગણિત સમસ્યાઓનું નિરાકરણ છે વિકાસ.

વેદના ઋષિ કહે છે-

चराति चरतो भगः।

'ચાલનારનું ભાગ્ય ચાલે છે.'

અહીં चराति નો અર્થ વિકસવું છે, ફરવું નથી, રખડવું નથી.

હવે આપણી સમક્ષ સહજ રીતે પ્રશ્ન આવે છે-વિકાસ એટલે શું ?

વિકાસ એટલે શરીરના વજનમાં વધારો ? વિકાસ એટલે બેંક બેલેન્સમાં વધારો ? વિકાસ એટલે મિત્રોની સંખ્યામાં વધારો ? વિકાસ એટલે પદ-પ્રતિષ્ઠામાં વધારો ? વિકાસ એટલે પ્રમાણપત્રો, ઇનામો અને ચંદ્રકોની સંખ્યામાં વધારો ? ના, જીવનનો યથાર્થ વિકાસ આ નથી. પ્રત્યેક માનવી કાંઈક તો કરે જ છે, છતાં તે અકૃતાર્થ કેમ છે ? યાદ રહે, પ્રત્યેક ગતિ પ્રગતિ નથી !

તો હવે કહો વિકાસ એટલે શું ?

જીવનવિકાસના યથાર્થ સ્વરૂપને સમજવા માટે આપણે જીવનના યથાર્થ સ્વરૂપને સમજવું જોઇએ. જીવન શું છે, તે સમજાય તો જીવનવિકાસના યથાર્થ સ્વરૂપને સમજી શકાય.

જીવન એક કેન્દ્રસ્થ ચૈતન્ય-આત્માની આજુબાજુ ઘૂમે છે. આ કેન્દ્રસ્થ ચૈતન્ય આપણું યથાર્થ સ્વરૂપ છે. આ આપણા સ્વરૂપગત ચૈતન્યમાં પહોંચવું, તેમાં રહીને જીવવું-આ આપણી મૂળભૂત અને કેન્દ્રસ્થ કૃતાર્થતા છે, સાફલ્ય છે. આ પરમ ચૈતન્યની પ્રાપ્તિ આપણા જીવનવિકાસનું મુખ્ય સંચાલક બળ છે. આમ હોવાથી આપણી કેન્દ્રસ્થ ચેતના-પરમ ચૈતન્યની નજીક જવું-આ જીવનવિકાસનું યથાર્થ સ્વરૂપ છે.

જ્યાં જવાનું છે, તે દિશામાં ગતિ કરવી એટલે વિકસવું. તે દિશાની વિરુદ્ધ દિશામાં ગતિ કરવી તે અવનતિ છે. ગતિહીન અવસ્થામાં પડ્યા રહેવું, તે જડતા છે, પથ્થરપણું છે. ગતિહીનતા કે વિરુદ્ધ ગતિ વ્યક્તિનો સાચો આનંદ, સાચી શાંતિ અને યથાર્થ કૃતાર્થતા આપી શકે નહિ.

જીવવું એટલે વિકસવું અને વિકસવું એટલે ચેતનામાં વિકસવું. વિકસવું એટલે આત્માની નજીક સરકવું ; વિકસવું એટલે પરમાત્માની પાસે જવું ; વિકસવું એટલે પોતાના મૂળ સ્થાન તરફ ગતિ કરવી.

✷ ✷ ✷

**આખો માણસ બદલાઈ જાય છે !**

-મને કોઈની જરૂરત નથી એમ માને 'સ્વાર્થી'.
-સહુને મારી જરૂર છે એમ માને તે 'નિરાભિમાની'.
-હું કોઈને જરૂરી બનું એમ માને તે 'પરોપકારી'.
-સહુ મારા માટે જરૂરી છે એમ માને તે 'નમ્ર'.
-શબ્દોની નાનકડી હેરાફેરીમાં આખો માણસ બદલાઈ જાય છે.

**સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે સાહેબ, અમુક કિનારે પહોંચવા વલખાં મારે છે, જ્યારે અમુક કિનારે પહોંચીને...**

● મેં સરવાળા કર્યા સહુના અને ખુદને ગણ્યો નહીં,

અને જગત આખું એમ સમજે છે કે, હું બરાબર ભણ્યો નહીં!!!

● લોકો ખોટું કરતી વખતે ડાબે, જમણે, આગળ, પાછળ જોઈ લેતા હોય છે,

બસ ઉપર જોવાનું ભૂલી જાય છે.

● આભને આધાર નથી, છતાં ય એ ઊંચું છે ; કારણ કે

એ જેટલું ઊંચું છે તેટલું જ ચારેય તરફ ઝુકેલું છે.

● સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે સાહેબ,

અમુક કિનારે પહોંચવા વલખાં મારે છે, જ્યારે અમુક કિનારે પહોંચીને...

● કિલોના ભાવમાં વેચાઈ ગઈ એ નોટબૂકો,

જેના પર ક્યારેક વેરીગુડ જોઈને હરખ નહોતો સમાતો!!!

● ત્રીજા ફટકે શ્રીફળ તૂટે એનો અર્થ એ નથી કે પહેલા બે ફટકા નિષ્ફળ ગયા.

આવું જ આપણી કેરિયરમાં છે.

● સમય દરેક સમયને બદલી નાખે છે.

ફક્ત સમયને સમય આપો.

● ભારોભાર લાગણીઓમાં ભીંજવેલા શબ્દોને જ હું પીરસું છું સાહેબ,

ક્યારેક એકલતા પી લઉં છું તો ક્યારેક કૂવા માટે તરસું છું.

● જુવોને આ સ્વીચબૉર્ડ... ઘરના એક ખૂણામાં એકલતા અનુભવતું હતું.

હવે નિરંતર ચાર્જરોની હૂંફ મળવાથી સંબંધોનાં કનેક્શનથી કેવું જોડાયેલું રહે છે.

● જો આપણે આપણી જિંદગીની વિષમ પરિસ્થિતિને ફેરવી દે એવા કોઈ ફરિશ્તાની રાહમાં હોઈએ...

તો તે ફરિશ્તો અરિસામાં મળશે.

● ભગવાનનું પણ કમાલ છે યાર, આંખો બ્લેક અને વ્હાઇટ આપી છે,

અને સપનાં રંગીન જોવડાવે છે.

● લોકો તમારી સાથે નહીં,

તમારી સ્થિતિ સાથે હાથ મિલાવે છે.

● દિલ એ સૌથી મોટી કબ્ર છે–

સાંજ પડતાં કેટલાયે અહેસાસ દફન કરવા પડે છે!!

● ફેમસ થવા માટે કર્મની જરૂર પડે છે,

ફેસ બુક અને વોટ્સએપની નહીં!!



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com





# અત્યંત ગરીબ કુટુંબનો છોકરો આઈએએસ બન્યો

એક ગરીબ મહારાષ્ટ્રીયન કુટુંબના સંતાન રમેશ ઘોલપ ઘણી મુસીબતો વેઠીને શિક્ષક બનેલા. તેણે તહેસીલદાર બનવાનું સપનું જોયું હતું. તેને કોઈએ કહ્યું કે તહેસીલદાર બનવા માટે એમપીએસસી કે યુપીએસસીની પરીક્ષા આપવી પડે ત્યાં સુધી રમેશે એ પરીક્ષા વિશે કશું સાંભળ્યું નહોતું. તેને ખબર પડી કે પુણેમાં એમપીએસસી અને યુપીએસસીની પરીક્ષાઓની તૈયારી માટે કોચિંગ ક્લાસીસ ચાલે છે.

રમેશ આવા એક કોચિંગ ક્લાસમાં જઈને અતુલ લાંડે નામના એક શિક્ષકને મળ્યો. તેણે તેમને વિનંતી કરી કે મને આ પરીક્ષાઓ વિશે સમજાવો. એ વખતે એક શિક્ષકે તેને કહ્યું કે એમપીએસસી એટલે મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન અને યુપીએસસી એટલે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન. તેમણે એ પરીક્ષાઓ વિશે વિસ્તૃત માહિતી આપી. રમેશે તેમને પૂછ્યું કે હું આ પરીક્ષાઓ મરાઠી ભાષામાં આપી શકું ? અને શૈક્ષણિક રીતે હું લાયક છું ? એટલે કે મેં એટલો અભ્યાસ કર્યો છે કે હું આ પરીક્ષાઓ આપવા માટે લાયક ઠરી શકું ? તે શિક્ષકે રમેશને કહ્યું કે તું આ પરીક્ષાઓ આપવા માટે લાયક છે અને તું નિશ્ચય કરીશ તો તને આવી પરીક્ષામાં સફળ થતાં કોઈ નહીં અટકાવી શકે. એ શિક્ષકના પ્રોત્સાહનભર્યા શબ્દોથી રમેશ ઘોલપમાં જોમ આવ્યું અને તેણે સ્પર્ધાત્મક પરીક્ષા આપવાનો નિશ્ચય કર્યો.

રમેશે સપ્ટેમ્બર ૨૦૦૯થી યુપીએસસીની પરીક્ષા આપવાની તૈયારી કરવા માંડી. થોડા મહિનાઓ પછી મે, ૨૦૧૦માં તેણે યુપીએસસીની પરીક્ષા આપી. જોકે એમાં તેને નિષ્ફળતા મળી. એ દરમિયાન તેણે ગામના મિત્રો સાથે મળીને એક રાજકીય પક્ષ બનાવ્યો હતો. એ પક્ષે મહાગાંવ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઝુકાવ્યું. રમેશના રાષ્ટ્રીય પક્ષનો હેતુ હતો ગામમાં સત્તા પર આવવાનો અને ગરીબ લોકોને મદદરૂપ બનવાનો. એ ચૂંટણીમાં રમેશની માતાએ પણ ઉમેદવારી નોંધાવી હતી. રમેશની માતા એ ચૂંટણીમાં હારી ગઈ, પરંતુ એ ચૂંટણી રમેશની જિંદગીમાં ટર્નિંગ પૉઈન્ટ સમાન સાબિત થઈ. રમેશના પક્ષના બીજા ઉમેદવારો પણ હારી ગયા હતાં, પણ એનાથી ભાંગી પડવાને બદલે રમેશે નક્કી કર્યું કે હું સિસ્ટમ સામે લડીશ. ચૂંટણીનાં પરિણામો જાણવા માટે ગામલોકો ભેગા થયા હતા. તેમની સામે રમેશે જાહેર કર્યું કે હું ગામ છોડી રહ્યો છું અને પાવરફુલ ઑફિસર બનીશ ત્યારે જ પાછો ગામમાં આવીશ.

એ દિવસ પછી રમેશે પાછા વળીને ન જોયું. તેણે એસઆઈએસી (સ્ટેટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍડમિનિસ્ટ્રેટિવ કરિયર્સ) પરીક્ષા પાસ કરી. એના કારણે તેને હૉસ્ટેલમાં રહેવાની સુવિધા મળી અને સ્કોલરશિપ પણ મળી. એ ઉપરાંત વધારાનો ખર્ચ કાઢવા માટે તેણે પોસ્ટર ચીતરવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન તેણે શિક્ષક તરીકે નોકરી છોડી દીધી હતી.

રમેશે તેનું તમામ ધ્યાન સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પર કેન્દ્રિત કર્યું. છેવટે તેણે યુપીએસસીની પરીક્ષા પાસ કરી અને ૨૦૧૨માં તેની આઈએએસ અધિકારી તરીકે પસંદગી થઈ. ૨૦૧૦થી તેણે ગામમાં પગ મૂક્યો નહોતો. આઈએએસ ઑફિસર તરીકે તેની પસંદગી થઈ એ પછી ૧૨ મે, ૨૦૧૨ના દિવસે પોતાના ગામમાં ગયો. ગામમાં રામુ તરીકે જાણીતા રમેશ ગોરખ ઘોલપની પાછળ આઈએએસનું છોગું ઉમેરાઈ ગયું હતું.

રમેશ આઈએએસ બન્યો પછી થોડા સમય બાદ એમપીએસસીની પરીક્ષાનાં પરિણામો જાહેર થયાં. રમેશે યુપીએસસીની સાથે સાથે એમપીએસસીની પરીક્ષાઓ આપવાનું પણ ચાલુ રાખ્યું હતું. તેણે એ પરીક્ષામાં ૧૮૦૦માંથી ૧૨૪૪ માર્ક્સ મેળવ્યા હતા. જે અન્ય તમામ વિદ્યાર્થીઓ કરતાં વધુ હતા. તે મહારાષ્ટ્રમાં ટોપર બન્યો હતો. જોકે એ પહેલાં તો તેની આઈએએસ તરીકે પસંદગી થઈ ચૂકી હતી.

આઈએએસ બન્યા પછી રમેશ ઘોલપની ઝારખંડમાં આસિસ્ટન્ટ કલેક્ટર તરીકે નિમણૂક થઈ. પછી બઢતી મેળવતા તેઓ અત્યારે ઝારખંડમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહ્યા છે. પોતે આઈએએસ બની ગયા એ પછી તેઓ પોતાના જેવા લોકોને ભૂલ્યા નથી.

રમેશ ઘોલપ કહે છે કે કેરોસીનના કાળા બજાર કરનારા કોઈ રેશન શૉપવાળાનું લાઈસન્સ હું કેન્સલ કરાવું ત્યારે મને યાદ આવે છે કે મારે બાળપણમાં કેરોસીનના અભાવે ફાનસ કે દીવો બંધ કરી દેવા પડતાં હતાં. હું જ્યારે કોઈ વિધવાને મદદ કરું છું ત્યારે મને યાદ આવી જાય છે મારી માતા કઈ રીતે ઘર માટે કે પેન્શન માટે ભીખ માગતી હતી. હું જ્યારે કોઈ સરકારી હૉસ્પિટલમાં ઈન્સ્પેક્શન માટે જાઉં છું ત્યારે મને મારા માતા-પિતા યાદ આવી જાય છે કે તેઓ સારી સારવાર માટે કેટલા તરફડિયા મારતા હતા. મારા પિતાને હૉસ્પિટલમાં દાખલ કરાયા ત્યારે તેમણે મને કહ્યું હતું કે તું મોટો માણસ થજે અને મને ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે લઈ જજે. હું જ્યારે કોઈ ગરીબ બાળકને મદદ કરું છું ત્યારે મને મારું બાળપણ યાદ આવી જાય છે.

રમેશ ઘોલપ તેમના જેવા બેકગ્રાઉન્ડમાંથી આવતા યુવક-યુવતીઓને યુપીએસસીની પરીક્ષા આપવા માટે પ્રોત્સાહન આપે છે. તેઓ યુવક-યુવતીઓને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેવા માટે પ્રવચનો દ્વારા પ્રેરણા આપે છે. છેલ્લાં પાંચ વર્ષ દરમિયાન તેઓ આવા સેંકડો પ્રવચનો આપી ચૂક્યાં છે. દૃઢ નિશ્ચય અને મહત્ત્વાકાંક્ષા થકી માણસ અણધાર્યું પરિણામ લાવી શકે છે એનો પુરાવો રમેશ ઘોલપ છે.

✶ ✶ ✶

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

# ખરાબ સંજોગોમાં માણસે જાત પરથી ભરોસો ન ગુમાવવો જોઇએ

## બરબાદ થઈ ગયેલા અમેરિકન બિઝનેસમેને ચોપન વર્ષે નવી કારકિર્દી શરૂ કરી

અમેરિકાના મેસેચ્યુસેટ્સ રાજ્યના વતની માઈકલ વોડ્રેલ સફળ બિઝનેસમેન હતા. તેમનું વિશાળ ઘર હતું અને આલીશાન ઑફિસ હતી. તેમની પાસે અનેક લક્ઝુરિયસ કાર હતી, પરંતુ સમયનું ચક્ર ફર્યું અને ૨૦૦૮ની મંદીમાં તેમનો બિઝનેસ બરબાદ થઈ ગયો. સ્થિતિ એટલી ખરાબ આવી કે તેમણે ઑફિસ અને ઘરથી હાથ ધોઈ નાખવા પડ્યા.

૪૬ વર્ષની ઉંમરે બેકાર બની ગયેલા માઇકલ વોડ્રેલે કામ શોધવા માંડ્યું. તેમણે યુવાનીમાં બોસ્ટનની વેન્ટવર્થ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાંથી એરોનોટિકલ ટેકનોલોજીની ડિગ્રી લીધી હતી. પણ પછી પોતાનો બિઝનેસ શરૂ કરી દીધો હતો. પોતાની ડિગ્રીના સહારે તેમણે નોકરી શોધવાની કોશિષ કરી જોઈ, પણ તેમને કોઈ સારી નોકરી મળી નહી.

થાકી હારીને માઈકલે જે નોકરી મળે એ સ્વીકારી લેવાનું નક્કી કર્યું. છેવટે તેમનો વોર્સેસ્ટર પોલિટેકનિક ઈન્સ્ટિટ્યૂટમાં સફાઈ કરવાનું કામ મળ્યું એ તેમણે સ્વીકારી લીધું. એ પગારમાંથી તેમના કુટુંબનું ગુજરાન માંડ માંડ ચાલતું હતું, પરંતુ તેમની પાસે બીજો કોઈ વિકલ્પ નહોતો.

એ ઈન્સ્ટિટ્યૂટમાં સફાઈકામ કરતા કરતા માઈકલને વિચાર આવ્યો કે દિવસના સમયમાં પોતે કામ કરવાનું નથી હોતું તો એ સમય ભણવા માટે કાઢવો જોઇએ. તેમણે એ ઈન્સ્ટિટ્યૂટમાં એન્જિનિયરિંગના અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો. તેઓ રાતે સફાઈ કરતા અને દિવસના અભ્યાસ કરતા.

પચાસેક વર્ષની ઉંમરે એન્જિનિયરિંગ ભણવાનું શરૂ કરનારા માઈકલ બીજા બધા વિદ્યાર્થીઓથી જુદા પડી આવતા હતા. ઘણા પ્રોફેસર્સ પણ તેમનાથી નાની ઉંમરના હતા. બીજી બાજુ તેઓ આર્થિક સમસ્યાનો સામનો કરી રહ્યા હતા, પરંતુ એવી સ્થિતિમાં તેમણે અભ્યાસમાં ધ્યાન પરોવ્યું.

છેવટે મે, ૨૦૧૬માં તેમણે એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી. તેઓ ઊંચા ગ્રેડ સાથે પાસ થયા.

માઈકલે ૫૪ વર્ષની ઉંમરે સફાઈકામ કરતા કરતા એન્જિનિયરિંગની ડિગ્રી લીધી એની અમેરિકાના મીડિયાએ નોંધ લીધી. અમેરિકન ટીવી ચેનલ્સમાં તેની મુલાકાતો પ્રસારિત થઈ અને તેને સામેથી નોકરીની ઑફર્સ મળવા લાગી. અમેરિકાના કનેક્ટિકટ રાજ્યની એરોસ્પેસ કંપની 'પ્રેટ એન્ડ વ્હિટનીએ' તેમને ઊંચા પગારની નોકરી ઑફર કરી. માઈકલે એ ઑફર સ્વીકારી લીધી અને તેના જીવનનો નવો અને આનંદદાયી તબક્કો શરૂ થયો.

જીવનમાં ફરી વાર થાળે પડેલા માઈકલે પત્રકારોને કહ્યું કે જ્યારે તમે બધું જ ગુમાવી દીધું હોય ત્યારે પણ પોતાની જાત પરથી ભરોસો ન છોડવો જોઇએ. મેં મારી જાત પર ભરોસો રાખ્યો અને ફરી વાર સફળતા મેળવી. હું દરરોજ રાતે વિચારતો હતો કે આજનો દિવસ સારી રીતે પસાર થઈ ગયો. કાલના દિવસને વધુ સારો બનાવવાની કોશિશ કરીશ. ✷ ✷ ✷

***જ્યારે તમે બધું જ ગુમાવી દીધું હોય ત્યારે પણ પોતાની જાત પરથી ભરોસો ન છોડવો જોઇએ. મેં મારી જાત પર ભરોસો રાખ્યો અને ફરી વાર સફળતા મેળવી. હું દરરોજ રાતે વિચારતો હતો કે આજનો દિવસ સારી રીતે પસાર થઈ ગયો. કાલના દિવસને વધુ સારો બનાવવાની કોશિશ કરીશ.***

### હાસ્યલેખક વિનોદ ભટ્ટની ચિર વિદાય...

## હસતાં હસાવતાં શાંત થઈ ગયા...



વિનોદ વિરમી ગયા.
મહાકાલના પ્રવાહ સાથે
વહી શકનારા ગયા
વિનોદ વિરમી ગયા.

નિર્મળ ને નિર્દોષ હાસ્ય,
ના દંશ કોઈને માટે
સાવ નિખાલસતાથી સાચું
કહી શકનારા ગયા.
વિનોદ વિરમી ગયા.

ચમરબંધીને પણ ના ગાંઠે
સાચું સામે કહેતા
બહાર ભીતર સરખું
જીવતા રહી શકનારા ગયા
વિનોદ વિરમી ગયા

વિનોદની નજરે આ
દુનિયા
જોઈ આપણે સહુએ
એ દુનિયાનું દર્દ એકલા
સહી શકનારા ગયા
વિનોદ વિરમી ગયા

કલમ ભલે ને બાજુ મૂકી,
ભલે થયા હવે મૌન
હાસ્ય સદા પડઘાય જે એવું
લખી શકનારા ગયા
વિનોદ વિરમી ગયા.

તારક ને ચીનુની સાથે
મોર્ગમાં આજે મહેફિલ
શોકાંજલિઓ વાંચીને એ
હસી શકનારા ગયા
વિનોદ વિરમી ગયા.

**–તુષાર શુકલ**

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



# ઉપનિષદોનો વારસો અને વૈભવ

❑ ગુણવંત શાહ

ઉપનિષદ એટલે સત્યસ્ય સત્યમ્.

વિખ્યાત ચિત્રકાર પિકાસોના જીવનનો એક પ્રસંગ છે. એનો મિત્ર એની પાસે ગયો અને એક ચિત્ર બતાવીને પૂછ્યું: 'તારું આ પેઈન્ટિંગ અસલી છે કે બનાવટી?' પિકાસોએ ધારી ધારીને ચિત્ર જોયું અને કહ્યું: 'આ મારું ચિત્ર નથી, બનાવટી ચિત્ર છે.' મિત્રે કહ્યું: 'આ ચિત્ર બનાવતી વખતે મેં તને નજરોનજર જોયેલો તેનું શું?' પિકાસોએ મિત્રને કહ્યું: 'અસલી પિકાસો કાયમ અસલી થોડી હોય છે?'

સદીઓથી એક શોધ ચાલતી રહી છે. સૂર્ય પ્રકાશે છે. વાદળો વરસે છે. તારાઓ, ગ્રહો અને ઉપગ્રહો આકાશમાં ઘૂમતા રહે છે. પ્રાણીઓ જન્મે છે, જીવે છે અને મૃત્યુ પામે છે. સૃષ્ટિનો ખેલ આપોઆપ કોઈ અકળ નિયમાનુસાર ચાલતો રહે છે. આ બધું કોણે રચ્યું? ઉત્પત્તિ, સ્થિતિ અને લયની પ્રતિક્ષણ ચાલતી આ લીલાનો લીલાધર કોણ? કઈ મહાસત્તા (સત્ + તા) આ ખેલ ચલાવે છે? કશુંય સમજાતું નથી. તોય શોધ ચાલતી રહે છે. આખરી સત્યની શોધનો કોઈ અંત નથી. રહસ્ય જેમ ઊંડું, તેમ જિજ્ઞાસા તીવ્ર હોવી જોઇએ. ઉપનિષદના ઋષિ આવી જિજ્ઞાસાને બ્રહ્મજિજ્ઞાસા કહે છે. અસલી સત્યની શોધ બનાવટી માણસ ન કરી શકે.

હાથીના શરીર પર ચાલતી એક કીડી હાથીના વિરાટ શરીરનો તાગ મેળવવા માટે લાંબી યાત્રાએ નીકળી પડે છે. ઘણો સમય વીતે છે તોય કીડી થાકતી નથી. હાથીની કાયાની રચનાનું રહસ્ય એને સમજાતું નથી. બધું ગૂઢ અને વિસ્મયકારક રહસ્યથી ભરેલું જણાય છે. ખાસા સમય બાદ એ કીડીને હાથીના શરીર પર ચાલી રહેલી બીજી કીડી મળી જાય છે. બન્ને વચ્ચે હાથીના શરીરની રચના અંગે લાંબો શાસ્ત્રાર્થ ચાલે છે. છેવટે બન્ને એક જ નિષ્કર્ષ પર પહોંચે છે : જો આપણને કીડી-સત્ય સમજાઈ જાય તો હાથી-સત્ય જરૂર સમજાઈ જાય. યથા પિંડે તથા બ્રહ્માંડે.

ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરે પોતાના બાળપણના સંસ્મરણો લખ્યાં છે. `Reminiscences' માં તેઓ લખે છે : મારા બાળપણને યાદ કરું ત્યારે મને લાગે છે કે જે વિચાર સૌથી વધારે વાર મનમાં ઊઠતો તે એ જ કે હું રહસ્યથી વીંટળાયેલો છું...મારા પિતાએ મને જે રીતે ડુંગરાઓમાં મન ફાવે તેમ ભટકવાની છૂટ આપેલી તે જ પ્રમાણે સત્યની શોધ માટે મને મારો માર્ગ પસંદ કરવાની સ્વતંત્રતા પણ આપેલી.

હું રહસ્યથી વીંટળાયેલો છું, એવો ભાવ જીવનભર જાળવી રાખે તે કવિ હોય. મનીષી હોય કે પછી ઋષિ હોય. રહસ્યને વિસ્મયની આંખે નીરખે તે કવિ. રહસ્યને જ્ઞાન-વિજ્ઞાનની પાંખે ઊડીને પરખે તે મનીષી. રહસ્યને દર્શન દ્વારા પામે તે ઋષિ. ઉપનિષદના ઋષિ સૃષ્ટિના રહસ્યને અંત:સ્ફુરણાને અજવાળે અવલોકે છે અને બ્રહ્મભાવની પાંખે ઊડીને હૃદયાકાશમાં સત્, ચીત અને આનંદની ઉજાણી માણે છે. એ ઉજાણી એટલે અસ્તિત્વનો ઉત્સવ.

માણસને કશું સમજાતું નથી. બધી સમજણ અદ્ભુતને ઓવારે આવીને અટકી જાય છે. બધું ડહાપણ અનંતને ખોળે જંપી જાય છે. શું આ સૃષ્ટિ કોઈ અકસ્માતને કારણે રચાઈ ગઈ? કોઈ પ્રિન્ટિંગ પ્રેસમાં જબરદસ્ત ધડાકો (બિગ બેન્ગ) થાય અને શબ્દકોશ રચાઈ જાય, એવું બને ખરું? આવા અઘરા પ્રશ્નોના જવાબ ન જડે. ત્યારે વિસ્મય પણ પ્રાર્થના બનીને સાર્થક થાય છે. કવિ ન્હાનાલાલની પ્રાર્થનામય પંક્તિઓમાં આવું બનતું જોવા મળે છે :

સહુ અદ્ભુતોમાં તુજ સ્વરૂપ અદ્ભુત નીરખું,
મહાજ્યોતિ જેવું નયન શશી ને સૂર્ય સરખું;
દિશાની ગુફાઓ પૃથિવી ઊંડું આકાશ ભરતો,
પ્રભો! તે સૌથીયે પર પરમ તું દૂર ઊડતો.

અદ્ભુતના પરમ આધારને સત્યમ્ કહે છે. અદ્ભુત પ્રત્યેના કલ્યાણભાવને શિવમ્ કહે છે. અદ્ભુત અંગેના પરમ વિસ્મયને સુન્દરમ્ કહે છે. જે સત્ય હોય તે જ કલ્યાણકારી (શિવમ્) હોઈ શકે અને જે સત્ય હોય, કલ્યાણકારી હોય તે જ સુંદર હોઈ શકે. કોઈ પણ શોધનું ચાલકબળ રહસ્ય છે. ગુરુદેવ ટાગોરની વાત સાચી છે. આપણે રહસ્યથી વીંટળાયેલાં છીએ, પરંતુ આપણામાંથી કેટલા લોકોને ઊગતો સૂર્ય જોવાની ફુરસદ છે? અદ્ભુતનો અનાદર જીવનભર થતો રહે છે. સત્યની શોધ બાજુ પર રહી જાય છે અને જીવન પૂરું થઈ જાય છે.

✷ ✷ ✷

## પિતૃદિન નિમિત્તે...



*દર સોમવારે વહેલી સવારે*
*હું કાચી ઊંઘમાં હોઉં ત્યારે*
*પપ્પા મને લાંબી પપ્પી કરીને*
*નોકરીએ નીકળી જાય છે...*
*તે છે...ક*
*શનિવારે પાછા આવે*
*હું પપ્પા કરતાંય વધારે*
*શનિવારની રાહ જોઉં છું...*
*કારણ કે*
*પપ્પા તો નાસ્તો લાવે, રમકડાં લાવે,*
*પછી શનિવાર તો*
*પપ્પાને લઈને આવે છે...*

❑ કિરણ ચૌહાણ



Digitalised By ITDESK SOLUTIONS LLP



# કોચલાનું ભેદન

**❑ મનસુખ સલ્લા**

'દીકરી, તું તો સામો કાંઠો જોઈને પાછી આવી છો. ભાગ્યશાળી છે તું, બહેન.'

કૃષ્ણાબા આવું કહેતા ત્યારે શ્વેતા મનમાં હરખાતી. પોતે જાણે મહાસાગર તરીને કાંઠે પહોંચી હોય તેવું અનુભવતી. કેવા કેવા તોફાન સામે બાથોડા ભર્યાં હતા-પોતે! ત્રણ વર્ષ કાંઈ ઓછાં ન કહેવાય. શરૂઆતમાં પરખાયું નહીં કે ખરેખર રોગ શાનો છે. આણંદથી મુંબઈ સુધીના ડૉક્ટરો અલગ અલગ નિદાન કરતા રહ્યા. નિદાન પ્રમાણે ટેસ્ટ, ઉપચારનો હારડો મોટો થતો રહ્યો અને પાછા હતા ત્યાંના ત્યાં.

ત્રીજા વર્ષે શ્વેતાને લાગ્યું કે હવે શરીર નહીં ટકે. મમ્મી સાંભળીને રડી પડતી. આશ્વાસન આપતી, રોગ મટ્યાનાં દૃષ્ટાંતો આપતી, પણ એનો અવાજ પાતળો પડી જતો. બા, મમ્મી, પપ્પા, ભાઈ, ભાભી સૌ ખડે પગે રહેતાં. ભાઈ ઘર બહાર નીકળતાં કે બહારથી આવીને પહેલાં તેની પાસે બેસતો. આશ્વાસન ન આપતો, પણ જાતજાતની વાતો કરી હસાવતો. રુચિ જેવી ભાભી તો સાત જનમના પુણ્ય હોય તો મળે. પપ્પા શ્વેતાની અસહ્ય પીડા જોઈનેપડખે બેસીને, તેનો હાથ હાથમાં લઈ રડ્યા કરતા. ભાગ્યે જ કાંઈ બોલતા. તેમના આંસુ જ બધું બોલતાં.

કટોકટીની પળે મોરચો સંભાળતાં દાદી કૃષ્ણાબા એટલે અડગ પહાડ. એક વાર ડૉક્ટરે તો કહી દીધું હતું, 'સગાંઓને બોલાવી લો.' ત્યારે બાએ કહી દીધેલું, 'ડૉક્ટરસાહેબ, મારી શ્વેતા જીવશે. એને યમરાજા પણ હાથ અડાડી નહીં શકે. તમે સૌ બહાર બેસો. હું બેઠી છું અહીંયા.' દાદીના આ વાક્યોએ ચમત્કાર સર્જ્યો હોય એમ શ્વેતાને શરીર સામે લડવાનું બળ મળી ગયું હતું. થોડી વાર પછી પપ્પા પાછા આવ્યા તો દાદીએ અટકાવી દીધેલા, 'સુકેતુ, તું તારું કામ કર. જરાય ચિંતા ન કરીશ. હું બેઠી છું.' ને શ્વેતાને માથે હાથ ફેરવતાં બોલ્યા હતા, 'આખું ઘર એક પગે થઈ ગયું છે. શરીર છે તે રાગ-કરાગ થાય, એટલે કાંઈ દુનિયા અટકી પડતી નથી.' પછી શ્વેતાના ગાલે હાથ ફેરવી કહ્યું હતું, 'ડૉક્ટર મોટો કે મારા ઠાકોરજી મોટા? હું તો મારા ઠાકોરજીના ભરોસે બેઠી છું, તું જરાય ઉચાટ નવ કરતી.'

આ બધું સાંભળીને શ્વેતાને દવા કરતાંય વધુ સારું લાગતું, જાણે રોગ ખરી પડતાં હોય એમ લાગતું. શુચિ જ્યુસ, રાબ, ગરમ પાણીની કોથળી, ઓછાડ બદલવો વગેરેમાં ઊભા પગે રહેતી. રાહુલ જેવો મીઠડો ભાઈ તો કોઈને જ મળે. રાતે જમીને સૌ શ્વેતાના રૂમમાં બેસે. અલકમલકની વાતો થાય, પણ કેન્દ્રમાં હોય હસવાનું. પપ્પા અને રાહુલ ક્યારેક, રાજકારણની ચર્ચામાં સામસામી તલવાર ખેંચે ત્યારે મમ્મી બોલી જાય, 'તમારામાંથી પ્રાઈમ મિનિસ્ટર કોણ થવાનું છે?' બંને હસી પડે. દાદી કહે, 'રાહુલ, તું પેલા હાસ્યકારની સીડી લાવ્યો છે એ મૂકને! સીડી જોતાં જોતાં સૌ એવું હસે કે વચ્ચે ઝોલું ખાઈ ગઈ હોય તેમાંથી શ્વેતા જાગી જાય.

***'જો બેટા, શરીર માંદું પડે એની દવા હોય, પણ મન માંદું પડે તો એ સમજણથી જ સારું થાય. મન તો ધજાની પૂંછડી જેવું છે, પવન પ્રમાણે ફરફર્યાં કરે. તારી માંદગી લાંબી ચાલી. આખું ઘર તારી આસપાસ ફરતું હતું. એની તારા મનને ટેવ પડી ગઈ છે. તને એ ગમવા માંડ્યું. લે આ ચીર ખા.' શ્વેતા બાને જોઈ રહી. બે ચોપડી ભણેલા બા આવી સમજ ધરાવે છે?***

માદગીમાં શ્વેતાને પળેપળે લાગતું કે સૌ જાણે એના શ્વાસે જીવી રહ્યા છે. એનો ઊંહકારો, મૂંગા થઈ જવું કે કોઈ વસ્તુની જરૂર હોય-બધામાં હાજર હોય તે સૌ જાણે મદદ કરવાની હરીફાઈમાં ઊતર્યાં ન હોય! કેવું સારું લાગતું! શ્વેતાને થતું, 'માંદગી ઈચ્છવા યોગ્ય નથી, પણ માંદગીએ જ મને ભાન કરાવ્યું કે આખો પરિવાર મને કેટલું બધું ચાહે છે? ભગવાન મારું આ સુખ કાયમ રાખજે.'

શ્વેતા સતત અનુભવતી કે સૌ તેની કાળજી લઈ રહ્યા છે. ક્યારેક મનમાં જ હસી પડતી કે આટલી કાળજી અને આટલો પ્રેમ મળતો હોય તો કઠણ માંદગી પણ ભલે ચાલુ રહેતી! પછી પોતાની આ ઘેલછા માટે શરમ અનુભવતી.

શ્વેતાનું મન ભર્યુંભર્યું હતું. માંદગીમાંથી બહાર આવી અને પથારીમાંથી ઊતરીને ચાલીને રસોડામાં ગઈ, ત્યારે નવેસર ચાલવાનું શીખી રહી હોય એવું અનુભવ્યું. મમ્મી ઝટપટ ટેબલ લઈ આવી, 'તું બેસ. વધુ વખત ઊભી ન રહેતી.' થોડી વાર બેસી મમ્મીને એણે કહ્યું, 'મમ્મી, હું રસોઈ કરીને તમને સૌને જમાડું એવી મારી ઈચ્છા છે.'

'કરીશ, કરીશ તું બધું જોજેને થોડાં વખતમાં ઘોડા વાળતી થઈ જઈશ.' મમ્મી તેના માથે હાથ ફેરવી દાળનો વઘાર કરવામાં મગ્ન થઈ ગઈ. પોતે કાંઈક બોલી પણ લાગ્યું કે મમ્મીએ સાંભળ્યું નહોતું. શ્વેતાને થયું, મારી પાછળ મમ્મીની ઉંમર વધી ગઈ હોય એમ લાગે છો! ઊઠીને બહાર આવી છાપું લઈને બેઠી, પણ છાપાના અક્ષરો મકોડા બનીને દોડતા હોય તેવું લાગ્યું. તેણે છાપું પાછું મૂકી દીધું.

થોડા દિવસમાં શ્વેતા હરતીફરતી થઈ ગઈ. બગીચામા નળીથી પાણી પાઈ રહી હતી. રુચી બહારથી શાકભાજીની થેલી ભરીને આવી. તે મલકી, 'સરસ. ખૂબ ગમ્યું. તમે બગીચામાં પહોંચ્યા એટલે બધાં ફૂલો હસી ઊઠ્યા હોય એવું લાગે છે.' શ્વેતાને મનમાં થયું, શુચિ કહેશે, 'અરે તમે પાણી પીવાની ચિંતા ન કરો. પછી હું પાઈ દઈશ.' એને બદલે એણે તો વખાણ કર્યાં.

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



ભાભી બદલાઈ ગઈ કે શું ? વળી થયું, એક તો તારા વખાણ કર્યાં તોય તને ઓછું કેમ પડ્યું ?

પાણીની નળીમાંથી પડતું પાણી કૂંડામાંથી નીચે પડતું હતું. શ્વેતા સામેના મકાનને તાકી રહી હતી. દાદીનું ધ્યાન ગયું. પાસે આવી કહે, 'ઓહો શ્વેતાકુમારી, પાણી પાઈ રહ્યાં છોને કાંઈ ?... પણ પાણી છોડલે બદલે ધૂળ પી રહી છે !' શ્વેતા જાગૃત થઈ. તેના હાથમાંથી નળી નીચે પડી ગઈ. નળી ઊઠાવી દાદી બોલ્યાં, 'તું ઘડીક હીંચકે બેસ. હું નળી ફેરવતી રહીશ.' દાદીમા હસ્યાં. દાદી કદી કટાક્ષ ન કરે, કેમ એમના અવાજનો ટોન કાંઈક જુદો લાગ્યો ?

શ્વેતા માંદગીમાંથી બેઠી થઈ ગઈ હતી. સૂઈ રહેવાનું ઘટી ગયું હતું. પણ ગઈ કાલ સુધી સૌ પોતાની આસપાસ ફરતા હતા તે કેમ દૂરદૂર ચાલ્યા ગયા હોય લાગે છે ? પપ્પા ઘેર આવ્યા પછી લખવા–વાંચવામાં જ ગૂંથાયેલા હોય છે. રાહુલને તો મારા માટે જાણે વખત જ નથી. સવારે જાય તે રાતે આવે. જમીને ટીવી સામે બેસે તો ત્યાં જ એની આંખો ઘેરાવા માંડે. કેમ હવે સૌ સાથે બેસીને વાતો નથી કરતા ?

શ્વેતા વધુ ને વધુ એકલી પડતી ગઈ. ભોજનના ટેબલ ઉપર સૌ હોય છે પણ વાતો તો સગાંઓની., ઑફિસની અને છાપાના સમાચારોની જ થાય છે. કેમ કોઈ મારે વિશે વાત કરતું નથી ? તેને કોઈક કાંઈક પૂછે તેવી અપેક્ષાથી શ્વેતા બધા સામે જોઈ રહેતી. દાદી કહેતા, 'શ્વેતા, તું તો કાંઈ જમતી જ નથી ? શાક આપું ? શ્રીખંડ લે. તને ભાવશે.' તે આભાર માનતી હોય એમ દાદી સામે જોઈ રહી, માથું હલાવી હા પાડતી.

ઘરના કેન્દ્રમાંથી પરિઘ પર આવી ગઈ હોય એમ શ્વેતા રૂમમાં પુરાઈ રહેતી. વાંચવાનું લઈને બેસતી પણ રસ ન પડતો. કોઈ પણ કામમાં ઝાઝી વાર મન ટકે નહીં. આ શું થયું છે પોતાને ? કેમ આખું ઘર બદલાઈ ગયું છે ? ડગલે ડગલે પોતાની કાળજી લેનારા આ સૌ જાણે મને ભૂલી ગયા છે ! શ્વેતા ગૂંગળાતી. ઘણું બધું કહી નાખવા મોં ખોલતી પણ હોંઠ ભીડીને શબ્દોને પાછા અંદર ધકેલી દેતી.

આપણા માટેની કેરીની છાલ મમ્મી અને દાદી ઉતારતા હતા. શ્વેતાએ ત્યાં જઈ કહ્યું, 'લાવો હું પણ છાલ ઉતારું.' મમ્મીએ કેરી અને ચપ્પુ અંબાવ્યાં. મમ્મી કેટલી બદલાઈ ગઈ છે ? પાણીનો ગ્લાસ લઈને પોતાને હાથે પાણી પીવડાવનાર મમ્મીએ કેટલી સહેલાઈથી કેરી અને ચપ્પુ ધરી દીધાં સામે ? 'એ તો એમ જ હોયને ? હું કાંઈ પથારીમાં થોડી છું કે બધું મમ્મી કરે ?' એના મને જ સામો પ્રશ્ન કર્યો. શ્વેતા ધૂંધવાઈ ઊઠી. એકાએક ચપ્પું તેના હાથમાં પેસી ગયું. લોહી નીકળ્યું. મમ્મીએ તેનો હાથ ઝાલી લીધો. 'બહેન, તું રહેવા દે.' દાદી શાંતિથી બોલ્યાં, 'આવા કામ શાંતિથી કરવા, બેન્ડેજ લગાડી દે.' મમ્મીએ લોહી સાફ કરી બેન્ડેજ લગાવ્યું. છેલ્લે તેનો હાથ પોતાના મોં નજીક લઈ જઈ ઉપર ફૂંક મારી. તેની સામે જોઈ બેઠી. ચેનલો બદલતી રહી. મમ્મી બોલી પણ ખરી, 'તું ટીવીમાં કાંઈ જુએ છે કે ચેનલ જ બદલ્યા કરે છે ?' શ્વેતા ટીવી બંધ કરતાં બોલી, 'વાહિયાત છે બધું.' તે પોતાના રૂમમાં ચાલી ગઈ.

શ્વેતાને થયું કે દવા ગળવાની જરૂર નથી, પથારીમાંથી ઉઠવાની જરૂર નથી, કોઈ સાથે બોલવાની જરૂર નથી. તે પથારીમાં જ પડી રહી. જમવાનો વખત થયો. દાદીએ તેને બોલાવી, પણ તેણે જવાબ ન આપ્યો. દાદી રૂમમાં આવ્યા, તેના કપાળે હાથ મૂકી બોલ્યા, 'જમવા ચાલ.' શ્વેતાએ આંખો બંધ રાખી કહ્યું, 'ભૂખ નથી શરીર કહે છે.' દાદીએ હાથ ઊંધા કરી ગાલે, ગળે અડાડ્યા. 'તાવ-બાવ નથી. બધા સાથે બેસ, બે કોળિયા ખાઈશ એટલે સારું લાગશે.' તે ઊઠી. ભોજનના ટેબલ પર સૌ બેઠા હતા. તેને જોઈ રહ્યા. પપ્પા બોલ્યા, 'તબિયત ઠીક નથી?' જવાબ દાદીએ આપ્યો, 'કાંઈ ખાસ નથી. સુસ્તી જેવું છે. ને શ્વેતાને પોતાની પાસે બેસાડી દીધી. જમતાં જમતાં વાતો થઈ પણ બીજી જ. શ્વેતાની નહીં. શ્વેતાને આઘાત લાગ્યો. આટલી હદે મારી ઉપેક્ષા ? છે કોઈને મારી પીડા માટે કાંઈ ?

એક રોટલી ખાઈને તે ઊઠી ગઈ. મમ્મીએ પૂછ્યું, 'કેમ આટલું જ ?' દાદી બોલ્યાં, 'સુસ્ત છે. પછી નાસ્તો કરશે.' શ્વેતા રૂમ તરફ ચાલી. ચાલતાં ચાલતાં જાણે એને ચક્કર આવ્યા હોય એમ માથું પકડીને ઊભી રહી ગઈ. બધા જમવાનું છોડીને દોડી આવ્યા. ભાભીએ હાથ પકડી લીધો. 'શું થાય છે ?' દવા બરાબર લીધી હતી ?' 'ડૉક્ટરને બોલાવી લઈએ.' 'હજુ નબળાઈ હોય ત્યાં સુધી બહુ હરફર ન કરવી.' શ્વેતા સાંભળતી રહી. સારું લાગ્યું. મમ્મી હાથ પકડીને પથારી સુધી લાવી, સુવડાવીને બોલી, 'એમ કર, તું ઘડીક આરામ કર. પછી રાબ પીજે. શક્તિ રહેશે. મન થાય ત્યારે કહેજે.' મમ્મી ગઈ.

શ્વેતા આંખ મીંચીને પડી રહી. રાહુલ આવ્યો, તેને સૂતેલી જોઈ પાછો ગયો. બહાર જતાં પહેલાં પપ્પા આવીને જોઈ ગયા. રૂમમાંથી બહાર આવીને બોલ્યા, 'ઊંઘ આવી ગઈ લાગે છે.' શ્વેતાની આંખ ઊઘડી ત્યારે ઘડિયાળમાં ચાર વાગ્યા હતા. અત્યાર સુધી કોઈ મારી ખબર પૂછવા પણ ન આવ્યું ? રાબનું પૂછવાય ન આવ્યું ? તેને બહુ માઠું લાગ્યું, 'કોઈને મારી કાંઈ પડી નથી.' તે ઊઘાડી આંખે પડી રહી. તેને લાગ્યું કે પંખો હવા ફેંકવા કરતાં અવાજ વધુ કરે છે. ત્યાં ઓરડામાં શુચિ પ્રવેશી. કપાળે હાથ ફેરવતાં બોલી, 'કેમ છે હવે ? રાબ બનાવું ? મહાપરાણે બોલતી હોય તેમ શ્વેતા બોલી, 'પહેલાં કરતાં સારું છે.' 'તમે સૂઈ રહો. હું રાબ બનાવીને લાવું પછી ઊઠજો.' શુચિ ગઈ શ્વેતાને સારું લાગ્યું. બારી ખોલી બગીચામાં જોઈ રહી. ગરમાળાના ફૂલથી મન ભરાઈ ગયું. ગુલાબ ઉપર નવા ફૂલ આવ્યાં હતાં. તેથી શોભતો હતો. 'ફૂલ સચવાય તો જ ખીલે.' તે મનમાં બોલી. ત્યાં શુચિ રાબ લઈને આવી. 'હમણાં રહેવા દો, પછી પીશ' કહી તે પડખું ફરી ગઈ. શુચિએ આગ્રહ કર્યો, 'થોડીક પીઓ એટલે શક્તિ આવશે.' તેણે હાથનો ટેકો કરી શ્વેતાને બેઠી કરી. પડખે બેસી રાબ પીવડાવી. શ્વેતાને ગમ્યું.

આખા ઘરને અને ડૉક્ટરને સમજાતું નહોતું કે શ્વેતાની તબિયત ફરી કેમ બગડી. ડૉક્ટર પણ વિચારમાં પડી ગયા. બધા ટેસ્ટ



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



નોર્મલ આવ્યા હતા. શ્વેતા જાણે ફિક્કી પડી ગઈ હતી. તેનો ખોરાક ઘટી ગયો. વાત કરવાનું બંધ થઈ ગયું. પથારીમાંથી લગભગ ઊઠે નહીં. આખું ઘર ચિંતાથી વ્યાકુળ હતું. દાદી શાંત હતા. શ્વેતા પાસે આવીને બેસતા. કહેતા, 'આપણે સાથે ભજન ગાઈએ.' 'બા, મને કાંઈ મન નથી થાતું. 'હું જાણું છું' કહીને દાદીએ ભજન ઉપાડ્યું. બે લીટી ગાઈ પછી કહે, 'તું તારાથી પુરાવાય એટલો સૂર પુરાવ.' દાદી ભજત ગાતા રહ્યાં. શ્વેતાનો સૂર ધીરે ધીરે મળતો રહ્યો. ત્રણ દિવસ આમ ચાલ્યું. ભજન સિવાય કોઈ વાત નહીં. ચોથે દિવસે દાદી સાથે કેરી લેતા આવ્યા. સામે બેસી કેરી સુધારી, ચીર કરી શ્વેતાને ધરી, શ્વેતા થાકેલા અવાજે બોલી, 'બા મને મન નથી.'

'જાણું છું. કાંઈ વાંધો નહીં. દવા ગણીને ખા.' શ્વેતા ધીરે ધીરે કેરી ખાવા લાગી. દાદી બોલ્યા, 'બેટા, આ કેરી પહેલાં કેવી ખાટી હોય છે ? પછી મીઠી થાય છે ને ? કારણ કે આપણે એનો દાબો નાંખીને તપાવી. આપણું પણ એવું છે. તપીએ એટલે માણસના મેળમાં આવીએ.' શ્વેતા દાદી સામે જોઈ રહી. દાદીએ બીજી બે ચીર ધરી. 'ખાતી જા. ખાતાં ખાતાં વાત થશે.' વળી ડિશમાં વધુ ચીરો મૂકી. 'તું તો ઉંમરલાયક છો. જાણે છે. આપણા ત્રણ દિવસ કેવા કઠણ હોય છે ? પણ એ શરીરની એક પ્રકારની શુદ્ધિ છે. એમ મનમાં બાવાંજાળાં જામે એને સાફ કરીએ તો મન ચોખ્ખું અને સરખું થાય. લે આ ચીર વધુ મીઠી હશે.'

શ્વેતા દાદી સામે જોઈ રહી. તેને સમજાયું નહીં કે દાદી શું કહી રહ્યાં છે. 'જો બેટા, શરીર માંદું પડે એની દવા હોય, પણ મન માંદું પડે તો એ સમજણથી જ સારું થાય. મન તો ધજાની પૂંછડી જેવું છે, પવન પ્રમાણે ફરફર્યા કરે. તારી માંદગી લાંબી ચાલી. આખું ઘર તારી આસપાસ ફરતું હતું. એની તારા મનને ટેવ પડી ગઈ છે. તને એ ગમવા માંડ્યું. લે આ ચીર ખા.' શ્વેતા બાને જોઈ રહી. બે ચોપડી ભણેલા બા આવી સમજ ધરાવે છે ? બાએ કહ્યું, 'અને એવું થાય પણ ખરું, પણ બાળકને કાયમ તેડીને ન ફેરવાય. બાળક મોટું થાય એમ પગે ચાલતું ને દોડતું

***બા બોલ્યાં, 'મારી દીકરી પહેલી વાર યમરાજાને હાથતાળી દઈને પાછી આવી હતી તેમ આ વખતે મનના ભૂતને ભગાડીને પાછી આવી છે!' શ્વેતાના માથા પર બાએ હાથ મૂક્યો. સૌ બા અને શ્વેતાને પ્રથમ વખત જોતાં હોય એમ જોઈ રહ્યા.***

## લહેર પડી ગઈ, યાર !

*મારું મન*
*વિપરીત સ્થિતિમાં પણ*
*શાંત રહી શકતું હોય*
*હું ખડખડાટ*
*હસી શકતો હોઉં*
*અને ઘસઘસાટ ઊંઘી શકતો હોઉં*
*મને ભૂખ*
*અને થાક*
*અને પ્યાસ*
*લાગી શકતાં હોય*
*મહારોગ*
*કે*
*દેવું ન હોય*
*મારું પોતાનું એક ઘર હોય*
*અને એની નીચે મારાં સ્વજનો સાથે હું*
*મારી દાલ -રોટી*
*ખાઈ શકતો હોઉં*
*ચાયની ચુસકી લેતાં લેતાં*
*શનિવારની સાંજે*
*મને ગમતા મારા મિત્ર કે મિત્રો*
*સાથે બેસી શકતો હોઉં*
*તો*
*થેંક યૂ, ગોડ !*
*મારી યોગ્યતા કરતાં તેં મને ઘણું*
*વધારે આપી દીધું છે !*
*અને જીવનના છેલ્લા દિવસ*
*સુધી બસ આટલું રહી શકે તો...*
*મરતી વખતે હું કહીશ...*
*લહેર પડી ગઈ, યાર !*

**❑ ચંદ્રકાંત બક્ષી**

થાય તો જ મોટું થયું ગણાય. એક વાત કહું તને ? તને માંદગી ગમી ગઈ છે. માંદગીને કારણે તને બધાની કાળજી મળે છે એટલે તને એ ગમે છે, પણ દીકરી, શિયાળાના કપડાં ગમે એટલી હૂંફ આપતાં હોય પણ ઉનાળામાં ન પહેરાય. નહીં તો બફાઈ મરીએ. તું અંદરથી બફાઈ મરે છે એની આ માંદગી છે. ઊભી કરેલી માંદગી છે. તારે દવા અને ડોક્ટરની જરૂર નથી, જરૂર છે આ શિયાળાના કપડાં કાઢી નાખવાની.માંદગી વગર પણ તને આખું ઘર ચાહે છે એ તને કેમ દેખાતું નથી ?'

શ્વેતા ઊભી થઈ ગઈ. દાદીને વળગી પડી. રડી પડી. 'બા, તમે સાચાં છો. આ માંદગી મેં માંગેલી છે. મને માફ કરો, બા !' દાદીએ તેને બાથમાં લઈ પલંગ પર બેસાડી. 'તેં ખાટલામાં પડી રહેવા માટે જન્મ નથી લીધો, અનેક પરાક્રમો કરવા જન્મ લીધો છે. તારે અનેક શિખરો સર કરવાના છે. મારી દીકરી આવી ઢીલીપોચી હોય અને મન રમાડે એમ રમે એ કેમ ચાલે ? ઉતારી નાખ આ શિયાળાના કપડાં. પછી જો કે કેવી હળવીફૂલ થઈ જા છો.'

'બા, મોતિયો ઊતરે ને બધું બરાબર ચોખ્ખું દેખાતું થઈ જાય એમ મને દેખાય છે કે લાંબી માંદગીએ હું મારાપણું ખોઈ બેઠી. તમારા સૌના પ્રેમનો મેં ખોટો અર્થ કર્યો.'

'બસ, તો દીકરી, તું નિરોગી છે. થા ઊભી. ચાલ મારી સાથે. છોડ તારો પલંગ ને ઓરડો !'

શ્વેતા બાની પડખે ઊભી રહી ગઈ. તેનું મોં હસી રહ્યું હતું અને આંખમાંથી આંસુ વહી રહ્યાં હતાં. 'ચાલ, બેટા, બહાર આવ. સૌને તારી નવી ઓળખ કરાવું.' બા શ્વેતાનો હાથ પકડી બહાર આવ્યા. ભાઈ-ભાભી, મમ્મી-પપ્પા શ્વેતાને અને બાને જોઈ રહ્યાં. શ્વેતાના મોં પર નવી આભા ચમકી રહી હતી. સૌ કાંઈક બોલવા જતાં હતાં ત્યાં બા બોલ્યાં, 'મારી દીકરી પહેલી વાર યમરાજાને હાથતાળી દઈને પાછી આવી હતી તેમ આ વખતે મનના ભૂતને ભગાડીને પાછી આવી છે !' શ્વેતાના માથા પર બાએ હાથ મૂક્યો. સૌ બા અને શ્વેતાને પ્રથમ વખત જોતાં હોય એમ જોઈ રહ્યા. કોઈ કશું સમજ્યું નહીં. શ્વેતા બા સામે જોઈ હસી પડી. ✷ ✷ ✷



Digitalised By ITDESK SOLUTIONS LLP

# ૧૦૧ ગુજરાતી કહેવતો – તમને કેટલી કહેવતો યાદ છે ?

૧. બોલે તેના બોર વેચાય.
૨. ના બોલવામાં નવ ગુણ.
૩. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન.
૪. ગાંડી સાસરે ન જાય અને ડાહીને શીખામણ આપે.
૫. સંપ ત્યાં જંપ.
૬. બકરું કાઢતાં ઊંટ પેઠું.
૭. રાજા, વાજા ને વાંદરાં ત્રણેય સરખા.
૮. સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય.
૯. બગલમાં છરી અને ગામમાં ઢંઢેરો.
૧૦. લૂલી વાસીદુ વાળે અને સાત જણને કામે લગાડે.
૧૧. અધૂરો ઘડો છલકાય ઘણો.
૧૨. ખાલી ચણો વાગે ઘણો.
૧૩. પારકી મા જ કાન વીંધે.
૧૪. જ્યાં ન પહોંચે રવિ, ત્યાં પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.
૧૫. ટીપે ટીપે સરોવર ભરાય.
૧૬. દૂરથી ડુંગર રળિયામણા.
૧૭. લોભી હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે.
૧૮. શેરને માથે સવા શેર.
૧૯. શેઠની શિખામણ ઝાંપા સુધી.
૨૦. હીરો ગોગે જઈ આવ્યો અને ડેલીએ હાથ દઈ આવ્યો.
૨૧. વડ જેવા ટેટા ને બાપ તેવા બેટા.
૨૨. પાડાના વાંકે પખાલીને ડામ.
૨૩. રામ રાખે તેને કોણ ચાખે.
૨૪. ઊંટના અઢાર વાંકા.
૨૫. ઝાઝા હાથ રળિયામણાં.
૨૬. કીડીને કણ ને હાથીને મણ.
૨૭. સંઘર્યો સાપ પણ કામનો.
૨૮. ખોદ્યો ડુંગર, નીકળ્યો ઉંદર.
૨૯. નાચ ન જાને આંગન ટેઢા.
૩૦. ઝાઝી કીડીઓ સાપને તાણે.
૩૧. ચેતતા નર સદા સુખી.
૩૨. સો દાહડા સાસુના એક દાહડો વહુનો.
૩૩. વાડ થઈને ચીભડાં ગળે.
૩૪. ઉતાવળે આંબા ન પાકે.
૩૫. સાપ ગયા અને લીસોટા રહી ગયા.
૩૬. મોરનાં ઈંડા ચીતરવા ન પડે.
૩૭. પાકા ઘડે કાંઠા ન ચડે.
૩૮. કાશીમાં પણ કાગડા તો કાળા.
૩૯. કૂતરાની પૂંછડી જમીનમાં દાટો તો પણ વાંકી ને વાંકી જ.
૪૦. પુત્રનાં લક્ષણ પારણામાં અને વહુના લક્ષણ બારણાંમાં.
૪૧. દુકાળમાં અધિક માસ.
૪૨. એક સાંધતાં તેર તૂટે.
૪૩. કામ કરે તે કાલા, વાત કરે તે વહાલાં.
૪૪. મા તે મા, બીજા વગડાનાં વા.
૪૫. ધીરજનાં ફળ મીઠાં.
૪૬. માણ્યું તેનું સ્મરણ પણ લહાણું.
૪૭. કૂવામાં હોય તો હવાડામાં આવે.
૪૮. સો સોનારકી, એક લૂહારકી.
૪૯. રાજાને ગમે તે રાણી.
૫૦. કાગનું બેસવું અને ડાળનું પડવું.
૫૧. આમદાની અઠ્ઠની, ખર્ચા રૂપૈયા.
૫૨. ગાંડાના ગામ ન હોય.
૫૩. સૂકા ભેગું લીલું બળે.
૫૪. બાવાના બેઉ બગડે.
૫૫. લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે કપાળ ધોવા ન જવાય.
૫૬. વાવો તેવું લણો.
૫૭. શેતાનનું નામ લીધું શેતાન હાજર.
૫૮. વખાણેલી ખીચડી દાઢે વળગી.
૫૯. દશેરાના દિવસે ઘોડા ન દોડે.
૬૦. સંગ તેવો રંગ.
૬૧. બાંધી મૂઠી લાખની.
૬૨. લાખ મળ્યાં નહિ ને લખેશ્રી થયા નહિ.
૬૩. નાણાં વગરનો નાથીયો, નાણે નાથાલાલ.
૬૪. લાલો લાભ વિના ન લોટે.
૬૫. હિમ્મતે મર્દા તો મદદે ખુદા.
૬૬. પૈની પેદાશ નહીં અને ઘડીની નવરાશ નહીં.
૬૭. છાશ લેવા જવું અને દોહણી સંતાડવી.
૬૮. ધોબીનો કૂતરો ન ઘરનો ન ઘાટનો.
૬૯. ધરમની ગાયનાં દાંત ન જોવાય.
૭૦. હાથી જીવતો લાખનો મરે તો સવા લાખનો.
૭૧. સીધું જાય અને યજમાન રિસાય.
૭૨. વર મરો, કન્યા મરો પણ ગોરનું તરભાણું ભરો.
૭૩. હસે તેનું ઘર વસે.
૭૪. બેગાની શાદીમેં અબદુલ્લા દિવાના.
૭૫. ફરે તે ચરે, બાંધ્યા ભૂખ્યા મરે.
૭૬. ભેંસ આગળ ભાગવત.
૭૭. ઘરના છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો.
૭૮. રાત થોડી ને વેશ ઝાઝા.
૭૯. ના મામા કરતાં કાણો મામો સારો.
૮૦. ભેંસ ભાગોળે અને છાશ છાગોળે.
૮૧. મન હોય તો માંડવે જવાય.
૮૨. અણી ચૂક્યો સો વર્ષ જીવે.
૮૩. પારકી આશ સદા નિરાશ.
૮૪. ઘરકી મુર્ગી દાલ બરાબર.
૮૫. બાર વર્ષે બાવો બોલ્યો.
૮૬. પહેલું સુખ તે જાતે નર્યા.
૮૭. ભાવતું હતું ને વૈદે કીધું.
૮૮. જેને કોઈ ન પહોંચે તેને તેનું પેટ પહોંચે.
૮૯. નામ મોટા દર્શન ખોટા.
૯૦. લાતોના ભૂત વાતોથી ન માને.
૯૧. ગા વાળે તે ગોવાળ.
૯૨. બાંધે એની તલવાર.
૯૩. ઘેર ઘેર માટીનાં ચૂલા.
૯૪. ઝાઝા ગુમડે ઝાઝી વ્યથા.
૯૫. મારું મારું આગવું ને તારું મારું સહિયારું.
૯૬. આગ લાગે ત્યારે કૂવો ખોદવા ન જવાય.
૯૭. આંધળામાં કાણો રાજા.
૯૮. ઈદ પછી રોજા.
૯૯. ખાડો ખોદે તે પડે.
૧૦૦. ક્યાં રાજા ભોજ, ક્યાં ગંગુ તેલી
૧૦૧. નમે તે સૌને ગમે.

✶ ✶ ✶

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



# સગા દીકરા-વહુ સામે સ્વમાનના સવાલો કરીએ તો સંસાર કડવો-વખ થઈ જાય !

❑ રોહિત શાહ



ન્યૂ જર્સીના વૈભવી ફ્લેટમાં પતિ-પત્ની વ્યાકુળ હતાં. ઈન્ડિયા છોડીને પોતાના એકના એક પુત્ર સાથે રહેવા આવવાની પોતે જાણે ગંભીર ભૂલ કરી હોય એવી વ્યથા તેમને ડંખતી હતી. એક વખત પતિએ ઘેરા સાદે કહ્યું :

'ચાલ, આપણે બંને ઈન્ડિયા પાછાં જતા રહીએ...'

'હવે આ ઉંમરે ઈન્ડિયા જઈને આપણે શું કરીશું ?' પત્નીએ ઠાવકો જવાબ આપ્યો, 'ત્યાં હવે આપણું કોણ છે ?'

'ત્યાં બોરીવલીમાં ત્રણ બેડરૂમનો ફ્લેટ છે. વાપરી ન શકાય એટલી સંપત્તિ છે. નોકર-ચાકરની ફોજ રાખીને મોજથી જીવી શકાશે. હવે અહીં મારું મન સંતાપ અનુભવે છે. આપણા દીકરા-વહુને આપણી સાથે બેસવાનીયે ફુરસદ નથી. અહીં આપણે જાણે તેમની દીકરીને સાચવવા માટે ભાડૂતી માણસો બનીને જીવીએ છીએ.'

'તેમની દીકરી એટલે આપણી પૌત્રી નહીં ?' પત્નીએ છણકો કર્યો.

'તારે મન મનાવવું હોય એમ ભલે મનાવ, પણ મને એવું નહીં ફાવે. ગ્રેન્ડ ડૉટરની સેવા કરવામાં આપણે આપણી ખુદની આઈડેન્ટિટી ખોઈ બેઠાં હોઇએ એવું ફીલ થાય છે. તનેય વહુની સેવા તો નથી મળતી, ઊલટાનું તારે જ તેની વેઠ કરવી પડે છે. આ ઉંમરે સવારે વહેલાં ઊઠીને તારે તેમના માટે રસોઈ કરવાની, તેમના ટિફિન ભરવાના, સાંજે તેઓ આવે ત્યારે તેમના માટે ડિનર તૈયાર રાખવાનું...મારેય ગ્રેન્ડડોટરને સ્કૂલે લેવા-મૂકવા જવાનું, તેને ગાર્ડનમાં ફરવા લઈ જવાની... આપણે આખી લાઈફ ડ્યુટી નિભાવ્યા કરવાની? કદી નિરાંત નહીં માણવાની? ઈન્ડિયામાં આપણને ઓળખતા હોય એવા કેટલા બધા સ્વજનો છે ! અહીં તો આ વૈભવી ફ્લેટનો કારાવાસ છે...' પતિના શબ્દેશબ્દમાંથી જાણે વલોપાત નીતરતો હતો.

પત્નીએ તેમની પાસે જઈને સહેજ સ્મિત સાથે કહ્યું, 'એક વિનંતી કરું ? તમારા જીવને જરાય બળાપો ન થવા દેશો. તમે સ્વમાનથી અને સ્વાવલંબીપણે જીવ્યા છો એટલે અને પછી કોઈની પાસેથી તમને કશી અપેક્ષા નથી એટલે પાછળની લાઈફમાં ઓશિયાળા કે પરાવલંબી થવું તમને નહીં ગમે, પરંતુ બીજી રીતે વિચારીએ તો શું આ આપણું સદ્‌નસીબ નથી કે આપણને આપણી પૌત્રી સાથે વહાલ કરવાનો અવસર મળ્યો છે.. ? એવા ઘણાય વાંઝિયા અને નિર્વંશ લોકો છે જેમને વહાલનો ખજાનો તો લૂંટાવવો છો, પણ લૂંટનારું કોઈ નથી. તેમના કરતાં તો આપણે વધુ સુખી જ છીએ. વળી, જમાનો બદલાયો છે. આપણા જમાનામાં જરૂરતો ઓછી હતી, સ્પર્ધાઓય ઓછી હતી, એટલે એક જ વ્યક્તિની કમાણી પર આખો પરિવાર નભતો હતો. હવે એવું ચાલે એમ નથી. હવે તો સુખ અને સાહ્યબીનો જ મહિમા થવાનો છે. આપણે

> ***'આપણે કદાચ ઈન્ડિયા જઈને એકલા રહીશું તો બીજી તો કશી તકલીફ નહીં પડે. નોકર-ચાકરની સેવાયે લઈ શકીશું; પરંતુ લાગણીને વહાવવા માટે હૈયાના એક ખૂણામાં છાનો અજંપો તો રહેશે જ ! સ્વજનો વિનાનું સુખ ક્યારેય મીઠું નથી લાગતું. હવેથી આપણે એમ સમજીશું કે દીકરા-વહુને આપણી ગરજ છે તો આપણનેય તેમની જરૂર છે. છતે પાણીએ તરસ્યા નથી મરવું.'***

વર્ષમાં બે વખત કદાચ પિક્ચર જોવા જતા હતા કે હોટલમાં જમવા જતા હતા. આજે તો વીક-એન્ડ આવે એટલે સૌ એન્જોય કરવા નીકળી પડે છે. સૌને જમાના પ્રમાણે જીવવું પડતું હોય છે. આપણે આપણા જમાનાના જૂના રાગ આલાપતાં રહીએ તો કેમ ચાલે ?'

'તો શું હવે આપણે સ્વમાનહીન થઈને અહીં પડ્યાં રહેવાનું ?' પતિની અકળામણ હજી તણખા વેરતી હતી.

સ્વમાન કોની સામે રાખવાનું ? સગાં દીકરા-વહુની સાથે સ્વમાનના સવાલો પેદા કરીએ તો સંસાર કડવો વખ થઈ જાય. આજકાલ તો દીકરી-વહુને પોતાના મા-બાપ પણ ભારે પડતાં હોય છે. કોઈને જવાબદારી લેવાનું ગમતું નથી. આપણા દીકરા-વહુ તો સારા છે. આપણને તેમની સાથે રહેવા અહીં બોલાવી લીધા. એમાં તેમનો સ્વાર્થ હશે એય હું સમજું છું. ઘર સંભાળવા માટે, સંતાનની સંભાળ માટે તેમને આપણી ગરજ છે એમ માનીએ તોય એમાં ખોટું શું છે ? સાચું કહેજો, આપણી ગ્રેન્ડડોટર આપણી સાથે કાલીઘેલી ભાષામાં વાતો કરે છે અને આપણને વળગીને સૂઈ જાય છે ત્યારે આપણને હૈયામાં કેવી ટાઢક થાય છે ! તેની સાથે રમવામાં ને તેની પળોજણ કરવામાં આપણે આપણી ઉંમરનેય ભૂલી જઈએ છીએ કે નહીં ?'

પત્ની આજે જાણે પતિના દાઝેલા-ઘવાયેલા હૈયા પર શબ્દોના મલમ ચોપડી રહી હતી.એ મલમની ટાઢકનો પડઘો પડતાં પતિએ કહ્યું, 'તારી વાત સાવ સાચી છે. સંસારમાં સૌને પોતાની અપેક્ષા પ્રમાણે સુખ નથી જ મળતું અને ન જ મળી શકે. પોતાના ભાગમાં જેટલું અને જેવું સુખ આવ્યું હોય એમાં ધરાઈને જીવી લેવાની આવડત કેળવવી પડે. આપણા જેવી હજારો ફેમિલી હશે જેમાં મા-બાપને પાછળની જિંદગીમાંય થોડીક જવાબદારીઓ નિભાવવી પડતી હોય. ગ્રેન્ડડોટર કે ગ્રેન્ડસન સાથે જીવવું એ સુખદ જવાબદારી છે. આપણે કદાચ ઈન્ડિયા જઈને એકલા રહીશું તો બીજી તો કશી તકલીફ



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



નહીં પડે. નોકર-ચાકરની સેવાયે લઈ શકીશું; પરંતુ લાગણીને વહાવવા માટે હૈયાના એક ખૂણામાં છાનો અજંપો તો રહેશે જ! સ્વજનો વિનાનું સુખ ક્યારેય મીઠું નથી લાગતું. હવેથી આપણે એમ સમજીશું કે દીકરા-વહુને આપણી ગરજ છે તો આપણનેય તેમની જરૂર છે. છતે પાણીએ તરસ્યા નથી મરવું.'

પત્નીની આંખમાં ઝળઝળિયા છલકાયા. તેણે કહ્યું, 'મનેય શાંતિ થઈ. ઘણા વખતથી તમે ઈન્ડિયા જવા હઠ કરતા હતા...બીજી તરફ મારું હૃદય દીકરાથી છૂટા પડવા તૈયાર નહોતું. હું મનોમન રિબાતી હતી. તમે મારી વાત સમજ્યા એટલે મને હવે જીવતેજીવ મોક્ષ મળી ગયો.'

બાળપણ અને ઘડપણ બંને અવસ્થાઓ એવી છે કે એમાં બીજાની હૂંફની અપેક્ષા રહે છે. બાળપણમાં અપેક્ષા અણસમજુ હોય છે, નાદાન હોય છે. ઘડપણમાં અપેક્ષા અધિકારભાવ સહિતની હોય છે. વળતરના હિસાબ સહિતની હોય છે. બાળપણમાં અપેક્ષા પૂરી ન થાય તો ફરિયાદ કરવા જેટલી પણ સજ્જતા નથી હોતી, એટલે એ રડીને કે રિબાઈને પડ્યું રહેતું હોય છે. ઘડપણમાં તો ઘણી સભાનતા અને સજ્જતા હોય છે. કોની સામે જઈને રોદણાં રડવા, કોની પાસે જઈને ટીકા-વગોવણી કરવી વગેરેની સજ્જતા કેળવાઈ ચૂકી હોય છે.

પ્રૌઢવય પછી મોટા ભાગે માણસ પાસે ખાસ કશી પ્રવૃત્તિ હોતી નથી. જેની પાસે પ્રવૃત્તિ ન હોય એવી વ્યક્તિને અપેક્ષાઓ ઝાઝી હોવાની. પ્રવૃત્તિ માણસને અપેક્ષાયુક્ત રાખે છે. નવરાશ મળે એટલે કોઈનો સથવારો કે કોઈની હૂંફ જોઇએ. બે ઘડી પાસે બેસીને વાતો કરનારું કોઈક જોઇએ. જો આડોશ-પાડોશમાંથી કોઈ એવું પાત્ર મળી જાય તો વાંધો ન આવે, નહીંતર પોતાના સંતાનો પ્રત્યેની અપેક્ષાઓ વધી જાય છે : તને અમારી પરવા જ નથી. તને અમારા માટે લાગણીયે નથી. રવિવારે ફરવા જવાનો ટાઈમ તને મળે છે, પણ માવતર પાસે બેસવાની ફુરસદ તને નથી મળતી. અમે તને વધારાના લાગીએ છીએ. અમે તને ભારરૂપ લાગીએ છીએ.

આવી ફરિયાદો ક્યારેક તો સંતાનોને દઝાડતી હોય છે, કારણ કે સંતાનોને તેમની સમસ્યાઓ અને તેમની મજબૂરી હોય છે. પાછલી ઉંમરે જો સંતાનોની સાથે રહેવાનું જ હોય તો સમજણપૂર્વક કેમ ન રહેવું? જીભને કાબૂમાં રાખીને તથા સ્વમાનની વાતને બાજુએ મૂકીને સંતાનો સાથે સુમેળ સાધવાનું શું દરેક વખતે અશક્ય જ હોય છે? સંતાનોને પ્રવૃત્તિ હોય, તેમના પોતાના રસ-રુચિ હોય, તેમના અંગત આયોજનો હોય તો એમાં આપણે શા માટે મનમાં ઓછું લાવવું? સંતાનોના સુખે સુખી થતાં આવડે તો ઘડપણની ઘણી તકલીફોમાં રાહત મળે. પૌત્ર-પૌત્રીને સાચવવા એ દુર્ભાગ્ય નથી. સદ્ભાગ્ય છે. તેમનું જતન કરવામાં આપણે આપણા અજંપા અને આપણી અધૂરાશોને ઓગાળી દઈએ તો ઘડપણ ગૌરવરૂપ અને આદરરૂપ બને.

✷ ✷ ✷

# શરીરનો નાશ થાય છે, આત્માનો નહીં

## સોક્રેટિસને મૃત્યુ અગાઉ તેમની અંતિમક્રિયા વિશે શિષ્યોએ સવાલ કર્યો ત્યારે...

સોક્રેટિસે કોઈપણ દલીલ કે બચાવ કર્યા વિના એ સજા સ્વીકારી લીધી. સોક્રેટિસને જેલમાં પૂરી દેવાયા. તેમણે ઝેર પીવાનું હતું એના આગલા દિવસે તેમના શિષ્યોએ તેમને મળવાની ઈચ્છા વ્યક્ત કરી. શાસકોએ તેમની વિનંતી મંજૂર રાખી.

શિષ્યો સોક્રેટિસને મળવા ગયા. તેમણે કહ્યું કે અમારા માટે તો આ બહુ મોટો આઘાત છે. તમારા મૃત્યુને પચાવવું અમારા માટે મુશ્કેલ બની રહેશે.

સોક્રેટિસે તેમને કહ્યું કે મારું શરીર આ દુનિયામાંથી વિદાય લેશે, મારા આત્માનો નાશ નહીં થાય. એ પછી તેમણે આત્માની શાશ્વતી વિશે ઉપદેસ આપ્યો.

સોક્રેટિસનો ઉપદેશ પૂરો થયો પછી શિષ્યોએ તેમને પૂછ્યું કે અમે આપની અંતિમક્રિયા ક્યાં



અને કેવી રીતે કરીએ?

સોક્રેટિસે કહ્યું, 'મેં તમને હમણાં જે ઉપદેશ આપ્યો એ તમે સમજ્યા હો એવું લાગતું નથી. મને મારે બીજા લોકો અને દફનાવશો તમે? તમે મને ક્યાં દફનાવશો, માટીમાં? ન તો કોઈ મને કોઈ મારી શકે એમ છે કે ન તો કોઈ મનેદફનાવી શકે એમ છે. મેં હજુ હમણાં જ તમને કહ્યું કે કાલે મારું શરીર પૃથ્વી પરથી વિદાય થશે, પણ મારો આત્મા તો શાશ્વત જ રહેશે. મેં તમને અનેક વાર કહ્યું છે કે આત્મા અમર છે. એ કદી મરતો નથી. આત્માને કોણ મારી શકે કે દફનાવી શકે? અને રહી વાત મારા શરીરની તો જે અજ્ઞાનીઓ તેમની અણસમજને કારણે મારા શરીરનો અંત લાવવા માગે છે તેમને એમ છે કે તો મને મારી રહ્યા છે, પણ તેમને ખબર નથી કે કાલે મારા શરીરનો અંત આવશે, મારા આત્માનો નહીં. તમે મારી અંતિમક્રિયા વિશે પૂછીને એ જ ભૂલ કરી રહ્યાં છો જે પેલા અજ્ઞાનીઓ કરી રહ્યા છે!' સોક્રેટિસના શબ્દો કદાચ એ વખતે તેમના શિષ્યોને સમજાયા નહીં હોય, પણ આજે અઢી હજાર વર્ષ પછી પણ સોક્રેટિસ તેમના શબ્દો થકી, તેમના વિચારો થકી દુનિયામાં હયાત છે.

✷ ✷ ✷



Digitalised By ITDESK SOLUTIONS LLP

# સાભાર સ્વીકાર

વઢવાણ નિવાસી હાલ દાદર, શ્રી રાજીવભાઈ રમણીકલાલ સંઘવીના સુપુત્ર ચિ. હર્ષનું વેવિશાળ અમરેલી નિવાસી હાલ દાદર શ્રી જયદીપભાઈ વિનુભાઈ મહેતાની સુપુત્રી ચિ. ધ્વનિ સાથે થયું તે પ્રસંગે
સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૦૨

વઢવાણ નિવાસી હાલ દહીંસર, શ્રી ભરતકુમાર મહેન્દ્રકુમાર ધોળકિયા તરફથી તેમના સુપુત્ર ચિ. હાર્દિકના શુભલગ્ન દેવલિયા નિવાસી હાલ બોરીવલી શ્રી અનિલભાઈ જે. શાહની સુપુત્રી ચિ. નિકિતા સાથે થયા તે નિમિત્તે
ઉચ્ચ શિક્ષણ ફંડ ૩૦૦૦
તબીબી રાહત ફંડ ૩૦૦૦
પાણી પરબ ફંડ ૫૦૦૧

રોજકા નિવાસી હાલ બોરીવલી સ્વ. સરોજબેન બિપિનભાઈ શાહની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે હસ્તે બિપિનભાઈ
મેડિકલ ફંડ ૩૦૦૦

શ્રી પ્રવીણભાઈ વી. વોરા, અંધેરી –
પાણી પરબ ફંડ ૩૦૦૦

રોજકા નિવાસી હાલ બોરીવલી સ્વ. સરોજબેન બિપિનચંદ્ર શાહના સ્મરણાર્થે હસ્તે શિલ્પા, જીગ્ના, ધુપી, દીકરીઓ તરફથી
પાણી પરબ ફંડ ૩૦૦૦

વીણાબેન હર્ષદકુમાર શાહ, ધ્રાંગધ્રા હાલ વિલેપારલે
પાણી પરબ ફંડ ૫૦૦૦

માતુશ્રી પુષ્પાબેન મહાસુખલાલ શાહ (નાથાભવાનવાળા)
પાણી પરબ ફંડ ૩૦૦૦

શ્રી ઋષભ મહિલા મંડળ વિલેપારલે તરફથી
પાણી પરબ ફંડ ૩૦૦૦

કલ્પેશ અરવિંદ પરીખ તથા સ્નેહલતાબેન અરવિંદ પરીખ
પાણી પરબ ફંડ ૬૦૦૦

ગૌતમગઢ નિવાસી હાલ ગોરેગામ શ્રી લલિતચંદ્ર જયચંદભાઈ વોરાના એકાસણા વર્ષીતપ નિમિત્તે ૫૦૧

શ્રી નિલેશભાઈ રમણીકલાલ શહના સુપુત્ર ચિ. ધ્રુવિન અને દિવ્યાના લગ્નની વર્ષગાંઠ નિમિત્તે ૫૦૦

શ્રીમતી ચંદ્રમણિબેન નવીનચંદ્ર મણિયાર (બે પરબના)
પાણી પરબ ફંડ ૬૦૦૦

સ્વ. પ્રવીણચંદ્ર દેવચંદ શાહ (સાયલા)ના સ્મરણાર્થે હસ્તે દેવચંદ સુખલાલ શાહ પરિવાર
પારિતોષિક/મેડલ ૧૧,૦૦૦

સુરેન્દ્રનગર નિવાસી હાલ કાંદિવલી સ્વ. ચંપકલાલ છોટાલાલ શાહની જેઠ સુદ ૩ની બીજી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે વીણાબેન ચંપકલાલ શાહ
ઉચ્ચ શિક્ષણ ફંડ ૩૦૦૦
તબીબી રાહત ફંડ ૩૦૦૦
પાણી પરબ ફંડ ૨૦૦૦
રાહત ફંડ ૩૦૦૦

વઢવાણ શહેર નિવાસી હાલ ઘાટકોપર, શ્રીમતી પ્રવીણાબેન વસંતલાલ કોઠારી, હસ્તે જીગ્નેશ તથા નેહલ કોઠારી
પાણી પરબ ફંડ ૩૦૦૦

# વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **સિદ્ધાર્થ — જેસિકા**<br>શ્રી મનીષભાઈ નગીનદાસ ગાંધીના પુત્ર, લીંબડી હાલ સાયન તથા શ્રી અભયભાઈ વિનોદભાઈ શાહની સુપુત્રી, પાળિયાદ હાલ ગ્રાંટ રોડ – સ્વધર્મી સહાય ફંડ | ૧૧૦૧ | ૧૧૦૧ |
| **મિતુલ — રચિતા**<br>શ્રી જયેશભાઈ ધીરજલાલ શાહના સુપુત્ર, શેખપર હાલ બોરીવલી તથા શ્રી ભૂપેન્દ્રભાઈ નાથાલાલ કોઠારીની સુપુત્રી, વડાલ હાલ માટુંગા. | ૫૦૧ | ૫૦૧ |
| **અંકુશ — અશ્વિની**<br>શ્રી નિલેશભાઈ રમણીકલાલ શાહના સુપુત્ર, વઢવાણ હાલ કાંદિવલી તથા શ્રી પુંડલીક બાબુરાય શેનોયની સુપુત્રી, મુલ્કી-મેંગલોર હાલ ડોમ્બિવલી | ૫૦૧ | ૫૦૧ |
| **જીગ્નેશ — ભૂમિ**<br>શ્રી ધીરજલાલ હિંમતલાલ કોરડિયાના સુપુત્ર, રાણપુર હાલ બોરીવલી તથા સ્વ. કિરીટભાઈ હરિલાલ કોઠારીની સુપુત્રી, થાનગઢ હાલ બોરીવલી | ૫૦૧ | ૫૦૧ |
| **હાર્દિક — જીનલ**<br>શ્રી ગોવિંદભાઈ મોહનલાલ દત્તાણીના સુપુત્ર, વાડીનાર હાલ ડોમ્બિવલી તથા શ્રી શૈલેષભાઈ મનસુખલાલ વોરાની સુપુત્રી, રોજીદ હાલ ઘાટકોપર | ૫૦૦ | ૫૦૦ |
| **કૃપેશ — પૂજા**<br>શ્રી અતુલભાઈ ભીખાલાલ કોઠારીના સુપુત્ર, હળવદ હાલ ભાયંદર તથા શ્રી રાજીવભાઈ ચીમનલાલ શેઠની સુપુત્રી, સાવરકુંડલા હાલ ભાયંદર | ૨૫૧ | ૨૫૧ |



www.zalawadi.com

Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



**નિકેશ** **માનસી**

શ્રી કમલેશભાઈ ચુનીલાલ શાહના સુપુત્ર, હળવદ હાલ મલાડ તથા શ્રી પ્રફુલભાઈ મગનલાલ જગાણીની સુપુત્રી, ગારિયાધાર હાલ દીવા ૨૫૧ ૨૫૧

**ભાવીન** **હેતલ**

શ્રી અરવિંદભાઈ વીરચંદભાઈ શાહ (હકાણી)ના સુપુત્ર, ધ્રાંગધ્રા હાલ મીરા રોડ તથા શ્રી રમેશભાઈ રમણીકલાલ સંઘવીની સુપુત્રી, લીંબડી હાલ નાલાસોપારા ૨૫૧ ૨૫૧

**અંકિત** **ફોરમ**

શ્રી વિજયભાઈ ભગવાનદાસ મહેતાના સુપુત્ર, સિહોર હાલ નાલાસોપારા તથા શ્રી હરેન્દ્રકુમાર કાંતિલાલ શાહની સુપુત્રી, રાણપુર હાલ કાંદિવલી ૨૫૦ ૨૫૦

## પ્રભુતામાં પગલાં

**ચિંતન–જેનિકા**

શ્રી રાજેશકુમાર પ્રવીણચંદ્ર દોશીના સુપુત્ર, સુરેન્દ્રનગર હાલ બોરીવલી તથા શ્રી નિલેશભાઈ જયંતીલાલ દોશીની સુપુત્રી, બોટાદ હાલ વિલેપાર્લા

સ્વધર્મી સહાય ફંડ ૧૦૦૧ ૧૦૦૧

**હાર્દિક–નિકીતા**

શ્રી ભરતકુમાર મહેન્દ્રકુમાર ધોળકિયાના સુપુત્ર, વઢવાણ હાલ દહીંસર તથા શ્રી અનિલભાઈ જયંતીભાઈ શાહની સુપુત્રી, દેવળિયા હાલ બોરીવલી ૫૦૧ ૫૦૧

### મહાભારત અને રામાયણ

*હક વગરનું લેવાનું મન થાય છે,*
*ત્યારે મહાભારતનું સર્જન થાય છે*
*પરંતુ*
*હકનું હોય છતાં પણ છોડી દેવામાં*
*આવે ત્યારે રામાયણનું સર્જન થાય છે.*
*'ઓછું સમજશો તો ચાલશે...પણ...'*
*'ઊંધું' સમજશો તો નહીં ચાલે...*
*ધારી લઈએ એ કરતાં પૂછી લઈએ*
*તો સંબંધ વધારે ટકે છે...!*

# માનવતાવાદી સંગીતકાર

જગવિખ્યાત વાયોલિનવાદક મેનહુન એક જન્મજાત કલાકાર હતો. સાતઆઠ વર્ષની વયે જ તેણે પોતાની આ કલાથી જગતના મહાન સંગીતકારોને મંત્રમુગ્ધ બનાવ્યા હતા. તેના કાર્યક્રમો જ્યારે જ્યારે પણ યોજા હતા ત્યારે તેમાં કલારસિકોની મોટી ભીડ જામી અને ત્યાંથી ઊઠવાની ઈચ્છા ન થાય એવા મોહક સૂરો તેના વાયોલિનમાંથી ગુંજી ઊઠતા.

વિશ્વમાં ઓછામાં ઓછા એકસો આઠ જેટલા શહેરોમાં તેણે આવા કાર્યક્રમો આપ્યા હોવાનો એક અંદાજ છે.

નાનામોટા અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા હતા, જેમાં નહેરુ પારિતોષિકનો પણ સમાવેશ થાય છે.

મેનહુન જેટલો મહાન સંગીતકાર હતો તેટલો જ માનવતાવાદી સજ્જન પમ હતો.

જ્યાં માનવતાનું અપમાન કે અવમાન થતું દેખાય ત્યાં કદી પગ મૂકે નહિ.

તેનું એક વાક્ય તો ખાસ યાદ રાખવા જેવું છે.

'સૌથી પહેલાં હું માનવતાવાદી છું, પછી જ હું સંગીતાકાર છું.'

તેના જીવનમાં રહેલી ભારોભાર માનવતાને વ્યક્ત કરી આપે એવો જીવનપ્રસંગ જોઇએ.

દક્ષિણ આફ્રિકામાં કેટલાક લોકોએ એકવાર મનહુનના સંગીતનો કાર્યક્રમ યોજ્યો.

મેનહુનને તો પોતાના કાર્યક્રમો લોકો સમક્ષ રજૂ થાય તે ખૂબ ગમતું.

તેના માનવ મુજબ, સાચો કલાકાર પોતાની કલા લોકોમાં ફેલાવીને નિજ જાતને ધન્ય બનાવે છે.

કાર્યક્રમ શરૂ થવાની અણી પર હતો ત્યાં મેનહુનને પ્રેક્ષકગૃહમાં નજર દોડાવી.

આખુંયે પ્રેક્ષકગૃહ ગોરાઓથી ખીચોખીચ હતું.

એકેય કાળો આદમી ત્યાં ઉપસ્થિત નહોતો.

આનું કારણ પૂછતાં તેને જણાવવામાં આવ્યું :

'ગોરા લોકો સાથે કાળા મામસો કંઈ ઓછા બેસી શકે ?'

આ શબ્દો સાંભળીને મેનહુન સમસી ઈઠ્યો.

રંગભેદની નીતિ તેના કાળજાને કોરી રહી !

તે ઊભો થયો અને બોલ્યો : 'મારી કલા તો ગોરાઓ અને કાળાો બધા જ લોકો માટે છે. પણ અહીં આવો ભેદભાવ છે તેથી મારાથી સંગીત પીરસી શકાશે નહિ.'

એટલું કહીને સંગીત સંભળાવ્યા વિના જ તે ત્યાંથી બહાર નીકળી ગયો.

અને...બીજે દિવસે આફ્રિકનો માટે જાહેરમાં એક મફત કાર્યક્રમ યોજ્યો.

✶ ✶ ✶



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com

# માનવકલ્યાણના પુરસ્કર્તા શ્રી સી. યુ. શાહની જન્મશતાબ્દીએ સુરેન્દ્રનગરમાં સી. યુ. શાહ મેડિકલ કૉલેજમાં અદ્યતન ભવન અને કાર્ડિયાક વિભાગનું ઉદ્‌ઘાટન... શ્રી સી. યુ. શાહની શાહની પ્રતિમાનું અનાવરણ

-સંધ્યા શાહ



શ્રીમતી શારદાબેન ભોગીલાલ વોરા કાર્ડિયાક સેન્ટરનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી

અનેક અભાવોથી ત્રસ્ત ઝાલાવાડની ધરતીને સાચી સુખાકારી પ્રદાન કરવા દિવંગત દાતા શ્રી સી. યુ. શાહે આજીવન પોતાની સંપત્તિનો અજસ્ર પ્રવાહ વહાવ્યો છે.

સી. યુ. શાહની જન્મશતાબ્દીએ દાનવીર પિતાના પંથે પુત્રી મીનળબેને અનેક આયામો હાથ ધર્યા છે.

૩૫ એકરની વિશાળ જગામાં ફેલાયેલું સી. યુ. શાહ મેડિકલ કૉલેજનું કેમ્પસ એ સુરેન્દ્ર-નગરને આરોગ્ય ક્ષેત્રે મળેલી ઉત્તમ ભેટ છે. સી. યુ. શાહનું એક સ્વપ્ન હતું કે કોઈ પણ રોગ સામે અદ્યતન સુવિધા મળે તેવું સંપૂર્ણ સુવિધા ધરાવતું એક જ બિલ્ડિંગ હોય જ્યાં દર્દીઓના આરોગ્યની કાળજી લેવાય. વિશ્વકક્ષાની સારવાર નજીવા દરે મળે તે માટેના ભગીરથ પ્રયાસનું સુચારુ ફળ એટલે આ મેડિકલ કૉલેજ.



દીપ પ્રાગટય કરતા મહાનુભાવો

ગરીબ અને વંચિત લોકોના કલ્યાણને કાજે હૃદયરોગની સારવાર માટે ઉપલબ્ધ થયેલું 'શ્રીમતી શારદાબેન ભોગીલાલ વોરા પરિવાર કાર્ડિયોલોજી સેન્ટર' ઓપરેશન થિયેટર તથા કેથલેબની સુવિધાથી સજ્જ છે. હવે એન્જિયોગ્રાફી, એન્જિયોપ્લાસ્ટી કે બાયપાસ સર્જરી સુરેન્દ્ર-નગરમાં જ થઈ શકશે.

સી. યુ. શાહ મેડિકલ કૉલેજ અને હોસ્પિટલમાં આ



Digitalised By ITDESK SOLUTIONS LLP

અદ્યતન બિલ્ડિંગ તેમજ હૃદયની અત્યાધુનિક સારવાર માટે સજ્જ કાર્ડિયાક સેન્ટરનું લોકાર્પણ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી



પ્રતિક્ષાની પળોમા પરિવાર જનો અને દાતાઓ

વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના વરદ્ હસ્તે રવિવાર તા. ૧૩મી મે ૨૦૧૮ના દિને સંપન્ન થયું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે શ્રી સી. યુ. શાહે આપેલા અપાર યોગદાનને બિરદાવ્યું હતું. સર્વશ્રી



શ્રી સી. યુ. શાહ ની પ્રતિમાનું અનાવરણ કરતા મુખ્યમંત્રીશ્રી

મીનળબેન તથા ટ્રસ્ટીઓ શ્રી હેમંતભાઈ, જીતુભાઈ સંઘવી, નિલેશભાઈ દોશી, કિરણભાઈ તથા દાતા શ્રી રમેશભાઈ વોરા ના આ કાર્યની સરાહના કરી હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે કહ્યું હતું કે, 'જે વ્યક્તિએ સમગ્ર ગુજરાતને પોતાનું ગણી, શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે જે કાર્યો કર્યા છે તેમને ગુજરાત કદી ભૂલી નહીં શકે. સી. યુ. શાહની જન્મશતાબ્દીના ઉજ્જવળ મહોત્સવ પ્રસંગે તેમની ઇચ્છાને અનુરૂપ આ કેમ્પસમાં કેન્સર, કિડની તથા હૃદયરોગની સારવાર માટેની કેથલેબ સહિતની સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં પ્રત્યેક દર્દીને રાહત દરે સારવાર આપવામાં આવશે ત્યારે છેવાડાના લોકોને પણ આ યોજનાનો લાભ મળે તે માટે સરકારશ્રીની વાત્સલ્યકાર્ડ તથા મા અમૃતમ્ યોજના સાથે જોડવાનો અનુરોધ કર્યો હતો.'

આ પ્રસંગે રાજ્યસરકારની સુજલામ્ સુફલામ્ યોજનામાં શ્રી સી. યુ. શાહ ટ્રસ્ટ તરફથી રૂા. ૨૫ લાખ, રમેશભાઈ વોરા પરિવાર તરફથી રૂા. ૧૧ લાખ, હિતાંશુભાઈ જૈન તરફથી રૂા. ૧૦ લાખ તથા રાજસોભાગ આશ્રમ-સાયલા તરફથી રૂા. પાંચ લાખ મળીને કુલ ૫૧ લાખ નું અનુદાન જળ અભિયાનને આપવાની જાહેરાત ટ્રસ્ટીશ્રી હેમંતભાઈએ કરી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં આ સમગ્ર કાર્યક્રમના આયોજક



શ્રી સી. યુ. શાહ ની પ્રતિમા

શ્રીમતી મીનળબેન રોહિતભાઈ શાહે આમંત્રિતોનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું. તેમણે પિતાશ્રી સી. યુ. શાહની સાર્થક



www.zalawadi.com
Digitalised By ITDESK SOLUTIONS LLP

જીવનયાત્રાને વર્ણવી હતી અને પિતાના પગલે જીવનના અંત સુધી સમાજ ઉત્કર્ષના કાર્યો કરવાની ઝંખના પ્રગટ કરી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે જન્મશતાબ્દી નિમિત્તે બનાવેલ શ્રી સી. યુ. શાહનો લોગો તથા શ્રી સી. યુ. શાહની પોસ્ટલ ટિકિટનું નાયબ મુખ્યમંત્રીના હસ્તે લૉન્ચિંગ કરવામાં આવ્યું. આ પ્રસંગે હોસ્પિટલના પ્રાંગણમાં સી. યુ. શાહની પૂરા કદની પ્રતિમાનું પણ અનાવરણ કરવામાં આવ્યું.



શ્રી સી. યુ. શાહ પોસ્ટલ ટિકીટનું તથા લોગોનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે વિમોચન

કાર્યક્રમમાં ધારાસભ્ય ધનજીભાઈ પટેલ, નગરપાલિકાના પ્રમુખ શ્રી વિપિનભાઈ ટોળિયા. રાજસોભાગ સત્સંગ-સાયલાના પૂજ્ય ભાઈશ્રી નલિનભાઈ કોઠારી, દૂધરેજના મહંતશ્રી કનીરામ બાપુ,દુબઈ સ્થિત રમેશભાઈ ભોગીલાલ પરિવાર મુંબઈથી પ્રવીણભાઈ જી. શાહ ચીનુભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ ડી. શાહ, હર્ષદભાઈ ડી. શાહ, મધુભાઈ, જવાહરભાઈ મણિયાર એમ. પી. વોરા, ચંદ્રકાંતભાઈ વાડીલાલ શાહ,શ્રી એમ. એમ. શાહ, શ્રી નવીનભાઈ મણિયાર તથા ચેન્નાઈ તથા અન્ય શહેરોમાંથી આમંત્રિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. વિશાળ એરકંડીશન્ડ મંડપમાં ત્રણ હજારથી પણ વધુ નગરજનોની હાજરી હતી.

રાત્રે પ્રસિદ્ધ લોકગાયક ઓસમાન મીરના ગીતોનો કાર્યક્રમ હતો. ખીચોખીચ ભરેલા મંડપમાં જનામોદનીનો ઓસમાન મીરે પોતાના સૂફી અંદાજથી ખુશ કરી દીધી હતી. સહુ આનંદથી ઝૂમી ઊઠ્યા હતા.

બે દિવસના આ કાર્યક્રમમાં બીજે દિવસો સવારે સી. યુ. શાહ સ્પોર્ટ્સ ક્લબના પ્રાંગણમાં દાતા શ્રી સી. યુ. શાહ તથા શ્રી ભરતભાઈ જે. શાહની અર્ધા કદની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ક્લબના પદાધિકારીઓ ડૉ. પી. સી. શાહ, ડૉ. જ્યોતિન્દ્રભાઈ, શ્રી ડી. વી. શાહ, શ્રીમતી ચારૂબેન બી. શાહ વિ. એ. મહેમાનોની સુંદર સરભરા કરી હતી.



શ્રી જીતુભાઈ સંઘવી દ્વારા મુખ્યમંત્રીશ્રીને તથા શ્રીમતી મીનળબેન દ્વારા નાયબ મુખ્યમંત્રીશ્રીને સ્મૃતિતચિન્હ અર્પણ

સ્વાયત બનેલી શ્રી સી. યુ. શાહ મેડિકલ કૉલેજના તેજસ્વી વિદ્યાર્થીઓને સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા હતા. મીનળબેન રોહિતભાઈ શાહે તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com




**શ્રી સી. યુ. શાહ મેડિકલ કૉલેજ અને હોસ્પિટલ**



**શ્રી સી. યુ. શાહ ની અર્ધ પ્રતિમા**



**શ્રી સી. યુ. શાહ સ્પોર્ટ્સ ક્લબ**

આપીને હજી વધુ પ્રોત્સાહનોની વિગત આપી હતી. સુરેન્દ્રનગર અને આસપાસમાં સી. યુ. શાહ સ્થાપિત સંસ્થાના બાળકોએ સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

બપોરે સી. યુ. શાહ યુનિવર્સિટી વઢવાણની મુલાકાત સર્વે આમંત્રિતો માટે યોજાઈ હતી. વિક્રમભાઈએ મીનળબેનના વ્યક્તિત્વની ઝલક આપી હતી. શ્રી સી. યુ. શાહ પરિવારના આધ્યાત્મ ગુરુ – રાજસોભાગ સત્સંગ આશ્રમના આત્મજ્ઞાની સંત પૂજ્યશ્રી નલિનભાઈ કોઠારીએ મનનીય પ્રવચન આપ્યું હતું.

સી. યુ. શાહ મેડિકલ કૉલેજના કેમ્પસની અદ્યતન સુવિધાઓ નિહાળવાનો પણ આમંત્રિતોને મોકો મળ્યો હતો.

બે દિવસના આ ભરચક કાર્યક્રમમાં દિવંગત શ્રી સી. યુ. શાહના સમગ્ર જીવન કાર્યને બીજમાંથી પરિપ્લાવિત થયેલા વૃક્ષને નિહાળવાનો અવસર મળ્યો. પિતાના કાર્યોને જીવંત રાખવા પ્રતિબધ્ધ પુત્રી મીનળબેન અને તેમના પરિવારના અભિગમથી સંતોષ થયો.

શ્રી સી. યુ. શાહની જન્મશતાબ્દીના સમારોહમાં સહભાગી થવા માટે મીનળબેને મુંબઈથી સૌરાષ્ટ્ર જનતાનો થ્રી ટાયર એ.સી.નો એક આખો કોચ બુક કર્યો હતો. મીનળબેનના પરિવારજનો, ઝાલાવાડી સભાના, જૈન યુવક સંઘના, વઢવાણ મિત્ર મંડળ ને બીજી અનેક સંસ્થાઓના પદાધિકારીઓની સાથે સી. યુ. શાહના આત્મીય મિત્રો પણ જોડાયા હતા. મીનળબેનના પરિવારે સહુની રાજસી સરભરા કરી હતી.

બીજે દિવસે આ સમારોહના સંભારણા વાગોળતા સહુ સાથે જ પરત ફર્યા.

ઝાલાવાડી સભાના ટ્રસ્ટી-ઉપપ્રમુખ શ્રી પ્રવીણભાઈ જી. શાહ, ટ્રસ્ટી શ્રી એમ. પી. વોરા, શ્રી પંકજભાઈ સંઘવી, મનિષાબેન શાહ, પત્રિકાના તંત્રી સંધ્યાબેન શાહ, કમિટિ મેમ્બર્સ મહેન્દ્રભાઈ અજમેરા, અશોકભાઈ તુરખિયા, નિલેશભાઈ દોશી ઉપસ્થિત હતા.

## શ્રી સી. યુ. શાહની શતાબ્દી એ...

આંગળી પકડીને ચાલતા શીખવી,
આમ હાથ તાળી દઈ ચાલ્યા ગયા;
તેર વર્ષની વયથી વ્યવસાયની તાલીમ દઈ,
આમ વસમી વિદાય લઈ ચાલ્યા ગયા;
ધન સંપત્તિના અનુદાનની શીખ દઈ,
આમ એકલી મેલી ને ચાલ્યા ગયા;
પણ ભાઈ
મારી યાદોમાંથી કેવી રીતે ચાલ્યા જશો ?
મુજમાં સીંચેલા સંસ્કારોથી કઈ રીતે ચાલ્યા જશો ?
મારા નામ સાથે જોડાયેલા પિતાના નામથી કઈ રીતે ચાલ્યા જશો ?
અગ્નિદાહ દીધો છે આપના દેહને,
પણ આત્મ જ્યોત રાખી છે પ્રજ્વલિત;
ન હું તમને જવા દઈશ, ન સમાજ ને ભૂલવા દઈશ,
દાનની ધારા રાખીશ સતત વહેતી અસ્ખલિત;
આ મારો પોકાર, મારો પ્રભુ તમ સુધી જરૂર પહોંચાડશે,

શતાબ્દી દિને શત વહાલભર્યા વંદન,

**- મીનળબેન ના ઉદ્દગાર**

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



**અભિનંદન-અનુમોદના**



**દિત્યા વિરેન શાહ**

વઢવાણ નિવાસી, હાલ-મીરા રોડ અમીબેન તથા વિરેનભાઈ સુરેશકુમાર શાહની આ લાડકીએ ત્રણ વર્ષની ઉંમરમાં સામાયિક કંઠસ્થ કરી છે. એક પણ ભૂલ વગર કડકડાટ સામાયિકના પાઠ બોલતી દિત્યાને ખૂબ ખૂબ અભિનંદન. માતા-પિતાનો ધાર્મિક વારસો તે જાળવે અને જૈન શાસનમાં પોતાનું નામ ઉજ્જવળ કરે તેવી શુભેચ્છા...અભિનંદન.

અનુમોદના...

**શ્રી ઘાટકોપર હિંગવાલા-પૂજ્ય ધીરગુરુ-દેવની નિશ્રામાં ડુંગર ગુરુદેવની પુણ્યતિથિ દિને ઠક્કર આરાધના ભવનનું ઉદ્‌ઘાટન**

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, હિંગવાલા મોટા ઉપાશ્રય ખાતે પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં નિદ્રાવિજેતા પૂ. શ્રી ડુંગરસિંહજી સ્વામીની ૧૯૭મી પુણ્યતિથિ પ્રસંગે પૂ. દર્શનમુનિ મ.સા. તથા બોટાદના પૂ. રસીલાજી મસ., લીંબડીના પૂ. તરલાજી મ.સ., શ્રમણ સંઘીય પૂ. પુણ્યશીલાજી મ.સ. આદિ ઠાણાની ઉપસ્થિતિમાં લલિત સંગીત મંડળના ગુણાંજલિ ગીત રજૂ કર્યા બાદ પૂ. શ્રી ધીરગુરુદેવે પૂ. ડુંગરગુરુદેવના અનેક પ્રસંગો રજૂ કરતા સહુ ભાવવિભોર બન્યા હતા. કોલકાત્તાના શ્રી ચંદ્રવદનભાઈ દેસાઈ, જ્યોત્સનાબહેન દેસાઈ, શ્રી અરવિંદભાઈ પી. ગોડા, વિરાર ઉપાશ્રય નામકરણના લાભાર્થી અને ૨૪મા વરસીતપમાં અઠ્ઠમના પારણે છઠ્ઠ એમ અઠવાડિયામાં માત્ર ૨ દિવસ પારણા સહિત વરસીતપ કરનાર મહેન્દ્રભાઈ કાનજી મહેતાનું સન્માન કરવામાં આવ્યું. સવારે શ્રી ઠક્કર અને શાહ પરિવાર પ્રેરિત નવકારશી બાદ માતુશ્રી જીવતીબેન મણિલાલ ઠક્કર આરાધના ભવનનું પુનઃનિર્માણ સંપન્ન થતાં શ્રી હરકીશન, લલિત, જગદીશ ઠક્કર તેમ જ જય જિનેન્દ્ર તકતીનું હીના ગિરીશ શાહ અને કબાટનું નીરૂપમા કુમુદચંદ્ર ઘોલાણીના હસ્તે ઉદ્‌ઘાટન કરાયું હતું. વિરાર ઉપાશ્રય નિર્માણમાં દાતાઓએ લાભ લઈને સંઘનો ઉત્સાહ વધાર્યો હતો.

# સમાચાર સંકલન

જૈન શાળા ઈનામી ફંડમાં અઢી લાખ રૂપિયાની યોજનામાં શ્રી ચંદ્રવદન દેસાઈ, શ્રી જયસુખભાઈ જસાણીએ લાભ લીધેલ.

**વિરારમાં નૂતન ઉપાશ્રય નિર્માણનું આયોજન**

શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, તિરૂપતિનગર ફેઈસ-૨માં પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ઉપાશ્રય નામકરણનો લાભ ૨૪મા વરસીતપ આરાધક શ્રી મહેન્દ્ર કાનજી મહેતા અને ધનલક્ષ્મી મહેતાએ માતુશ્રી ગુલાબબેન કાનજી મહેતાની સ્મૃતિમાં તેમજ વ્યાખ્યાન હોલનો લાભ ભારતીબેન સુમતિભાઈ અજમેરા અને રેખાબેન હસમુખભાઈ શાહ હ. એડવોકેટ દીપ્તિ શૈલેશ શાહ, નવકાર તક્તીનો લાભ ઉર્મિલાબેન નરોત્તમદાસ શેઠ અને પ્રવચન પાટનો રેખાબેન મહેન્દ્રભાઈ ગોસલીયાએ લીધેલ છે.

**ઝાલાવાડી સભા મહિલા મંડળ, મુલુંડ**

**પ્રથમ પ્રોગ્રામ :** તા. ૧૧-૧-૧૮, ગુરુવાર, પ્રથમ પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો. જેમાં સમૂહ સામાયિક તેમ જ બોરીવલીથી મયુરીબેન ગાલાએ ધાર્મિક ગેમ્સ રમાડી હતી.બહેનોને ખૂબ જ મજા આવી. સાથે દર વર્ષની જેમ ઊંધિયા-પુરીનો જમણવાર રાખવામાં આવ્યો હતો. આખા વર્ષ દરમ્યાન જેમની બધી જ હાજરી હોય તેમને ગીફ્ટ આપી હતી તેમ જ દરેક મેમ્બર્સને ૬ હાથ રૂમાલ ભેટ રૂપે આપવામાં આવ્યા હતા. લગભગ ૧૪૦ મેમ્બર્સની હાજરી હતી. પ્રમુખ શ્રી લત્તાબેને સૌને આવકાર આપ્યો હતો.

હીનાબેન પારેખે સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

**બીજો પ્રોગ્રામ :** તા. ૨૯-૧-૨૦૧૮, સોમવાર સમસ્ત બૃહદ્ મુંબઈ ઝાલાવાડના ૧૦ કેન્દ્રની વન ડે પિકનિક 'રોયલ ગાર્ડન રિસોર્ટ'માં રાખવામાં આવી હતી. જેમાં ગૌરવની વાત સમાન મુલુંડથી બે બસમાં ૬૫ મેમ્બર્સે આ ટ્રીપની મજા માણી હતી.

**ત્રીજો પ્રોગ્રામ :** તા. ૩-૪-૨૦૧૮ બુધવાર, 'હૈયે રમતાં ગીતો મનગમતા' નામનો ગુજરાતી ગીતોનો ખૂબ જ સુંદર પ્રોગ્રામ કાલીદાસ ઓડિટોરિયમમાં રાખવામાં આવ્યો હતો. રાત્રીનો પ્રોગ્રામ હોવાથી દરેક સભ્યને કપલ ટિકિટ આપવામાં આવી હતી. ભાઈઓ તથા બહેનોએ જૂના ગીતોની રંગત ખૂબ માણી.

**પ્રોગ્રામ દરમ્યાન આવેલ ભેટની યાદી:**

૧. રૂા. ૧,૦૦૦ સાધનાબેન હિતેન્દ્ર દોશી
૨.રૂા. ૧,૦૦૦ સવિતાબેન લલિતચંદ્ર દોઢી-વાળાના સ્મરણાર્થે
૩. રૂા. ૫૦૦ ઈલાબેન નવિનચંદ્ર શાહ
૪. રૂા. ૫૦૦ ચંદ્રિકાબેન ચંદ્રકાંત બોરડીયા
૫. રૂા. ૫૦૦ હિંમતલાલ વોરાના સ્મરણાર્થે
૬. રૂા. ૫૦૦ લિપ્સા દિપેશ શાહ
૭. રૂા. ૫૦૦ સરોજબેન વાડીલાલ શાહ
૮. રૂા. ૫૦૦ દમયંતીબેન વાડીલાલ શાહ
૯. રૂા. ૫૦૦ હીના રમેશચંદ્ર બારભાયા
૧૦. રૂા. ૫૦૦ ભારતી કે. શાહ
૧૧. રૂા. ૫૦૦ મંજુલાબેન રમણીકલાલ ખાટ-ડિયાના સ્મરણાર્થે
૧૨. રૂા. ૫૦૦ ઈલા ભરત મહેતા

**શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થા. જૈન ચેરિટેબલ ટ્રસ્ટ**

શ્રી ઘાટકોપર ઝાલાવાડી સ્થા. જૈન મંડળની વર્ષ ૨૦૧૮-૨૦૨૧ ના વર્ષ માટેની ચૂંટણી બિનહરીફ થઈ હતી. ટ્રસ્ટી તરીકે શ્રી વિપીનચંદ્ર એસ. સંઘવી, શ્રી રમેશભાઈ સી. શાહ તથા શ્રી ભરતભાઈ સી. શાહ (ગેડીવાલા)ની વરણી થઈ હતી.

પ્રમુખપદે સતત બીજી ટર્મ માટે શ્રી સુરેશભાઈ

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



એન. શાહની નિમણુંક થઈ હતી. તથા ઉપ પ્રમુખપદે શ્રી વિનોદભાઈ કે. શાહ, સેક્રેટરી તરીકે શ્રી નિલેશભાઈ એસ. ગોસલિયા, શ્રી અશ્વિનભાઈ એમ. પારેખ, શ્રી રાજેશભાઈ એન. શાહ તથા શ્રી મહેન્દ્રભાઈ સી. ગાંધી અનેટ્રેઝરર તરીકે શ્રી રાજેશભાઈ એન. શાહ તથા શ્રી તિરેનભાઈ એ. શેઠની વરણી થઈ હતી.

મંડળની વિવિધ પ્રવૃત્તિમાં શ્રી ગંભીરદાસ ઉમેદચંદ શાહ મેડિકલ સેન્ટર ખૂબ જ રાહતના દરે સુંદર રીતે ચાલી રહ્યું છે. ઉપરાંત એક્યુપ્રેશર સેન્ટર, શિક્ષણ સહાય, તબીબી રાહત, નોટબુક વિતરણ, દિવાળીમાં સ્વીટ તથા ડ્રાયફ્રૂટનું વિતરણ, મનોરંજન કાર્યક્રમ ડ્રામા, ઑરકેસ્ટ્રા, પિકનિક તથા તપસ્વી અને વિદ્યાર્થીઓનું બહુમાન જેવી અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ઝાલાવાડી સભાના દરેક સેનેટોરિયમનું બુકીંગ પણ સંસ્થાની ઑફિસેથી થાય છે.

**અમદાવાદના આંગણે દીક્ષા મહોત્સવ**

ધર્મનગરી અમદાવાદના આંગણે શ્રી સુધર્મ જ્ઞાન ઉપાસક સંઘના તત્ત્વાવધાનમાં પ. પૂ. શ્રી પ્રકાશચન્દ્રજી મ. સા. આદિ પૂ. ગુરુદેવો ઠાણા ૧૫ તથા પૂ. મહાસતિજી શ્રી પુષ્પકુંવરજી મ. સ. આદિ ઠાણા ૫૦ ના મંગલ સાન્નિધ્યમાં તા. ૧૮ એપ્રિલ બુધવારે પાંચ મુમુક્ષુ બહેનોના દીક્ષા મહોત્સવનું આયોજન ઓસવાલ ભવનમાં કરવામાં આવ્યું હતું.

કોઈ પણ જાતના આરંભ અને સમારંભ રહિત આ સંયમોત્સવમાં સમગ્ર ભારતવર્ષમાંથી પધારેલા ભાવિક મહેમાનોએ ધર્મકરણી, સામાયિક, સંવર, તપ વિગેરેનો લાભ લીધો હતો. શાહીબાગ નૂતન સુધર્મ ભવનમાં મહેમાનો માટે સાત્ત્વિક ભોજનનો લાભ ગઢડા નિવાસી બન્ને શ્રાવક પરિવાર જિનાણી તથા ગણધર ચોપડા પરિવારે લીધો છે.

કોઈપણ જાતની ઉછામણી કે ફંડફાળા વિના ૩૦૦૦ની માનવ મેદની વચ્ચે સ્વયં શિસ્તપૂર્વક ઓસવાલ ભવનમાં યોજાયેલ આ દીક્ષા-મહોત્સવમાં પાંચેય મુમુક્ષુ બહેનો અને મહાસતીજીઓના નૂતન નામકરણની જાહેરાત કરવામાં આવી હતી. શ્રીમતી મંજુબહેન અને શ્રી સ્વાતીબહેન નાહટા, બ્યાવર (રાજસ્થાન) પૂ. મુમુક્ષાજી મ. તથા પૂ. સ્વાતીજી મ., શ્રી પ્રિયંકાબહેન બેંગલોર-અમદાવાદ પૂ. પ્રણિતાજી મ., રોશનીબહેન ગાલા કચ્છ-વડાલા-નાગપુર પૂ. શ્રી રોશનીજી મ. તથા શ્રી અર્પિતાબહેન રાજપીપલગાંવ (મહારાષ્ટ્ર)ને પૂ. અર્પિતાજી મ. તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. વિના લાઉડસ્પીકર વિશાળ ધર્મસંસદને પૂ. સંતો પૂ. શ્રી પ્રકાશચન્દ્રજી મ., પૂ. શ્રી હિતેન્દ્રમુનિ, શ્રી અભિષેકમુનિ, પૂ. શ્રી ભદ્રિકમુનિ, પૂ. શ્રી પારસમુનિ અને પૂ. શ્રી વિશુદ્ધિજી મહાસતીજીએ ત્યાગમાર્ગની મહત્તા સદૃષ્ટાંત સમજાવી હતી.

## શકિત થકી જ કોઈ માણસ વીર કે મહાન બની શકતો નથી

### સમ્રાટ નેપોલિયનો ઑસ્ટ્રિયાની રાજધાની વિયેના પર આક્રમણ કર્યું ત્યારે...

સમ્રાટ નેપોલિયન બોનાપાર્ટે ઑસ્ટ્રિયાની રાજધાની વિયેનાની નજીક પહોંચી ગઈ.

નેપોલિયનની ધાક એવી હતી કે ભલભલા રાજાઓ તેની સામે હાર સ્વીકારી લેતા હતા, પણ વિયેનાના રાજાએ નેપોલિયન સામે લડી લેવાનું નક્કી કર્યું. નેપોલિયનની સેના વિયેનામાં પ્રવેશે એ પહેલા જ વિયેના શહેરના તમામ દરવાજા બંધ કરી દેવાયા.

નેપોલિયને વિયેના પર કબજો મેલવવા માટે રણનીતિ ઘડી રાખી હતી. તેણે વિયેનાના મહત્ત્વના સ્થળો પર તોપમારો કરવાનો આદેશ આપ્યો.

નેપોલિયનની સેનાએ વિયેના પર ભારે તોપમારો શરૂ કરી દીધો. વિયેનાના રાજાએ ત્રણ દિવસ તો મચક ન આપી, પણ ચોથા દિવસે સફેદ વસ્ત્રોમાં સજ્જ દૂતો સફેદ ધ્વજ સાથે બહાર નીકળ્યા. સફેદ ધ્વજનો અર્થ એ હતો કે તેઓ શાંતિદૂતો હતા.

એ શાંતિદૂતો નેપોલિય પાસે પહોંચ્યા.



તેમાંના મુખ્ય માણસે નોપેલિયનને વિનંતી કરી કે તમે તોપમારો બંધ કરાવો એવી અમારા રાજાએ વિનંતી કરી છે.

નેપોલિયન નવાઈ પામ્યો. તેણે પૂછ્યું: 'એટલે તમારો રાજા શરણે આવવા માંગે છે ?

શાંતિદૂતોના પ્રતિનિધીએ કહ્યું: 'ના, એવું નથી, પણ અમારા રાજાની નાનકડી દીકરી બહુ બીમાર થઈ ગઈ છે. તેની તબિયત વધુ કથળી રહી છે. જો તોપમારો ચાલુ રહ્યો તો અમારા રાજાએ ના છૂટકે તેને મહેલમાં જ મૂકીને બીજી જગ્યાએ જવું પડશે.'

નેપોલિયને તેના સેનાપતિઓને આદેશ આપ્યો કે તોપમારો બંધ કરાવો.

સેનાપતિઓએ કહ્યું કે આ તો યુદ્ધ અટકાવવાની છટકબારી છે. આપણે તોપમારાથી એકાદ દિવસમા જ વિયેનાને હરાવી શકીએ એમ છીએ ત્યારે દુશ્મન રાજાની વિનંતીથી તોપમારો બંધ ન કરવો જોઇએ. યુદ્ધમાં આવી માનવતા ન દાખવવી જોઇએ.

નેપોલિયને કહ્યું, 'મારો અંતરાત્મા એમ કહે છે કે અત્યારે યુદ્ધના ફાયદા કરતાં માનવતાને પ્રાધાન્ય આપવું જોઇએ. અને હું એમ જ કરવા માંગું છું.'

માત્ર શક્તિ થકી જ કોઈ માણસ વીર કે મહાન બની શકતો નથી. એના માટે તેનામાં બીજા પણ ઘણા ગુણો હોવા જોઇએ, અને નેપોલિયન એવા ગુણોને કારણે જ ઇતિહાસમાં પોતાનું નામ અમર કરી ગયો.

✷ ✷ ✷



Digitalised By ITDESK SOLUTIONS LLP

# તારું નસીબ તારા સિવાય બીજું કોઈ નહીં ચમકાવે

□ કૃષ્ણકાંત ઉનડકટ

નસીબ જેવું કંઈ હોય છે ? માણસની ડેસ્ટીની પ્રિડિસાઈડેડ હોય છે ? કિસ્મતને જિંદગી સાથે કોઈ કનેક્સન હોય છે ? આ અને આવા પ્રશ્નોના જવાબો વ્યક્તિગત માન્યતા ઉપર આધાર રાખે છે. નસીબમાં માનીએ કે ન માનીએ પણ એક વાત નક્કી છે કે મહેનત વગર કંઈ મળતું નથી. આપણાં સદ્નસીબે કદાચ આપણને બત્રીસ પકવાનનો થાળ મળી જાય, પણ કોળિયો તો આપણે જ ભરવો પડે છે અને ચાવવાનું પણ આપણે જ હોય છે. એક ફિલોસોફરે સરસ વાત કરી છે. તેણે કહ્યું કે મારી પાસે મીઠાઈ ન હતી એટલે મેં મારા રોટલાને મીઠો કરી લીધો.

દરેક માણસ પાસે કંઈક તો હોય જ છે. કોઈ પાસે થોડું અને કોઈ પાસે વધુ હોય છે. આપણે જે હોય તેને નસીબ માની લેતા હોઇએ છીએ અને જે ન હોય તેને કમનસીબીનું લેબલ લગાવી દઈએ છીએ. ભાગ્યે જ કોઈ માણસ એવું વિચારે છે કે હું શું કરી શકું તેમ છું. ત્યાં સુધી પહોંચી શકું તેમ છું. તમારી તાકાતનો તમને અંદાજ છે ? ના નથી હોતો. આપણે સમયની સાથે તણાતા જઈએ છીએ અને આ જ રસ્તો છે એમ માની લઇએ છીએ. આપણી સફળતા કે નિષ્ફળતા મોટા ભાગે તો આપણા નિર્ણયોના કારણે જ નક્કી થતી હોય છે.

થોડા સમય અગાઉ એક સર્વે થયો હતો, લોકોને પૂછવામાં આવ્યું કે આજે તમે જ્યાં છો ત્યાં પહોંચવાનો તમને અંદાજ હતો ? તમે કેવી રીતે અહીં સુધી પહોંચ્યા ? મોટા ભાગના લોકોએ એવું કહ્યું કે ના, આ મુકામની અમને કલ્પના ન હતી. તક મળતી ગઈ અને તક ઝડપતા ગયા. કિસ્મત મને આ મુકામ સુધી ખેંચી લાવી. આ સર્વે બાદ એક બીજો સર્વે કરાયો. જે લોકો પોતાના ક્ષેત્રમાં આગળ હતા તેને પૂછવામાં આવ્યું કે તમે કયા માર્ગે અહીં સુધી પહોંચ્યા ? મોટા ભાગનાએ એવું કહ્યું કે અમે નક્કી કરી રાખ્યું હતું કે અમારે આ જ કરવું છે. આના સિવાય કંઈ કરવું નથી. સફળ થઈએ તો પણ વાંધો નથી અને નિષ્ફળ જઈએ તો પણ કોઈ પ્રોબ્લેમ નથી. માત્ર પગાર મેળવવો નહોતો. એક મુકામ હાંસલ કરવો હતો. અમે ઘણી જગ્યાએ ના પાડી હતી કે ના મારે આ નથી કરવું. હું આના માટે નથી.

તમે આજે જે સ્થાને છો એ તમે નક્કી કર્યું હતું ? કે તમને તમારું નસીબ ત્યાં ખેંચી લાવ્યું છે ? એક યુવાનની આ વાત છે. તેને મ્યુઝિશિયન બનવું હતું. ભણવામાં હોંશિયાર હતો, પણ તેનું દિલ તો સંગીત સાથે જ જોડાયેલું હતું. તેનો એક મિત્ર પણ ભણવામાં તેના જેટલો જ હોંશિયાર હતો.ફાઈનલ યર વખતે કેમ્પસ ઈન્ટરવ્યૂ થયાં. બંનેએ ઈન્ટરવ્યુ આપ્યાં. બંને સિલેક્ટ થઈ ગયા. પેલા મિત્રએ કહ્યું કે અરે યાર, આપણે તો લક્કી છીએ કે પહેલા જ ઝાટકે આપણને નોકરી મળી ગઈ. સંગીતકાર બનવા ઇચ્છતા યુવાને કહ્યું કે મારે આ નોકરી નથી કરવી. હું આના માટે નથી. સંગીત જ મારા માટે મારી દુનિયા છે. હું તો મ્યુઝિશિયન જ બનીશ. તેણે જોબ સ્વીકારવાની ના પાડી દીધી.

વર્ષો વીતી ગયા. જોબ સ્વીકારી હતી એ માણસ મોટા હોદ્દા સુધી પહોંચી ગયો. એ જે કંપનીમાં જોબ કરતો હતો. તેની એક કોન્ફરન્સ ફાઈવસ્ટાર હોટલમાં હતી. હોટલમાં રાતે પાર્ટી હતી. તેણે જોયું કે પાર્ટીમાં તેનો ફ્રેન્ડ ગિટાર વગાડતો હતો. મિત્ર તેની પાસે ગયો. તારે તો ગ્રેટ મ્યુઝિશિયન બનવું હતુંને ? આ શું કરે છે ? હોટલમાં સંગીત વગાડે છે ? મારી સાથે નોકરી સ્વીકારી હોત તો આજે તું પણ હું છું એ જગ્યાએ હોત ! આજે તું જો, તું ક્યાં છે અને હું ક્યાં છું ! પેલા મિત્રે કહ્યું કે તેં એવું કયા આધારે નક્કી કરી લીધું કે હું દુઃખી કે કમનસીબ છું ? હા, કદાચ રૂપિયા તારાથી થોડા કમાતો હોઇશ, પણ હું જે કામ કરું છું એનાથી ખુશ છું. રોજ મ્યુઝિક વગાડું છું. મારી દુનિયામાં મસ્ત રહું છું. હું જે કરું છું એ મારા માટે કરું છું. તું જે કરે છે એ તારા માટે કરે છે ? તું તો જે કરે છે એ રૂપિયા માટે કરે છે. તારી પાસે તારા માટે કંઈ કરવાનો સમય જ ક્યાં છે ? મહાન ન બની શક્યો તો કંઈ નહીં, હું જ્યાં છું ત્યાં ખુશ છું. હું એટલા પૂરતો તો મહાન છું જ કે હું મારી ઈચ્છા મુજબ અને મારી શરતે જીવ્યો છું.

**_આપણે ત્યાં એવી માન્યતા છે કે વિધિના લેખ તો છઠ્ઠીના દિવસે જ લખાઈ ગયા હોય છે. વિધિની દેવી તો કદાચ લખીને એવું જ બોલતી હશે કે મેં તો તારા લેખ લખી દીધા, હવે તું મારા લખેલા લેખને સાબિત કરી આપ. આપણે સાબિત ન કરી શકીએ તો વાંક વિધિનો કે વિધિના લેખનો નથી હોતો, મોટાભાગે આપણો જ હોય છે._**

આપણો પ્રોબ્લેમ એ હોય છે કે આપણે જે સ્થાને પહોંચવું હોય એ સ્થાને ન પહોંચીએ અથવા તો એમાં વાર લાગે એને આપણી બદકિસ્મતી ગણી લઈએ છીએ. આપણે એવું વિચારતા નથી કે મને જે ગમે એવું હું કરું છું અને મારી જાત સાથે હું ખુશ છું. તમારે જે કરવું હોય તેનો નિર્ણય લો અને પછી પરિણામ જે આવે એને સ્વીકારો. તમારા નિર્ણયનો અફસોસ ન કરો. તમારા નિર્ણયનો આદર કરો.

નસીબ જેવું કંઈ હોય તો પણ એને સાર્થક તો તમારે જ કરવું પડશે. એક યુવાનની આ વાત છે. તેણે ભાગીદારીમાં ધંધો કરવો હતો. જેની સાથે ભાગીદારી કરવી હતી તેની કુંડળી તેણે જોવડાવવી હતી. આ વાતની ખબર પડી ત્યારે તેની પત્નીએ કહ્યું કે, પહેલાં એ નક્કી કર કે તને તારા ઉપર કેટલો ભરોસો છે ? પછી એ નક્કી કર કે તને એ માણસ ઉપર કેટલો ભરોસો છે ? પછી એ નક્કી કર કે તને એ માણસ ઉપર કેટલી શ્રદ્ધા છે. કુંડળી જોવડાવ તેનો વાંધો નથી,



Digitalised By ITDESK SOLUTIONS LLP

પણ એ પહેલાં તું એની દાનત અને કરતૂત તારી રીતે જોવડાવી લે. ગ્રહો તો માફિયાને પણ એના ક્ષેત્રમાં ટોપ પર બેસાડે એવા હોઈ શકે, પણ એ આપણા કામનો ન હોય. આખરે તો તારું નસીબ તારા સિવાય બીજું કોઈ ચમકાવી શકવાનું નથી. જે કામ તારે કરવાનું છે એ તારે જ કરવાનું છે.

ગામડાના એક સાવ દેશી લાગતા માણસે એક વખત અત્યંત માર્મિક વાત સાવ સાદી રીતે કરી હતી. તેણે કહ્યું કે જો ભાઈ, આપણા પગ દુખતા હોયને તો કોઈ દબાવી આપે તો સારું લાગે. ખંજવાળ આવતી હોયને તો આપણા હાથે ખંજવાળીએ તો જ સારું લાગે. બીજું કોઈ ખંજવાળે તો હાશ થાય જ નહીં અને આપણા હાથે આપણા પગ દબાવીએ તો પણ થાક ઊતરે નહીં. અમુક કામ આપણા સિવાય બીજું કોઈ ન કરી શકે. સફળતાની ખંજવાળ આપણે આપણા હાથે જ સંતોષવી પડે.

જે લોકો સફળ થયા છે એણે ક્યારેય નસીબનો આધાર નથી લીધો. હા, ઘણા લોકો સફળ થયા પછી એવું કહેશે કે એની મહેનત હોય છે. નિષ્ફળ લોકોને પૂછશો તો એ નસીબને જ દોષ દેશે ! તમારા નસીબ તમે જ ઘડી શકો. આપણે ત્યાં એવી માન્યતા છે કે વિધિના લેખ તો છઠ્ઠીના દિવસે જ લખાઈ ગયા હોય છે. વિધિની દેવી તો કદાચ લખીને એવું જ બોલતી હશે કે મેં તો તારા લેખ લખી દીધા, હવે તું મારા લખેલા લેખને સાબિત કરી આપ. આપણે સાબિત ન કરી શકીએ તો વાંક વિધિનો કે વિધિના લેખનો નથી હોતો, મોટાભાગે આપણો જ હોય છે. વિધિના લેખનું સીધું પરિણામ નથી આવતું કે તમે પાસ થયા છો કે ફેલ, એ તો તમે જ્યાં હોવ એ સ્થાન જ બતાવી આપતું હોય છે. તમારી મહેનત પર શ્રદ્ધા રાખો, તમારું નસીબ તો ચમકવા માટે જ સર્જાયું છે.

જિંદગીનું દરેક ડગલું પૂરી તૈયારી અને આત્મવિશ્વાસ સાથે ભરો. દરજી અને સુથારના નિયમની જેમ 'માપવું બે વાર, કાપવું એક જ વાર.'

* * *

## કુ. તૃપ્તિ તથા કુ. પ્રીતિ જશવંતલાલ શાહ સ્વધર્મી સહાય યોજના

ઝાલાવાડી સ્થા. જૈન સભાનું સભ્યપદ ધરાવતા અને ઓછી આવકવાળા પરિવારોને આર્થિક સહાય માટેનું અરજી ફોર્મ દર વર્ષે ભરવાનું હોય છે. આ ફોર્મમાં સ્થાનિક પ્રતિનિધિ અથવા કાર્યવાહક સમિતિના સભ્યની ભલામણ માટેની સહી કરાવવાની હોય છે. ફોર્મ સાથે રેશન કાર્ડની કોપી મોકલવી જરૂરી છે. **તા. ૨૫મી જૂન ૨૦૧૮ સુધીમાં** સ્વધર્મી સહાય યોજના માટેનું ફોર્મ ભરીને સભાની ઑફિસમાં જમા કરાવવાનું રહેશે.

**શ્રુતિ મયંક શાહ :** કન્વીનર, સ્વધર્મી સહાય યોજના



ADVT

www.zalawadi.com



Digitalised By ITDESK SOLUTIONS LLP

www.zalawadi.com



# કૃતનિશ્ચય

□ હિમા યાજ્ઞિક

૧૯૨૪ની સાલમાં ઓલિમ્પિક રમતો પેરિસમાં યોજાઈ. આંતરરાષ્ટ્રીય રમતોની યાદીમાં આ વર્ષે નૌકાસ્પર્ધાનો પણ સમાવેશ કરવામાં આવ્યો. નવી રમત, નવી સ્પર્ધા, રમતવીરોમાં ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું. સ્પર્ધાને યોગ્ય હોડકું કેવું હતું ! હોડકું લાંબુ વધુ પ્રમાણમાં અને પહોળાઈમાં સાંકડું, વજનમાં હલકું એવું ખાસ પ્રકારનું હોડકું રાખવાનો નિયમ હતો. વળી ચાર પુરુષો દ્વારા નૌકા હંકારવાની છૂટ. આ સ્પર્ધામાં યુનાઈટેડ સ્ટેટ્સની ટીમ વિશ્વવિજેતા બનવા દાવેદાર હતી, તત્પર હતી અને તે માટે તે જોરદાર પ્રયત્નશીલ પણ હતા. આ ચાર વ્યક્તિઓમાંની એક વ્યક્તિ તે બિલ હેવન્સ.

ઓલિમ્પિક રમતોત્સવ નજીક આવતો ગયો. સૌ સ્પર્ધામાં ભાગ લેવા થનગનતા હતા. પરંતુ બિલના ભાગ્યનો વળાંક કંઈક અલગ દિશામાં ફંટાયો. બન્યું એવું કે યુનાઈટેડ સ્ટેટ્સની ટીમ પેરિસમાં ભાગ લેવા ઉતરે ત્યારે, બરાબર તે જ અરસામાં બિલની પત્ની તેના પ્રથમ બાળકને જન્મ આપવાની હતી. તે જમાનો એવો હતો કે પેરિસથી યુએસે તાત્કાલિક પહોંચાડે તેવા કોઈ જેટ પ્લેનની સુવિધા ન હતી. ફક્ત ધીમી ગતિએ સમુદ્રમાર્ગે જ મુસાફરી કરવાની રહેતી.

બિલ સમક્ષ કટોકટી ઊભી થઈ. દ્વિધામાં પડેલા બિલને ખૂબ માનસિક ખેંચતાણ થઈ. ક્યાં જવું ! ક્યાં રહેવું ! પત્નીની પ્રથમ પ્રસુતિ ટાણે પડખે હાજર રહેવું કે પેરિસના રમતોત્સવમાં ભાગ લેવા જવું ! પત્નીને આ પ્રસંગે સાથ અને સધિયારો આપવા હાજર રહેવું કે ઓલિમ્પિક જેવા મહા રમતોત્સવમાં ભાગ લઈ મેડલ જીતવાનું શમણું સાકાર કરવું ! મન મુંઝાતું રહ્યું. ટીમમાંથી ખસી જવું કે પ્રેમાળ પતિ તરીકેની ફરજ નિભાવવી ?

બિલ જેટલો પ્રેમાળ પતિ હતો, તેવી જ પ્રેમાળ તેની પત્ની હતી. બિલની પ્રગતિ રુંધાય તે તેણીને જરાપણ પસંદ ન હતું. તેથી પત્નીએ બિલને રમતોત્સવમાં જવા માટે જોરદાર આગ્રહ કર્યો. આખરે ઑલિમ્પિક રમતોત્સવમાં ભાગ લેવાનું મળે તે જ કોઈને પણ મહાત્ત્વકાંક્ષાની પરાકાષ્ટા જ ને !

બિલે ઘણી મૂંઝવણ અનુભવી, મનોમંથન થતું જ રહ્યું. આંતરખોજને અંતે નિર્ણય કર્યો કે રમતની ટીમમાંથી ખસી જઈ પ્રસુતા પત્ની પાસે જ હાજર રહી તેને માનસિક રાહત આપવી. એક ભાવક પતિની જીત થઈ. રમતવીર બિલ જાણે ગૌણ બની ગયો. પેરિસ જઈ મહત્ત્વાકાંક્ષા સંતોષવી, સ્વપ્નું સાકાર કરવું. ઇતિહાસમાં નામ રોશન કરવું. તેનાથી વિશેષ પત્નીને આવા સમયે સાથ આપવો તેને વધુ યોગ્ય લાગ્યું. સહિયારી જવાબદારી નિભાવવાનું તેને મન વધુ મહત્ત્વનું હતું. અને ધાર્યું હતું તેવું જ થયું. યુનાઈટેડ સ્ટેટસની ટીમે પેરિસમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો. આ તરફ બિલની પત્નીની પ્રસુતિ પણ લંબાઈ. એટલી હદ સુધી કે કદાચ બિલ પેરિસ ગયો હોત તો સ્પર્ધામાં ભાગ લઈ મેડલ જીતીને સુવાવડ સમયે પાછો આવી પણ ગયો હોત. અને પત્ની પાસે રહી શક્યો હોત ! પણ બિલના ભાગ્યમાં જાણે મેડલ ન હતો. પરંતુ બિલને તેનો લગીરેય અફસોસ ન હતો. પોતે કરેલો નિર્ણય યોગ્ય જ હતો તેવું બિલે જીવનની અંતિમ ક્ષણ સુધી માન્ય હતું. 'સ્વીકારેલો પથ ન ત્યજવો, સંતની એ સુનીતિ.'

લોકોએ બિલને મૂર્ખ ગણ્યો. 'શરમ શરમ'ના પોકારોથી બિલના કાન બહેરા થઈ ગયા. પણ બિલ ! પોતાના નિર્ધાર પર મક્કમ હતો. કોઈની નિંદા કે પ્રશંસાથી જાણે કે તે પર થઈ ગયો હતો. એટલે લોકોના અભિપ્રાયને કારણે તે ક્યારેય ન દુ:ખી થયો, ન ક્યારેય અફસોસ કર્યો.

કારણ ! કારણ પોતાને માટે કઈ વાત અગત્યની છે ! જીવનમાં શું મહત્ત્વનું છે ! કોને અગ્રતા આપવી અને કોને અગ્રતા ન આપવી એ બિલ બરોબર સમજતો હતો. પરિપક્વ બુદ્ધિનું આ જ તો લક્ષણ છે. બિલને પોતાને જ યોગ્ય લાગ્યું, ઉત્તમ લાગ્યું તે તેણે કર્યું. બિલ સમજતો હતો કે આવા નિર્ણયમાં જ શાશ્વત શાંતિ છે. સ્વસ્થપણે વિચારીને લીધેલા નિર્ણય પછી કોઈ નિરાશાને કે કોઈ અફસોસને સ્થાન નથી. અલબત્ત આ રીતે વિચારવા અને પોતાના નિર્ણયને વળગી રહેવા માટે અનેરી શક્તિ જોઈએ. ચારિત્ર્યશુદ્ધિ જોઇએ. બિલ પાસે વિવેકબુદ્ધિ હતી, દઢતા હતી અને મનની સ્વસ્થતા હતી.

પ્રસંગનો રસપ્રદ વળાંક હવે જ આવે છે. બિલ હેવન્સ અને તેની પત્નીએ પોતાના વહાલા પુત્રનું નામ ફ્રેન્ક રાખેલું. સમયનો વહેણ સરતાં રહ્યાં બરાબર અઠ્ઠાવીસ વર્ષ પછી ૧૯૫૨માં બિલને એક તાર મળ્યો. તાર હતો પુત્ર ફ્રેન્કનો. એ તાર હેલસિન્કી, ફિનલેન્ડથી આવેલો, જ્યાં ૧૯૫૨ના વર્ષની ઓલિમ્પિક સ્પર્ધા યોજાયેલી.

બિલે તારના અક્ષરો ઉકેલ્યા. 'ડેડ ! હું જીત્યો છું. મારા જન્મની રાહ જોવામાં તમે જે ગોલ્ડ મેડલ જીતવાનું જતું કર્યું હતું તે ગોલ્ડ મેડલ સાથે હું જલદીથી ઘેર પહોંચું છું.'

જે ગોલ્ડ મેડલ જીતવાનું બિલે સ્વપ્નું સેવ્યું હતું, પણ સંજોગવસાત્ તે જીતી શક્યો ન હતો તે ગોલ્ડ મેડલ યુએસએ વતી નૌકાસ્પર્ધામાં ભાગ લઈ ફ્રેન્ક હેવન્સ, પોતાનો વહાલસોયો પુત્ર જીતી લાવ્યો હતો.

ઘણાં વખતથી અભિલાષા સેવેલી વસ્તુ કઈ રીતે દૈવયોગે પ્રાપ્ત થઈ જાય, ત્યારે તે વસ્તુ મેળવવા માટે પૂર્વે અનેકવાર વેઠેલાં દુ:ખો પણ પછી સુખ બની જાય છે.

સુભાષિતરત્નભાંડાગારમાં શ્લોક છે...

કૃતનિશ્ચયિનો વન્ઘાસ્તુડિંગમાં નોપયુજ્યતે ।
ચાતક : કો વરકોડયં યસ્યેન્દ્રો વારિવાહક : ।।

જેમનો કરેલો નિશ્ચય ફરતો નથી એવા દૃઢ નિશ્ચયવાળા માણસો વંદ્ય છે. માન આપવા લાયક છે. જેમની ઊંચાઈ અથવા ઉચ્ચતા કોઈ કામમાં આવતી નથી એવા અનિશ્ચિત મનવાળા મોટા માણસો નહિ. બિચારું ચાતક પક્ષી કેટલું તુચ્છ છે ! પણ તે (વરસાદનું જ પાણી પીવા માટે) કૃતનિશ્ચયી છે. તેથી ઈન્દ્ર (અથવા મેઘ) પોતે જ તેને માટે પાણી લઈ આવે છે.

થોમસ કિનકેડે સાચું જ કહ્યું છે : 'જે અગત્યનું છે, જે મહત્ત્વનું છે, જે અગ્રક્રમે શોભે તેવું છે, તેને જ જીવનમાં વળગી રહો. અને પછી ગાઢ જંગલ ભેદીને સૂર્યના સોનેરી કિરણો ભૂમિ પર પ્રકાશ રેલાવે તેમ જીવનમાં પ્રગાઢ શાંતિ અંતરતમ સુધી રેલાતી અનુભવશો.'

✶ ✶ ✶



Digitalised By ITDESK SOLUTIONS LLP

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ
# ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન–મુંબઈ

૧૦૭, પંચવટી, પહેલે માળે, એસ. વી. રોડ, આનંદવન આશ્રમની બાજુમાં, બજાજ રોડના કોર્નર પાસે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૭

## પારિતોષિક અને મેડલની વિગતો તથા નિયમો

(૧) આ પારિતોષિકો **બૃહદ્ ફક્ત મુંબઈમાં રહેતા ઝાલાવાડી સભા મુંબઈના** સભ્યોના સંતાનો માટે છે. તેઓનું મૂળ વતન ઝાલાવાડ (સુરેન્દ્રનગર જિલ્લો) હોવું જરૂરી છે. પારિતોષિક માટે ભાગ લેનાર, પરીક્ષાના પરિણામ પહેલાંની ૩૧ માર્ચ સુધીમાં સભાના સભ્ય હોવા જરૂરી છે. **(સભ્યપદનું લવાજમ ભર્યું હોવું જરૂરી છે) તથા અરજી ફોર્મ સાથે લવાજમ ભર્યાની રસીદની ઝેરોક્ષ કોપી મોકલવી જરૂરી છે.**

(૨) ફૉર્મ ભર્યું નહિ હોય તે વિદ્યાર્થી/વિદ્યાર્થિની પારિતોષિકને પાત્ર ગણાશે નહીં.

(૩) **પરીક્ષાના પરિણામ પછી ૩૦ દિવસની અંદર માર્ક્સ સ્ટેટમેન્ટ સર્ટિફાઈડ (True) કોપી વગેરે ફૉર્મ સાથે મોકલવું જરૂરી છે.**

**(૪) અરજી ફૉર્મ સાથે અગાઉના વર્ષની પરીક્ષાનું પરિણામ (Mark sheet) ની ઝેરોક્ષ કોપી પણ મોકલવી જરૂરી છે.**

(૫) જેનાં પરિણામો અને માર્કશીટ (ચાલુ વર્ષના) ૧લી જૂનથી ૩૦ સપ્ટેમ્બર સુધીમાં આવે તેઓના ફૉર્મ ચાલુ વર્ષના પારિતોષિક સમારંભમાં સમાવી લેવામાં આવશે. ૧લી ઑક્ટોબરથી ૩૧મી મે સુધીના જેના પરિણામો તથા માર્ક્સશીટ આવશે તેઓ પછીના વર્ષના પારિતોષિક માટે ફૉર્મ ભરવા માટે યોગ્ય ગણાશે. માટે તેમણે આગામી જૂનમાં ફોર્મ ભરવાના રહેશે.

(૬) આ પારિતોષિકો માત્ર પ્રથમ પ્રયત્ને-પરીક્ષા પાસ કરનારને જ અપાશે.

(૭) આ પારિતોષિકો માત્ર S.S.C., H.S.C. **(ફક્ત) ડિગ્રી** B.Com., B.Sc., B.A., B.E. તથા Final Year Dip. Course-Double Graduate વિગેરે માટે છે.

(૮) પરીક્ષામાં પ્રથમ આવનાર એટલે સભાના સંતાનોમાં પ્રથમ આવનારને પારિતોષિક આપવામાં આવશે. (સંસ્થાના કાર્યાલયને મળેલ અરજીઓમાં સૌથી વધારે માર્ક્સ-ટકા મેળવેલ, વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને મળશે.)

(૯) પારિતોષિક મેળવવાની યોગ્યતા અંગે પારિતોષિક શૈક્ષણિક સમિતિનો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૦) ડિગ્રી માટે B.A., B.Sc. અને B.Com. ના પારિતોષિકો છે તથા અરજી ફૉર્મમાં મુંબઈ યુનિવર્સિટી/એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી ખાસ લખવું.

(૧૧) જે મેડલ કે પારિતોષિક માટે ફૉર્મ ભરતા હોય ત્યાં (✓) ની નિશાની કરવી. ફૉર્મમાં સ્પષ્ટપણે તેનો નંબર શબ્દમાં લખવો.

(૧૨) કુટુંબમાં એક સાથે રહેતા (એક રસોડે) મેમ્બરને સભ્ય ગણવામાં આવે છે. અલગ રહેતા કુટુંબના સભ્યે મેમ્બર હોવું જરૂરી છે.

(૧૩) ટ્રોફી અને ઈનામ મેળવવા પાત્ર થનારને (ફોર્મ ભરનાર વિદ્યાર્થી કે વિદ્યાર્થિની પૈકીને) પત્ર દ્વારા જાણ કરાશે.

**(૧૪) સર્ટિફાઈડ (True) કોપી એટલે S.E.O. ની સહીવાળી અથવા સ્કૂલ-કૉલેજના પ્રિન્સિપાલની સહી કરેલી તથા રબર સ્ટેમ્પ સાથેની ઝેરોક્ષ કોપી.**

(૧૫) આ પારિતોષિકો શુભેચ્છકોની ઇચ્છા પ્રમાણે જ આપ્યા છે. છતાં પણ કોઇના ઇનામોની ફેકલ્ટી બદલવી પડે તો બદલી શકવાના સર્વ હક્ક શિક્ષણ સમિતિને રહેશે.

(૧૬) સેમિસ્ટર સિસ્ટમવાળા વિદ્યાર્થીઓએ બન્ને સેમિસ્ટરનું રિઝલ્ટ ભેગું ગણી ટકા ગણવા.

(૧૭) એમ.બી.બી.એસ.ના વિદ્યાર્થીઓને છેલ્લા બે સેમિસ્ટરના માર્ક્સ ઉપર મેરિટ સ્કોલરશિપ આપવામાં આવશે.

(૧૮) જેઓએ ગ્રેજ્યુએટ અથવા પોસ્ટ ગ્રેજ્યુટ કોર્સ પૂરો કર્યો હશે અને આગળ અભ્યાસ કરવાના ન પણ હોય તેઓને પણ નિયમ મુજબ યોગ્ય હશે તો આપવામાં આવશે.

(૧૯) અરજી ફોર્મ સભાના કાર્યાલયમાં મોકલવાનું રહેશે.

(૨૦) ન સ્વીકારેલા ફોર્મ અંગે કોઈપણ જાતના કારણો દર્શાવવાની જરૂર રહેશે નહીં, તેમજ તે અંગે કોઈ પત્ર વ્યવહાર પણ કરવામાં આવશે નહીં.

⇨



Digitalised By ITDESK SOLUTIONS LLP

# ZALAWADI SABHA CHARITABLE FOUNDATION

10 7, Panchavati, 1st Floor, S.V.Road, Near Anandvan Ashram, Bajaj Road Corner, Kandivali (West, ) Mumbai-400 067.

## SHRI C. U. SHAH EDUCATIONAL MEDAL & SCHOLARSHIP SCHEME

**PARITOSHIK / MEDAL** ☐ **MERIT** ☐ **DHARMIK SHRENI** ☐

**KANYA UTKARSH YOJNA** ☐ **KUMAR UTKARSH YOJANA** ☐

**YUVA UTKARSH YOJNA** ☐ **KISHOR UTKARSH YOJANA** ☐

**STUDENT : MALE** ☐ **FEMALE** ☐

Student's Two Photographs

One Photograph Loose

(01) Student Full Name (With Surname) .................................................................................... Age................

(02) Father's Full Name (With Grandfather Name) ..............................................................................................

(03) Mother's Name..................................................................................................................................................

(04) Native Place ..................................

(05) Present Residence Address ................................................................................................................

.........................................................................................................................................................................

Phone : (R) ..............................................(O) ..............................................(Mobile).........................

(06) Relationship with Member of Applicant ......................................

(07) Exam for which you have applied for Scholorship ......................................................................

Total Marks ..................................... Obtained Marks ................................ Percentage ..................

P.C.M. Total Marks ........................... Obtaines Marks .......................... Percentage ..........................

P.C.B. Total Marks .......................... Obtaines Marks .......................... Percentage ..........................

Result Date ..........................................................................................

Name of Board or University ......................................................

Name of College / School ............................................................................................................

Details of Faculty (Arts / Science / Commerce / Enginnering)...............................................................

Number of Attempt for Passing Examination ..........................................................................................

(08) Previous Exam Passed ..........................................................................................................................

Total Marks ..................................... Obtained Marks ................................ Percentage ..................

Above Information are True and Decision of the Education Committee Shall be binding on me

Mumbai, ,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,,

Date .............................. Signature of Student

### Confirmation By Father or Guardian

My Son / Daughter ...............................................................................................................................
has submitted above details which true and Correct. I confirm that

Date .......................... ..................................................................................

Full Signature

**Please attach two Passport Size Photos.Name Should be written on the back of the Phototgraph**



www.zalawadi.com

Digitalised By ITDESK SOLUTIONS LLP

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા, મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન-મુંબઈ
## પારિતોષિકો અને મેડલ યોજના

### S.S.C. (For Boys)

(૧) એસ.એસ.સી. (ધોરણ ૧૦)માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૨) એસએસ.સી. (ધોરણ ૧૦)માં બીજા નંબરે આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦.**

### S.S.C. (For Girls)

(૩) એસ.એસ.સી. (ધોરણ ૧૦)માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ..**

(૪) એસ.એસ.સી. (ધોરણ ૧૦)માં બીજા નંબરે આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક **રૂા. ૫૦૦.**

### C.B.S.E (For Boys)

(૫) સી.બી.એસ.ઈ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ. દ્વિતીયને રૂા. ૫૦૦.**

### C.B.S.E (For Girls)

(૬) સી.બી.એસ.ઈ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક **રૂા. ૫૦૦/-** તથા **મેડલ. દ્વિતીયને રૂા. ૫૦૦.**

### I.C.S.E (For Boys)

(૭) આઈ.સી.એસ.ઈ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ. દ્વિતીયને રૂા. ૫૦૦.**

### I.C.S.E (For Girls)

(૮) આઈ.સી.એસ.ઈ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક રૂા. ૫૦૦ તથા મેડલ

(૯) આઈ.સી.એસ.ઈ.માં દ્વિતીય આવનાર વિદ્યાર્થીનીને પારિતોષિક **રૂા. ૫૦૦.**

### NTSE

(૧૦) મેરિટ લિસ્ટ, NTSE (નેશનલ સ્કોલર) અથવા કોઈપણ ક્ષેત્રે અસાધારણ સિદ્ધિ માટે પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### H.S.C. (Science) PCM

(૧૧) એચ.એસ.સી. (ધોરણ ૧૨) સાયન્સ (P.C.M.) માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૧૨) એચ.એસ.સી.(ધોરણ ૧૨) સાયન્સ (P.C.M.) માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને **મેડલ** તથા પારિતોષિક **રૂા. ૫૦૦.**

### H.S.C. (Science) PCB

(૧૩) એચ.એસ.સી. (ધોરણ ૧૨) સાયન્સ (P.C.B.) માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને **મેડલ** તથા પારિતોષિક **રૂા. ૫૦૦.**

### H.S.C. (Science) PCB

(૧૪) એચ.એસ.સી. (ધોરણ ૧૨) સાયન્સ (P.C.B.) માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને **મેડલ** તથા પારિતોષિક **રૂા. ૫૦૦.**

### H.S.C. (Commerce)

(૧૫) એચ.એસ.સી. (ધોરણ ૧૨) કૉમર્સમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૧૬) એચ.એસ.સી. (ધોરણ ૧૨) કૉમર્સમાં દ્વિતીય આવનારને પારિતોષિક**રૂા. ૨૫૦.**

### H.S.C. (Arts)

(૧૭) એચ.એસ.સી. (ધોરણ ૧૨) આટ્ર્સમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

### B. Sc.

(૧૮) બી.એસસી.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૧૯) બી.એસસી.માં દ્વિતીય આવનારને પારિતોષિક **રૂા. ૨૫૦.**

### B. Com.

(૨૦) બી.કોમ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૨૧) બી.કોમ.માં દ્વિતીય આવનારને પારિતોષિક **રૂા. ૨૫૦.**

### B.A.

(૨૨) બી.એ. (મુંબઈ યુનિવર્સિટી અથવા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૨૩) બી.એ. (મુંબઈ યુનિવર્સિટી અથવા એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી)માં દ્વિતીય આવનારને પારિતોષિક **રૂા. ૨૫૦.**

### Home Science

(૨૪) હોમ સાયન્સ (એસ.એન.ડી.ટી.યુનિવર્સિટી)માં પ્રથમ ક્રમ માટે પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

(૨૫) હોમ સાયન્સ (એસ.એન.ડી.ટી.યુનિવર્સિટી)માં બીજા ક્રમ માટે પારિતોષિક **રૂા. ૨૫૦.**

### B.Sc. / I.T.

(૨૬) બી.એસસી., આઈ.ટી.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

### B.M.S.

(૨૭) B.M.S. માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

⇨



www.zalawadi.com

### B.A.M.S./L.I.H/D.M.L.T.,O.T.P.T.

(૨૮) અનુક્રમે બી.એ.એમ.એસ. (આયુર્વેદિક), એલ.આઈ.એચ. (લેબોરેટરી), ઓ.ટી.પી.ટી., ડી.એમ.એલ.ટી.માં પ્રથમ આવનાર વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૨૯) અનુક્રમે બી.એ.એમ.એસ. (આયુર્વેદિક), એલ.આઈ.એચ. (લેબોરેટરી), ઓ.ટી.પી.ટી., ડી.એમ.એલ.ટી.માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

### B.D.S.

(૩૦) બી.ડી.એસ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### M.B.B.S.

(૩૧) મેડિકલ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

### C.A.

(૩૨) સી.એ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

### I.C.W.A. (Cost Accounting)

(૩૩) કોસ્ટ એકાઉન્ટીંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### C.S.

(૩૪) સી.એસ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### I.I.T.

(૩૫) આઈ.આઈ.ટી.માં કોઈપણ શાખા અથવા વિષયમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### (Diploma) Engineering

(૩૬) એન્જિનિયરિંગ ડિપ્લોમા (ત્રણ કે ચાર વર્ષવાળા કોર્સ)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૩૭) ડિપ્લોમા મિકેનિકલ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

### (Degree) Engineering

(૩૮) કોમ્પ્યુટર એન્જિનિયરીંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

(૩૯) ઇલેક્ટ્રોનિક્સ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૪૦) ઇલેક્ટ્રિકલ્સ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને વિદ્યાર્થીને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

(૪૧) મિકેનિકલ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૪૨) કેમિકલ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

(૪૩) સિવિલ એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

(૪૪) ઈન્સ્ટ્રુમેન્ટેશન એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

(૪૫) પ્રોડક્શન એન્જિનિયરીંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

(૪૬) એન્જિનિયરિંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

### LL.B.

(૪૭) એલએલ.બી.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

### LL.M./ Solicitor

(૪૮) LL.M. અથવા Solicitor માં પ્રથમ આવનારને **પારિતોષિક તથા મેડલ.**

### ( Post Graduate)

(૪૯) (પોસ્ટ ગ્રેજ્યુએટ (મુંબઈ યુનિવર્સિટી)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦.**) અથવા S.S.C. (ધોરણ ૧૦)માં પ્રથમ પાંચ વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૨૫૦/-

(૫૦) પોસ્ટ ગ્રેજ્યુએટ (મુંબઈ યુનિવર્સિટી)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

### M.Sc.

(૫૧) એમ.એસસી. પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

### M.Com

(૫૨) એમ.કોમ.(મુંબઈ યુનિવર્સિટી)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

### M.A.

(૫૩) એમ.એ.માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

### MBA

(૫૪) M.B.A.માં પ્રથમ આવનારને **મેડલ તથા પારિતોષિક રૂા. ૫૦૦.**

(૫૫) M.B.A.માં અથવા સોફ્ટવેર એન્જિનિયરીંગમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

### M.M.S.

(૫૬) એમ.એમ.એસ.માં પ્રથમ આવનારને પારિતોષિક રૂા. ૫૦૦ અને મેડલ.

### M.B.A., M.M.S. (Finance)

(૫૭) એમ.બી.એ.,એમ.એમ.એસ.(ફાઈનાન્સ)માં પ્રથમ આવનાર વિદ્યાર્થિનીને પારિતોષિક રૂા. ૫૦૦ અને મેડલ.

### Journalism

(૫૮) જર્નાલિઝમમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦** અને **મેડલ.**

⇨



www.zalawadi.com

Digitalised By ITDESK SOLUTIONS LLP

## M.S. / M.D.

(૫૯) M.S., M.D.ને પારિતોષિક **રૂા. ૫૦૦** તથા **મેડલ.**

## M.Tech. / M.E.

(૬૦) એમ.ટેક., એમ.ઈ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## Ph.D. / M.Phil. / M.Ed.

(૬૧) અનુક્રમે પીએચ.ડી., એમ.ફીલ., એમ.એડ.માં પ્રથમ આવનારને **પારિતોષિક રૂા. ૫૦૦** તથા **મેડલ.**

## ડિપ્લોમા / સ્પેશ્યલાઈઝ્ડ કૉર્સ

(૬૨) કોઈપણ ફેકલ્ટીમાં ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થયા પછી કોઈપણ ડિપ્લોમા અથવા સ્પેશ્યલાઈઝ્ડ કૉર્સ કર્યો હોય તો તેને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## Jainology

(૬૩) જૈનોલોજી અભ્યાસક્રમમાં યુનિવર્સિટી લેવલે પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ તથા મેડલ.**

## ટેલેન્ટ

(૬૪) ટેલેન્ટ પારિતોષિક **રૂા. ૫૦૦.**

(૬૫) ટેલેન્ટ પારિતોષિક **રૂા. ૨૫૦.**

## વક્તૃત્વ

(૬૬) વક્તૃત્વ સ્પર્ધા પારિતોષિક **રૂા. ૨૫૦.**

## નિબંધ

(૬૭) નિબંધ પારિતોષિક **રૂા. ૨૫૦.** શૈક્ષણિક સમિતિને યોગ્ય લાગે તે મુજબ.

## M. S. (Org. Chemical)

(૬૮) એમ. એસ. (ઓર્ગેનિક કેમિકલ)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## M. S. (Electrical)

(૬૯) એમ. એસ. (ઈલેક્ટ્રિકલ)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## M. D. (Medicine)

(૭૦) એમ. ડી. (મેડીસીન)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## B.Com. (Accounting & Finance)

(૭૧) બી.કોમ. (અકાઉન્ટિંગ એન્ડ ફાઈનાન્સ)માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## B. P. TH.

(૭૨) બેચલર ઓફ ફિઝિયોથેરાપીમાં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## C.A. / C.S.

(૭૩) સી.એ./સી.એસ.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## Computer Science I.T.

(૭૪) કૉમપ્યુટર સાયન્સ, આઈ.ટી.માં પ્રથમ આવનારને પારિતોષિક **રૂા. ૫૦૦ અને મેડલ.**

## M.C.A./M.B.A./C.S.

